
# યુગ શક્તિ ગાયત્રી

નવેમ્બર ૨૦૦૦ માં વંચાનારી

પ્રકાશન તારીખ ૨૫-૧૦-૨૦૦૦





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | સંયમનું સંગીત | ૧ | ૯. | જાગો નવયુગની વિભૂતિઓ | ૨૭ |
| ૨. | તત્ર તં બુધ્ધિ સંયોગં લભતે દ્રૌર્વદૈહિકમ | ૨ | ૧૦. | વૈદિક સાહિત્યમાં માનવ ધર્મનું દર્શન | ૩૦ |
| ૩ | સન્યાસ એટલો સહેલો નથી | ૬ | ૧૧ | વસતિ વધારાને રોકવો અતિ જરૂરી | ૩૨ |
| ૪ | પૂર્વગ્રહોથી મુક્ત થાવ, આત્મહીનતામાંથી બહાર નીકળો | ૮ | ૧૨ | મનુષ્ય પોતાના ભાગ્યનો નિર્માતા પોતે જ | ૩૬ |
| ૫ | પુરુષાર્થી જ વિજયી થાય છે | ૧૧ | ૧૩ | નારી જાગરણ થવાના છે આ યુગનો એક ચમત્કાર | ૩૮ |
| ૬. | કર્મ કર્યા વગર કોઈ કેવી રીતે રહી શકે | ૧૩ | ૧૪ | સંતાન કેટલાં અને શા માટે પેદા કરવા ? | ૪૨ |
| ૭. | પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી જીવંત વિભૂતિઓ પાસે ભાવભરી અપેક્ષાઓ | ૧૭ | ૧૫ | લોક શિક્ષણ કા સફળ માધ્યમ | ૪૪ |
| | | | ૧૬. | આત્મીય અનુરોધ | ૪૬ |
| ૮ | સ્વાસ્થયની દૃષ્ટિએ ગાયનું મહત્ત્વ (કાઉ થેરાપી) | ૨૪ | ૧૭. | યુગ નિર્માણ સમાચાર | |


**"યુગ શક્તિ ગાયત્રી" પત્રિકાના પાઠકો, પ્રચારકોને**
**નૂતન વર્ષની હાર્દિક શુભ કામનાઓ.**

- *ગાયત્રી તપોભૂમિ મથુરાના ટેલીફોન નંબર ૪૦૪૦૧૫, ૪૦૪૦૦૦ બદલાઈ ગયેલ છે. તેની જગ્યાએ નવા નંબરો નીચે પ્રમાણે રહેશે.*

  ***ટેલીફોનના નવા નંબર ૭૩૦૧૨૮, ૭૩૦૨૦૦ છે.***

  *જરૂરી કાર્ય માટે જ ટેલીફોનનો ઉપયોગ કરવા વિનંતી, બને ત્યાં સુધી પત્રાચારથી કાર્યાલયનો સંપર્ક કરશો.*

- *વર્તમાનમાં કાગળ, સ્યાહીની કિંમતમાં નિયમિત વૃધ્ધિ થઈ રહેલ છે. દિવસે દિવસે મોંઘવારી વધતી જવાથી છપાઈ કામની સ્ટેશનરી, મજૂરી પણ વધી ગયેલ છે ઉપરાંત ટપાલ ખર્ચ પણ વધી રહેલ છે જેથી "યુગ શક્તિ ગાયત્રી" પત્રિકાનાં લવાજમમા ન છૂટકે વધારો કરવામા આવી રહેલ છે.*

  *નવું લવાજમ વાર્ષિક રૂા. ૫૫ ૦૦ (પંચાવન રૂપિયા)*
  *આજીવન લવાજમ રૂા. ૭૦૦ ૦૦ (સાત સો રૂપિયા)*
  *વિદેશ માટે BY AIR MAIL વાર્ષિક પાઉન્ડ-૧૦, ડાલર ૧૫*
  *ભારતીય મુદ્રામાં રૂા. ૬૦૦-૦૦ (છ સો રૂપિયા)*
  *વિદેશ માટે BY AIR MAIL આજીવન લવાજમ પાઉન્ડ ૧૦૦, ડોલર ૧૫૦*
  *ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦ (સાત હજાર રૂપિયા)*
  *નવા વર્ષના ગ્રાહકોનું લવાજમ આ નવા દરે જ મોકલવા વિનંતી હવે પછી જે કોઈ લવાજમ મળશે તેમને જાન્યુઆરી ૨૦૦૧થી પત્રિકા મોકલવાની શરૂઆત થશે.*




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ
: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા - ૨૮૧ 003

: ટેલિફોન :
(૦૫૬૫) ૭૩૦૨૦૦, ૭૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર
૬૦૦ રૂપિયા
આજીવન :
૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
૬૦૦૦ રૂપિયા
વર્ષ : ૩૧ અંક : ૧૧
પ્રકાશન તિથિ : ૨૫-૧૦-૨૦૦૦
નવેમ્બર - ૨૦૦૦

## સંયમનું સંગીત

જીવનનું સત્ય સંયમના સંગીતમાંથી પ્રગટ થાય છે. જેઓ કોઈ પણ દિશામાં અતિ કરે છે તેઓ માર્ગમાંથી ભટકી જાય છે. ભટકેલું માનવમન અતિઓમાં રાચે છે અને ચાલે છે. એક અતિ પરથી બીજી અતિ પર તેને લઈ જવું ખૂબ સરળ છે. એનો સ્વભાવ જ કંઈક એવો છે. જેઓ શરીર પ્રત્યે ખૂબ આસક્ત છે એ જ વ્યક્તિ પ્રતિક્રિયામાં શરીર પ્રત્યે ઘણા ક્રૂર અને કઠોર પણ હોઈ શકે છે. આ કઠોરતા અને ક્રૂરતામાં પણ એ જ આસક્તિ છુપાયેલી હોય છે. જેમ એ પહેલાં શરીર સાથે બંધાયેલું હતું તેવું જ અત્યારે પણ - હા, પરંતુ વિપરીત દશામાં શરીર સાથે જ બંધાયેલું હોય છે. એનું મન પહેલાં પણ શરીરના ચિંતનમાં લાગેલું હતું અને હવે બદલાઈ ગયેલી વિપરીત દશામાં પણ તેનું ચિંતન શરીર પર જ કેન્દ્રિત થાય છે. આ રીતે વિપરીત અતિ પર જઈ મન દગો આપે છે. આ દગાબાજીમાં એ પોતાની મૂળ વૃત્તિને બચાવી લે છે. સદા અતિઓમાં જ ચાલતા રહેવાની આ માનસિક વૃત્તિનું કારણ આ જ છે. વિપરીત અતિઓમાં ચાલવાની મનની પ્રવૃત્તિ જ અસંયમ છે.

જ્યારે સંયમ બે વિપરીત અતિઓ વચ્ચે મધ્યબિંદુની ખોજ છે. આ મધ્યબિંદુ પર સ્થિર થવાની કળાનું નામ 'સંયમ' છે. શરીર પ્રત્યે રાગ અને વિરાગનું મધ્ય શોધવા અને એમાં સ્થિર થવાથી વીતરાગીપણાનો સંયમ ઉપલબ્ધ થાય છે. સંસાર પ્રત્યે આસક્તિ અને વિરક્તિનો મધ્ય શોધવા અને એમાં સ્થિર થવાથી સંન્યાસનો સંયમ ઉપલબ્ધ થાય છે અને આ રીતે જે સમસ્ત અતિઓના સંયમને સાધે છે તે અતિઓથી પર થઈ જાય છે અને તેના જીવનમાં સંયમનું સુરીલું સંગીત ગુંજવા લાગે છે.

સંયમના આ સુરીલા સંગીતમાં જીવનનો સમસ્ત કોલાહલ વિલીન થઈ જાય છે. આ કોલાહલને જન્મ આપતી ઈર્ષ્યા, દ્વેષ અને પ્રપંચની બધી વૃત્તિઓ અને આ સૌનો જન્મદાતા મન પણ સંયમના આ સરસ સંગીતમાં પોતાનું અસ્તિત્વ ખોઈ બેસે છે. પછી તો કેવળ એનું જ ગુંજન થાય છે જે સદાથી જ સ્વયંની અંદર નિનાદિત થઈ રહ્યું છે. સંયમના સંગીતનું આ સુરીલાપણું જ નિર્વાણ છે, મોક્ષ છે, પરબ્રહ્મ છે. આ જ જીવનનું સત્ય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# તત્ર તં બુધ્ધિ સંયોગં લભતે દ્રૌર્વદેહિકમ

માતા વિંધ્યવાસિનીના મંદિર પાસે જ વિંધ્યાચલની પર્વતમાળાઓમાં તેમની ગુફા હતી. આ ગુફામાં જ તેઓ તેમના બે શિષ્યો સાથે રહેતા હતા. અખંડ ગાયત્રીસાધના જ એમનું જીવન હતું. નિરંતર ગાયત્રી મહામંત્રનો જપ અને સૂર્યનું ધ્યાન કરવાથી એમનું વ્યક્તિત્વ પણ સવિતા જેવું પ્રખર અને તેજસ્વી બની ગયું હતું. એમનું વ્યક્તિત્વ અલૌકિક વિભૂતિઓનો ભંડાર હતું. બધી રિદ્ધિ-સિદ્ધિઓ એમનાં ચરણોની દાસી હતી. એમની ખ્યાતિ દૂરદૂરનાં ક્ષેત્રો સુધી વ્યાપેલી હતી. મોટેભાગે મૌન રહેવાને કારણે લોકો એમને મૌની બાબા કહીને સંબોધતા હતા. હવે તો એ જ એમનું નામ બની ગયું હતું.

દૂર દૂરના લોકો જાતજાતની મનોકામનાઓ લઈને એમની પાસે આવતા હતા અને એમના આશીર્વાદ લઈને સંતોષપૂર્વક જતા હતા. બાબા પાસે આવનારાઓની કામના અવશ્ય પૂરી થતી હતી. આજ સુધી એમની પાસે આવીને કોઈ નિરાશ પાછું ગયું ન હતું. એ જ કારણે સામાન્ય લોકોને બાબા પ્રત્યે અગાધ શ્રદ્ધા હતી.

જોકે બાબા પણ હતા દેવતુલ્ય. અત્યંત સૌમ્ય, શાંત છતાં તેજસ્વી મુખમંડળ, સુદર્શન, સ્વસ્થ, સુડોળ અને આકર્ષક દેહયષ્ટિ. એમના લલાટે સૂર્ય જેવી કાંતિ હતી. એમણે લગભગ ૪૦ વર્ષોથી મૌન વ્રત લીધું હતું. તેઓ ન કોઈને મળતા કે ન કશું બોલતા. કોઈ વસ્તુની જરૂર પડે ત્યારે આંગળી વડે જમીન પર લખી દેતા હતા અથવા તો સંકેત કરી દેતા હતા. એમને જોકે જરૂર પણ વધુ વસ્તુઓની ક્યાં હતી, બસ એકાદ-બે અંગૂછા અને લંગોટથી એમનું કામ ચાલી જતું હતું. ખાવામાં લીમડો, બીલી અને તુલસીના પાન એક સાથે લસોટીને લેતા હતા. એમના પ્રત્યેક કાર્યથી એમની તપશ્ચર્યા જ વિકસિત થતી હતી.

બાબા મળે કે ના મળે, બોલે કે ન બોલે , પરંતુ દર્શનાર્થીઓની ભીડ રોજ વધતી જતી હતી. આ ભીડ એટલી વધી ગઈ કે એમની સાધનામાં વિઘ્ન પડવા લાગ્યું. એ પરમયોગીની તપસાધનામાં ભીડને કારણે અવરોધ ઊભો થવા લાગ્યો. તેથી તેઓ નીચેની ગુફા છોડીને પહાડ ઉપરની ગુફામાં જતા રહ્યા. પોતાના બંને શિષ્યોને એમના જૂના સ્થળે જ રહેવા દીધા. હવે દર્શનાર્થીઓની ભીડનો બાબા સુધી પહોંચવા દેવામાં નહોતી આવતી. એમના બંને શિષ્યો જ એમને આશીર્વાદ આપીને પાછા મોકલતા. આ શિષ્યો પણ કોઈ સાધારણ માણસો નહોતા. મૌનીબાબાની કૃપાથી એમને પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ હતી. એમના આ શિષ્યો પણ જે કહી દે તે થઈ જતું હતું. તેથી ભક્તો પર એમનો ઘણો પ્રભાવ હતો.

મૌનીબાબા જે ક્ષેત્રમાં રહેતા હતા ત્યાંના રાજાને કોઈ સંતાન ન હતું. આમ રાજા ઘણો જ દયાળુ, પરાક્રમી અને ધર્મપરાયણ હતો. એમની પ્રજા ઘણી સુખી હતી. બધા લોકો પરસ્પર પ્રેમથી રહેતા હતા. કોઈને ન્યાયાલય જવાની જરૂર પડતી ન હતી. લૂંટ, દગાબાજી, ચોરી, બેઈમાની વગેરેનું નામોનિશાન ન હતું. રાજા પોતે પરિશ્રમ પ્રત્યે નિષ્ઠાવાન હતો. આ કારણે જ પ્રજામાં શ્રમ પ્રત્યેની નિષ્ઠા આપમેળે જ જાગૃત થઈ ગઈ હતી. મોટા માણસોની નકલ બધા કરે છે. સદ્‌ગુણો કે દુર્ગુણો હંમેશાં ઉપરથી નીચે તરફ આવે છે. રાજાના સદાચરણે જનતાને પણ સદાચારી બનાવી દીધી હતી.

રાજાની જેમ મહારાણી પણ ખૂબ જ ધાર્મિક પ્રવૃત્તિનાં હતાં: તેઓ કરુણા અને કોમળતાની સાકાર મૂર્તિ હતા. રાજા અને રાણી બંને સંતાન માટે ખૂબ જ પરેશાન અને વ્યાકુળ રહેતાં હતાં. એમને એમનું બધું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ રાજ્ય, ઐશ્વર્ય, વૈભવવિલાસ નિરર્થક લાગતાં હતાં. રાજા રાણી બંનેએ સંતાનપ્રાપ્તિ માટે ઘણા ઉપાયો કર્યા. જ્યોતિષી અને પંડિતોએ બતાવેલાં અસંખ્ય વ્રત અને ઉપવાસો કર્યાં. ચારધામ સાથે અનેક તીર્થો અને પુણ્ય સ્થળોની યાત્રાઓ કરી. પરંતુ કોઈ ઉપાય ફલિત ન થયો. સંતાનપ્રાપ્તિ માટે વ્યાકુળ રાજા સતત નિસ્તેજ થઈ રહ્યા હતા. મહારાણીનું સૌંદર્ય ઉનાળાના સરોવરની જેમ સતત ક્ષીણ થઈ રહ્યું હતું.

મૌની બાબાના તપના પ્રભાવની કથાઓથી રાજા અપરિચિત ન હતો, હવે એમનામાં ક્યાંય જવા-આવવાનો ઉત્સાહ રહ્યો ન હતો. પરંતુ મહારાણી તો સંતાન માટે કંઈ પણ કરવા તૈયાર હતાં. એમણે રાજા સમક્ષ બાબા પાસે જવાની ઈચ્છા વ્યક્ત કરી. પહેલાં તો રાજાએ અનિચ્છા દર્શાવી, પરંતુ પછી એમણે રાણીનું મન રાખવા માટે ફેંસલો કર્યો કે બાબાને અહીં રાજદરબારમાં જ બોલાવી લેવામાં આવે. રાણીને જેવી આ વાતની ખબર પડી કે એમણે પ્રતિવાદ કરતાં સમજાવ્યું, શ્રદ્ધાથી જ મનવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. યાચકે જ દાતા પાસે જવું જોઈએ.

મહારાણીની વાત માની રાજા સૈન્ય સાથે બાબા પાસે જવા માટે તૈયાર થઈ ગયા. મહારાણીએ ફરી વિરોધ કર્યો કે તપસ્વી પાસે રાજસી વૈભવનું કોઈ કામ નથી. નિષ્કપટ સાદગી જ સહાયક બને છે. તેથી આપણે એકલા અને અત્યંત સામાન્ય વેશભૂષામાં જવું જોઈએ. રાજાએ રાણીની આ વાત પણ માની લીધી.

તેઓ બન્ને બાબાના તપસ્થળે પહોંચ્યા. ત્યાંનું વાતાવરણ ખૂબ જ મનોરમ અને શાંત હતું. પાસે જ એક ઝરણું વહી રહ્યું હતું, જેમાં કલકલનો ધ્વનિ ગુંજી રહ્યો હતો. પક્ષીઓ મધુર સ્વરે ગુંજન કરી રહ્યાં હતાં. આ સ્થળે ફક્ત બાબાના શિષ્યો જ હતા. આગંતુકો દર્શન કરી પોતપોતાના ઘરે ચાલ્યા ગયા હતા. રાજા અને રાણીએ સાષ્ટાંગ દંડવત્ કરી બાબાના શિષ્યોને પ્રણામ કર્યા. બાબાના શિષ્યોએ એમને આશીર્વાદ આપ્યા. જોકે રાજા-રાણી બન્નેએ સામાન્ય વસ્ત્રો પહેરેલાં હતાં, છતાં એમનું તેજ-ઐશ્વર્ય તેઓ ખાનદાન હોવાની પ્રતીતિ કરાવતાં હતાં. આ બન્ને થોડી વાર સુધી નીચે જ બેસી રહ્યાં. તે પછી રાણીએ બાબાના દર્શનની ઈચ્છા વ્યક્ત કરી.

બાબાના શિષ્યોએ એમને ન રોક્યાં. જોકે મૌનીબાબાની ઉપરની ગુફામા બન્ને શિષ્યો સિવાય આજ સુધી બીજા કોઈએ પગ પણ મૂક્યો નહોતો. બન્ને શિષ્યો બાબાના દર્શનાર્થીઓને નીચે જ રોકી લેતા હતા, પરંતુ આજે કોણ જાણે કેમ એમણે આ બન્નેને ઉપર જવા દીધાં.

રાજા-રાણી બન્ને ગુફાની અંદર પ્રવેશ્યાં, ગુફામાં શાંતિ અને તપનું તેજ ફેલાયેલું હતું. મૌનીબાબાના મુખની કાંતિથી ગુફા પ્રકાશિત થઈ રહી હતી. રાજાએ આવો મહાન તપસ્વી આજ સુધી જોયો નહોતો. રાણી તો એકવાર સ્તબ્ધ રહી ગઈ હતી. બન્નેએ બાબાને પ્રણામ કર્યાં. બાબાએ પોતાનો જમણો હાથ ધીમેથી ઉપર ઉઠાવી દીધો. ઘણો સમય ત્યાં રોકાયા બાદ રાજા-રાણી તેમના મહેલમાં પાછાં આવી ગયાં. રાજા માટે તો દરરોજ બાબા પાસે આવવાનું શક્ય નહોતું, પરંતુ એણે રાણીને રોજ એકલા બાબા પાસે જવાની આજ્ઞા આપી દીધી.

રાણી ભૂલ્યા વગર બાબા પાસે જતી. ત્યાં એ ગુફાની આસપાસ સફાઈ કરતી અને કલાકો ચૂપચાપ બેસી રહેતી. એક દિવસ વરસાદની મોસમ હતી. ખૂબ ભારે વરસાદ વરસી રહ્યો હતો. વીજળીના કડકડાટ અને વાદળાંઓની ગર્જના સાથે તીવ્ર વાવાઝોડાના તોફાની પવને વાતાવરણ ખૂબ ભયજનક બનાવી દીધું હતું, પરંતુ રાણીની નિષ્ઠા અડગ હતી. તે પોતાના નિત્યનિયમ મુજબ બાબાની ગુફા પાસે પહોંચી ગઈ, તેનું શરીર બેસુધ થઈ રહ્યું હતું. વસ્ત્રો પૂર્ણપણે ભીનાં થઈ ગયાં હતાં. પહાડ પર ચઢતી વખતે તેના પગમાં ઘણી જગ્યાએ ઘા પડી ગયા હતા, જેમાંથી લોહી વહી રહ્યું હતું. એક વખત તો એ ઊંડી ખીણમાં પડતાં પડતાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બચી ગઈ હતી. પરંતુ જો કોઈ દ્રઢ સંકલ્પ હોય તો કોઈપણ કાર્ય થતું રોકાતું નથી. સાચી સેવા અને નિર્દોષ શ્રદ્ધા ક્યારેય વાંઝણી નથી હોતી.

રાણીની આવી અસ્તવ્યસ્ત અને બેહાલ દશા જોઈને મૌનીબાબાની કરુણા છલકાઈ ગઈ. એમનું મૌન તૂટી ગયું. એમણે ખૂબ કરુણ સ્વરે પૂછયું, બેટા! તને શું જોઈએ? તું આટલાં કષ્ટો સહન કરી મારી પાસે કેમ આવે છે ? આજે આટલા વરસાદ અને તોફાનમાં તું કેવી રીતે આવી ? બોલ બેટા ! તને શું જોઈએ ?

રાણીને પોતાના કાન પર એકાએક વિશ્વાસ ન થયો. શું બાબા બોલી ઊઠ્યા ? એની સેવા સફળ થઈ. એણે ખૂબ જ વિહ્વળ સ્વરે કહ્યું, બાબા હું અભાગી સંતાન-વિહીન છું. આપના દ્વારેથી કોઈ નિરાશ થઈને જતું નથી. મને પુત્રપ્રાપ્તિનું વરદાન આપો, બાબા. પોતાની વાત કહેતાં કહેતાં એ બાબાના ચરણોમાં ઢળી પડી. તેની દશા જોઈને કરુણાભર્યા સ્વરમાં બાબાએ કહ્યું, જા , તારી કૂખે પુત્ર પેદા થશે. બાબાનું વરદાન મેળવી રાણી ધન્ય બનીને ઘેર પાછી ગઈ.

પછી બાબાએ ધ્યાન લગાવીને જોયું ત્યારે ખબર પડી કે રાણીના ભાગ્યમાં તો કોઈ સંતાન જ નથી, પરંતુ હવે શું થઈ શકે? વરદાન તો આપી દીધું છે. એમણે નિર્ણય લીધો કે હવે મારે જ રાણીની કૂખે જવું પડશે. આ નિર્ણયની સાથે તે જ ક્ષણે બાબાએ સમાધિ લગાવીને પ્રાણ ત્યજી દીધા. બીજા દિવસે રાણીએ ત્યાં જઈને જોયું તો બાબાનું શરીર નિષ્પ્રાણ પડ્યું હતું. એમના બન્ને શિષ્યો એમના અંતિમ સંસ્કાર કરવાની તૈયારી કરી રહ્યા હતા. રાણી ખૂબ દુ:ખી થઈ, પરંતુ બાબાએ કહ્યું તે મુજબ એ ગર્ભવતી બની ગઈ હતી. રાજમહેલમાં ખુશી છવાઈ ગઈ. રાજાએ ખુલ્લા હાથે પ્રજાને દાન આપ્યું.

ગર્ભકાળ પૂરો થયા બાદ રાજકુમારનો જન્મ થયો. સુલક્ષણ અને સર્વગુણસંપન્ન હોવા છતાં રાજકુમાર મૂંગો હતો . સમય પસાર થતાં એ બાર વરસનો થયો, પરંતુ બોલતો નહોતો. વૈદ્યો, હકીમો આવ્યા, જ્યોતિષાચાર્યો અને પંડિતો આવ્યા, પરંતુ બધાના પ્રયાસો નિષ્ફળ થયા, કોઈ પણ રાજકુમારને વાચા આપી ન શક્યો. અંતે રાજાએ એ ઘોષણા કરાવી કે જે કોઈ રાજકુમારને બોલતો કરશે તેને અડધું રાજ્ય આપશે.

મોટેભાગે મૂંગો માણસ બહેરો પણ હોય છે, પરંતુ રાજકુમારમાં આ દોષ નહોતો. એની જીભ મૂંગી વ્યકિતની જેમ ન હોતાં મુલાયમ અને પાતળી હતી. એ મેધાવી અને પ્રતિભાશાળી પણ હતો. એણે થોડા સમયમાં જ બધી વિદ્યાઓ શીખી લીધી અને એ બધી કળાઓમાં નિપુણ બની ગયો.

એક દિવસ રાજકુમાર પોતાના સેવકો અને મંત્રીપુત્રો સાથે શિકાર કરવા ગયો. જોકે એ કમને જ ત્યાં ગયો હતો, કેમ કે તેને હિંસાવૃત્તિ જરાય પસંદ નહોતી. એ દિવસે આ શિકારી ટોળકીને દૈવયોગે કોઈ શિકાર ન મળ્યો, પરંતુ સાંજે જ્યારે આ લોકો પાછા વળી રહ્યા હતા તો રસ્તામાં એક ઝાડીમાંથી હરણ બોલી ઊઠ્યું. શિકારી દળના સભ્યો તેના પર તૂટી પડયા. હરણને મારી નાખવામાં આવ્યું. હરણની દુર્દશા જોઈ રાજકુમાર કરુણાભર્યા સ્વરમાં બોલી ઊઠ્યો, હું બોલ્યો તો બોલ્યો, પરંતુ તું શું કામ બોલ્યો? હું બોલ્યો તો મારે બીજો જન્મ લેવો પડ્યો અને તું બોલ્યો તો તારે મૃત્યુના મોઢામાં જવું પડ્યું. હાય રે ભાગ્ય! સમજ્યા - વિચાર્યા વગર બોલવું પણ કેટલું દુ:ખદાયી છે.

રાજકુમાર જ્યારે પોતાની જાત સાથે આ વાતો કહી રહ્યા હતા ત્યારે પાસે ઊભેલા એક મંત્રીપુત્રે એમની આ વાતો સાંભળી લીધી. એણે રાજમહેલ પહોંચીને રાજાને આખી ઘટના સંભળાવી. રાજાએ આશ્ચર્ય અને ખુશીભર્યા ભાવો સાથે પૂછયું, શું રાજકુમાર સાચે જ બોલે છે. પછી તેઓ એકાએક ગંભીર થઈને બોલ્યા, રાજા સાથે જૂઠું બોલવાની સજા તું જાણે છે ને?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મંત્રીપુત્રે વિશ્વાસ સાથે કહ્યું, પ્રત્યક્ષં કિમ્ પ્રમાણમ્! હું પૂરા વિશ્વાસથી કહું છું કે રાજકુમાર મૂંગા નથી.

સભા ભરાઈ, ઉત્સાહિત જનસમૂહ ઊભરાયો, આજે રાજકુમાર બોલશે. સાથે જ લોકોમાં ભય પણ વ્યાપેલો હતો, જો વાત અસત્ય નીકળી તો મંત્રીપુત્રને ફાંસી આપવામાં આવશે. થોડીવારમાં રાજકુમાર સભામાં આવ્યા, પણ તેઓ બોલ્યા નહીં. ક્રોધના આવેશમાં આવી રાજાએ મંત્રીપુત્રને ફાંસીની સજા સંભળાવી દીધી. એમણે વિચાર્યું, એ રાજ્યના લોભમાં જૂઠું બોલી રહ્યો હતો.

સભા વચ્ચે ફાંસીની તૈયારી કરવામાં આવી. બધા સ્તબ્ધ હતા. જલ્લાદ ફાંસીનું પાટિયું ખસેડવાનો જ હતો કે રાજકુમારે બૂમ પાડીને કહ્યું, એને મારશો નહીં, એ નિર્દોષ છે. રાજકુમારના શબ્દો સાંભળી સભાનું આતંકભર્યું વાતાવરણ ખુશીમાં ફેરવાઈ ગયું.

એ પછી રાજકુમારે પોતાના પૂર્વજન્મની ઘટના સંભળાવી. એમણે ગંભીર સ્વરમાં કહ્યું, રાજન્ હું વિંધ્યગિરિનો એ જ મૌનીબાબા છું. તમારી રાણીની સેવા અને શ્રદ્ધા જોઈને મેં જ તેને પુત્રવતી થવાનો આશીર્વાદ આપ્યો હતો. રાણીના ભાગ્યમાં તો સંતાન નહોતું, તેથી પોતાની વાતને સત્ય કરવા માટે મારે જ જન્મ લેવો પડ્યો. હવે રાણીના નિઃસંતાન હોવાનું દુઃખ તેના મનમાંથી મટી ગયું છે. તેથી મારે હવે અહીં રહેવાનું કોઈ પ્રયોજન નથી. હું ફરીથી મારી તપસાધના કરવા જઈ રહ્યો છું. ગાયત્રીસાધનામાં જ માનવજીવનની સાર્થકતા છે. ઉપસ્થિત લોકો પુનર્જન્મ અને પુનર્જન્મના આ અનોખા ચમત્કારને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ગાયત્રી સાધનાનો મહિમા પણ તેમને ચકિત કરી રહ્યો હતો, જેને માટે રાજકુમારે પોતાનું રાજ્ય તણખલાંની જેમ ત્યજી દીધું અને તપ કરવા જતા રહ્યા.

**એક માણસ સંત તુકારામનું કીર્તન સાંભળવા રોજ આવતો, પરંતુ એમની સાથે ખૂબ જ દ્વેષ રાખતો. એ મનમાં ને મનમાં સંત તુકારામને કોઈ પ્રસંગે અપમાનિત કરવાની તક શોધતો રહેતોહતો. એક દિવસ તુકારામની ભેંસ એના બગીચાના કેટલાક છોડ ચરીને આવી. તરત જ એ આવીને ગાળો સંભળાવવા લાગ્યો. છતાં સંત તુકારામ જ્યારે ઉત્તેજિત ન થયા ત્યારે એને વધુ ગુસ્સો આવ્યો અને એક કાંટાળી છડી લઈને તુકારામને એટલો માર માર્યો કે લોહી વહેવા લાગ્યું. આટલું થવા છતાં તુકારામને ક્રોધ ન આવ્યો કે વિરોધ પણ ન કર્યો.**

**સાંજના સમયે જ્યારે એ માણસ રોજની જેમ કીર્તનમાં ન આવ્યો તો સંત તુકારામ સ્વયં તેના ઘરે ગયા અને સ્નેહપૂર્વક ભેંસની ભૂલ બદલ ક્ષમા માગી એને કીર્તનમાં લઈ આવ્યા.**

**તે પછી એનો જીવનક્રમ જ બદલાઈ ગયો અને તે એમનો પ્રિય ભક્ત બની ગયો. પોતાના પ્રત્યે કરવામાં આવેલ દુર્વ્યવહાર છતાં એ વ્યક્તિ પર સતત પોતાનો સ્નેહ વરસાવવો એ જ સંતોની મૂળ વિશેષતા રહી છે.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંન્યાસ એટલો સહેલો નથી

સ્વામી તુરીયાનંદ એ વખતે અલમોડા પાસે એક ગામમાં રહી તપસ્યા કરી રહ્યા હતા. સ્વામીજીની તપસાધનાની ખ્યાતિ આસપાસનાં ગામોમાં પણ ફેલાઈ ગઈ. ફૂલ ખીલ્યું હોય તો સુગંધ આપોઆપ ચારે તરફ ફેલાવા લાગે છે. સ્વામી તુરીયાનંદની તપસાધનાનો વિકાસ પણ આ રીતે થઈ ગયો હતો. તેમના ગુરુદેવ શ્રી રામકૃષ્ણ પરમહંસના મહાપ્રયાણ બાદ તેમની દિનચર્યા અને જીવનની બધી ક્રિયાઓ તપ સાધનામાં સમાઈ ગઈ હતી. સ્વામી વિવેકાનંદ સહિત બધા ગુરુભાઈ એમને સાચા સંન્યાસની ઉજ્જ્વળ પ્રતિમાના રૂપમાં જોતા અને માનતા. હકીકતમાં તેઓ સાચા સંન્યાસી હતા.

તેઓ અત્યારે જ્યાં તપ કરી રહ્યા હતા ત્યાં કોઈ વખતે આસપાસના ગામના લોકો પણ આવી જતા. ગામના આ લોકો એમની વાતો સાંભળીને પોતાને ભાગ્યશાળી માનતા. સ્વામીજીની જ્ઞાન અને તપથી ઓતપ્રોત વાણીમાં એમને પોતાના રોજિંદા જીવનની સમસ્યાઓનું સમાધાન મળી જતું. સાંભળનારાઓને નવી જીવનદૃષ્ટિ મળતી. એમાંથી કેટલાક લોકોમાં તો આધ્યાત્મિક જાગૃતિ પણ થવા લાગી હતી તો કેટલાક એવા પણ હતા કે જેમનું અધ્યાત્મ ફક્ત એમની વાણીકુશળતા સુધી જ મર્યાદિત હતું.

વ્રજલાલ નૌટિયાલ સાથે કંઈક એવું જ થયું હતું. આમ તો એ લગભગ દરરોજ સ્વામીજી પાસે જતો હતો, પરંતુ એનો ગૃહક્લેશ યથાવત્ હતો. એવું નથી કે એની પત્નીમાં કોઈ દોષ હતો. એની પત્ની વિદ્યા સુંદર, સુશીલ, સુલક્ષણ અને સારા સ્વભાવની હતી. એ હંમેશાં પૂરતો પ્રયત્ન કરતી કે એનો પતિ એનાથી કોઈ રીતે સંતુષ્ટ રહે, પરંતુ આજ સુધી એવું થઈ શક્યું નહોતું. એમના પરસ્પર કલહનું કારણ હકીકતમાં વ્રજલાલની ખાઉધરા પ્રકૃતિ હતી. ભોજન કરતી વખતે એમને રોજ ઝઘડો થવો એ એક સામાન્ય બાબત હતી. ક્યારેક રોટલી થોડી કડક બની ગઈ હોય તો એ વિદ્યા પર તૂટી પડતો, આજે રોટલી તો એવી શેકાઈ છે જેમ રોટલી નહીં પણ લાકડાનો દરવાજો હોય. જો કોઈ દિવસ રોટલી નરમ રહી જાય તો વ્રજલાલ બૂમા- બૂમ કરતો કે આજે તો તેં કાચો લોટ જ મૂકી દીધો છે.

ભોજનના સમયનો કલહ હવે એમના માટે એક સામાન્ય બાબત બની ગઈ હતી. વિદ્યા બિચારી પરેશાન રહેતી કે પતિદેવને કેવી રીતે ખુશ રાખવામાં આવે ? એક દિવસ તો ભોજન વિશે ઝઘડો કરતાં કરતાં વ્રજલાલનો ગુસ્સો એટલો વધી ગયો કે એણે ધમકી આપી દીધી, આ રીતે તારી સાથે રહેવા કરતાં તો હું સંન્યાસી બની જાઉં એ સારું. વ્રજલાલની આ વાતથી વિદ્યા ચિંતિત થઈ ગઈ કે ક્યાંક સાચે જ એ સંન્યાસી ન બની જાય.

બીજા દિવસે ભોજન સમયે વ્રજલાલે ફરી ધમાલ મચાવી દીધી. આજે મામલો ચટણીમાં મીઠું ઓછું હોવાનો હતો. બોધના અભાવે ક્રોધ તો થાય જ છે. વ્રજલાલે ચીસ પાડી, બસ ગૃહસ્થીનું સુખ બહુ ભોગવી ચૂક્યો, હવે તો સાધુ જ બની જવું યોગ્ય છે. આવું કહી વ્રજલાલે ઘર છોડી દીધું. ગામમાંથી નીકળતાં જ્યારે એને હોશ આવ્યો ત્યારે ભૂખ વ્યાકુળ બનાવી રહી હતી. છેવટે એણે નિર્ણય લીધો કે પાસેની એક દુકાને જવું જોઈએ. એ પગે ચાલીને જ ત્યાં ગયો અને એણે પેટ ભરીને પોતાને મનગમતું ભોજન કર્યું. પરંતુ એ દિવસે વિદ્યા ઘણી દુ:ખી થઈ. આખો દિવસ એણે નિરાહાર રહી દિવસ પસાર કર્યો, અંતે તો એ ભારતીય નારી હતી !

ઘણી રાત વીત્યા બાદ વ્રજલાલ આવ્યો અને ચૂપચાપ કમરામાં જઈને સૂઈ ગયો. બીજા દિવસે ફરી એ જ સ્થિતિ. આજની ફરિયાદ એ હતી કે અથાણું વધારે ખાટું થઈ ગયું છે. ફરિયાદ ભલે નવી હોય, પરંતુ ધમકી જૂની જ હતી, હવે મારે તારી સાથે રહેવું નથી. આ ઘર કરતાં તો સ્વામી તુરીયાનંદ સાથે રહીને હું પણ તપસાધના કરું એ જ સારું.

વિદ્યા બિચારીએ પરેશાન થઈને વિચાર્યું કે હું પોતે જ સ્વામીજી પાસે જાઉં અને એમને જ મારી આપવીતી કહું એ સારું છે. કદાચ તેઓ જ મારી જિંદગીનું કોઈ સમાધાન કાઢી શકશે. આમ વિચારીને એ સ્વામી તુરીયાનંદની કુટીરે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પહોંચી અને એમના પગે પડીને જોરજોરથી રડવા લાગી. સ્વામીજી વિચારમાં પડી ગયા. એમણે પુછ્યું બહેન ! આ રીતે રડવાનું શું કારણ છે ?

તપ-તેજનું એક બળ હોય છે. વિદ્યા સંતવાણી સાંભળીને સ્વસ્થ થઈ અને કહ્યું, મહારાજ ! વાત એમ છે કે મારા પતિને મારા હાથનું ભોજન ગમતું નથી. કહે છે કે તેઓ આપની પાસે આવી સંન્યાસી બની જશે.

સ્વામી તુરીયાનંદને વિદ્યાની વાત સમજાતાં વાર ન લાગી. તેઓ જાણી ગયા કે વિદ્યા વ્રજલાલ નૌટિયાલની પત્ની છે. વ્રજલાલ રોજ એમની પાસે આવતો હતો. તેની અસ્થિર પ્રકૃતિથી તેઓ પરિચિત હતા. એમણે વિદ્યાને સમજાવતાં કહ્યું, બહેન ! તમે તમારો આ ભય મનમાંથી કાઢી નાખો. તમે ગભરાશો નહીં, હું જોઈશ કે એ કેવી રીતે સાધુ બનવાનો છે, હવે જ્યારે પણ એ તમને ધમકી આપે ત્યારે એને કહેજો કે આ રીતે રોજ રોજ ધમકી શું આપો છો. સાધુ બનવું હોય તો જઈને બની કેમ નથી જતા રોજના આ ઝઘડાથી તો અમને છુટકારો મળશે.

બીજા દિવસે જ્યારે ફરી એવો પ્રસંગ આવ્યો ત્યારે વ્રજલાલે ફરી પોતાનું કથન દોહરાવ્યું, આના કરતાં તો સારું છે કે હું સંન્યાસી બની જાઉં.

પહેલાંથી નક્કી કર્યા મુજબ વિદ્યાએ કહી દીધું, સાંભળો! રોજ રોજ સંન્યાસી બનવાનો ભય બતાવવાથી શો લાભ? જો આપને સંન્યાસી બનવાથી સુખ મળતું હોય તો સંન્યાસી બની જાવ. હું ક્યારેક આપનાં દર્શન કરવા આવતી રહીશ.

વ્રજલાલના અહંકારને ભારે આઘાત લાગ્યો. એ કડકાઈથી બોલ્યો, સારું, જો એમ વાત હોય તો હવે હું અવશ્ય સંન્યાસી બની જઈશ. આટલું કહીને એ નીકળી પડ્યો અને સીધો સ્વામી તુરીયાનંદની કુટીરે પહોંચ્યો. સ્વામી તુરીયાનંદ તે સમયે બ્રહ્મસૂત્રના શારીરિક ભાષ્યનું અધ્યયન કરી રહ્યા હતા. ઘણા સમય બાદ વ્રજલાલને પોતાની વાત કહેવાનો અવસર મળી શક્યો.

વ્રજલાલની વાતો સાંભળી સ્વામીજીએ સ્મિત કર્યું અને ઘણું સારું કહીને તેમના કામે લાગી ગયા. આ તરફ વ્રજલાલ ભૂખને કારણે પરેશાન થઈ રહ્યો હતો. લાચાર થઈ એણે સંતને કહ્યું, સ્વામીજી આજે શું આપે ભોજન કરી લીધું છે?

સ્વામી તુરીયાનંદે કહ્યું, વત્સ ! આમ તો આજે મારું વ્રત છે, પરંતુ તમે કેમ પૂછી રહ્યા છો ?

વ્રજલાલને તો એક એક ક્ષણ પ્રહર જેવો લાગી રહ્યો હતો. એણે કહ્યું, મહારાજ ! હું તો ભૂખથી આકુળ-વ્યાકુળ થઈ રહ્યો છું. પોતાના માટે નહીં તો મારા માટે કંઈક ભોજનની વ્યવસ્થા કરો.

સ્વામીજી બોલ્યા, સારું, તો એમ કરો કે થોડાં લીમડાનાં પાંદડાં તોડી લાવો અને એમને પીસીને લાડુ બનાવી લો.

સંતના આદેશ મુજબ વ્રજલાલે લીમડાનાં પાંદડાં પીસીને લાડુ બનાવી લીધા. જોકે બનાવતી વખતે તે એ જ વિચારી રહ્યો હતો કે લીમડો કોઈ ખાવાની વસ્તુ તો નથી જ. છતાં સ્વામીજી મહારાજ અદ્‌ભુત તપસ્વી છે, એમના પ્રભાવથી આ લાડુ જરૂર ખાવાલાયક બની જશે.

લાડુ તૈયાર થયા તો સંતે કહ્યું, જેટલા ખાવા હોય એટલા તમે ખાઈ લો. લીમડો બહુ સારી વસ્તુ છે. પાછલા પંદર દિવસથી હું એ જ ખાઈ રહ્યો છું.

વ્રજલાલે લીમડાનો લાડુ ઉપાડીને જેવો મોઢામાં મૂક્યો કે એને ઊલટી થઈ ગઈ. સ્વામીજીએ કહ્યું, જુઓ ઊલટી કરવી ઠીક નથી, બરાબર ખાઓ. વ્રજલાલથી હવે ન રહેવાયું. એ થોડો ચિડાઈને બોલ્યો, મહારાજ ! આ તો લીમડો છે, કડવું ઝેર, આને હું તો શું કોઈ પણ મનુષ્ય ખાઈ ન શકે.

આ સાંભળી સ્વામી તુરીયાનંદે લીમડાનો એક લાડુ લીધો અને ખૂબ જ નિર્વિકાર ભાવે ખાઈ લીધો. આ જોઈ વ્રજલાલ ખૂબ જ હતાશ થઈ બોલ્યો, સ્વામીજી ! આપ તો ખાઈ ગયા, પરંતુ આ મારા વશની વાત નથી.

સ્વામીજી હસવા લાગ્યા, કેમ ભાઈ, આ બળ પર જ તમે સંન્યાસી બનવા નીકળ્યા હતા? વ્યર્થ જ રોજ પત્નીને પરેશાન કરતા હતા કે સંન્યાસી બની જઈશ, સાધુ બની જઈશ. જીભનું ચટોરાપણું રાખી કેમ સાધુ થવાય. હવે વ્રજલાલને વસ્તુસ્થિતિનું જ્ઞાન થયું. એણે ઘરે જઈ પત્ની પાસે ક્ષમા માગી અને ગૃહસ્થને તપોવન સમજી રહેવા લાગ્યો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પૂર્વગ્રહોથી મુક્ત થાવ, આત્મહીનતામાંથી બહાર નીકળો

વિભિન્ન પ્રકારની માન્યતાઓમાં સમય અને પરિસ્થિતિને અનુરૂપ સુધાર કે ફેરફાર કરી શકાય એટલો અવકાશ તો રહેવો જ જોઈએ. જો આમ ન થાય અને તે પૂર્વગ્રહયુક્ત બની રહે તો સમજી લેવું જોઈએ કે વિકાસનો માર્ગ રૂંધાઈ ગયો.

માન્યતાઓ સામાજિક પણ હોઈ શકે છે અને વૈજ્ઞાનિક પણ, પરંતુ પ્રગતિશીલતાની માગ એ છે કે, એમાં લચીલાપણું હોય. એવું નથી કે એક ધારણા સ્થાપિત થઈ ગયા બાદ એને શાશ્વત અને સનાતન માની લેવામાં આવે. અહીં સ્થિર અને પૂર્ણ સત્ય એક જ છે, એ છે ઈશ્વર. બાકી બધું પરિવર્તનશીલ અને અર્ધસત્ય સ્તરનું છે, તેથી એ વિશે કોઈ સ્થાયી મત કાયમ કરી ન શકાય.

વર્ષો પહેલાં શીતળાને દેવી-દેવતાઓનો પ્રકોપ માનવામાં આવતો હતો અને તેનો ઉપચાર પણ એ જ રીતે માનતાઓ દ્વારા કરવામાં આવતો હતો. સંયોગવશ આનાથી કોઈ સાજા થઈ જતા, પરંતુ ઘણાના ભાગમાં અસફળતા આવતી અને કષ્ટ ભોગવવું પડતું. પછી જ્યારે એ સંદર્ભમાં વૈજ્ઞાનિક શોધો થઈ ત્યારે જાણવા મળ્યું કે તે એક પ્રકારના રોગનાં જીવાણુંઓને કારણે થાય છે. એકવાર જ્યારે નિમિત્તની ખબર પડી જાય, પછી તેનું નિવારણ મુશ્કેલ રહેતું નથી. પાછળથી એની રસી વિકસિત કરવામાં આવી, જેને કારણે આજે સમાજ એનાથી લગભગ મુક્ત થઈ ગયો છે.

એવી જ રીતે પહેલાં દુકાળ અને અતિવૃષ્ટિને વરુણ દેવતા સાથે જોડી દેવામાં આવતાં. એમ સમજવામાં આવતું હતું કે, મનુષ્યને એમના તરફથી આપવામાં આવતો એક પ્રકારનો દંડ છે. પછી જ્યારે વરસાદ અને વૃક્ષો વચ્ચેના સંબંધની જાણ થઈ ત્યારે એ ગેરસમજ દૂર થઈ કે એમાં વરુણદેવની અકૃપા નહીં, મનુષ્યોની અદૂરદર્શિતા જ મુખ્ય છે. દેવતાઓની કૃપા માટે પણ માધ્યમની જરૂર પડે છે. એ વિના તો તેઓ પણ નિરુપાય થઈ બેસી રહે છે. મર્યા બાદ ચેતના દેહથી મુક્ત થઈ જાય છે, પરંતુ જીવંત સ્થિતિમાં તે જેટલું અને જેવું કરી શકતી હતી તેટલું આ સ્થિતિમાં ક્યાં કરી શકે છે ? કરવા તો અત્યારે પણ ઇચ્છે છે, વાતચીતથી માંડીને સગાં-સંબંધીઓના સહયોગ અને મદદ માટે તત્પર હોય છે, પરંતુ શરીરના અભાવે તેની એ આકાંક્ષા એવી ને એવી રહી જાય છે. એથી વિપરીત જ્યારે એ શરીરમાં નિવાસ કરે છે ત્યારે અનેક લોકોની સેવા-સહાયતાથી માંડી કૃપા-અનુદાન વરસાવતી રહે છે. એમાં વિશેષતા કાયાની નહીં, ચૈતનાની છે. એની પ્રેરણાથી જ એ કઠપૂતળીની જેમ કાર્યો કરતી રહે છે.

વરુણદેવ અનેવરસાદના સંબંધમાં જે આખ્યાન છે, એ સંબંધમાં પણ ઉપરની વાત જ ચરિતાર્થ થાય છે. વરુણદેવ કૃપા કરી દે તો પણ એ કૃપાને ધારણ કરનારાં વૃક્ષો તો જોઈએ. રણપ્રદેશોમાં વરસાદ કેમ નથી થતો ? કેમ કે ત્યાં વૃક્ષો કે વનસ્પતિ નથી હોતાં. આકાશમાં ઊડતાં વાદળાં ધરતી પર ઊતરે તો કેવી રીતે ઊતરે ? એમને બોલાવવા-આકર્ષિત કરનાર કોઈ તો હોવો જોઈએ. આજે જો વરસાદ ઘટી રહ્યો હોય અને અવારનવાર દુકાળ વધતા જતા હોય તો એ વરુણદેવના કારણે નહીં, વૃક્ષોની નાબૂદી અને માનવી ભૂલનું દુષ્પરિણામ છે. તેને હવે લોકો સરળતાથી સમજવા લાગ્યા છે.

આ પ્રકારની કેટલીય માન્યતાઓ સમાજમાં આજે પણ અડીખમ છે. વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોના સંબંધમાં પણ આવી માન્યતાઓની કમી નથી. આપણા વૈજ્ઞાનિકો ક્યા સ્તરના છે અને એમનામાં કેટલી પ્રતિભા છે, એ કોઈ છુપાયેલું તથ્ય નથી. સમયે-સમયે એનાં પ્રમાણ અને ઉદાહરણો સામે આવતાં જ રહે છે. દુર્ભાગ્ય એ છે કે, આપણે અત્યાર સુધી તેમના પર વિશ્વાસ કર્યો નથી અને હંમેશાં એમની ક્ષમતાને ઓછી આંકતા રહ્યાં. આ કારણે જ મોટા ભાગની ટેકનૉલોજી માટે આપણને પાશ્ચાત્ય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દેશો આગળ હાથ ફેલાવવા પડે છે. આ તો એવું થયું જાણે કોઈ સરોવર પાસે રહી પાણી માટે ભટકતો રહે. આનાથી મોટી વિડંબના બીજી કઈ હોઈ શકે ? આપણે પહેલાં પણ જ્ઞાનવિજ્ઞાનના ક્ષેત્રમાં અગ્રણી હતા અને આજે પણ આપણી યોગ્યતામાં ઘટાડો થયેલો નથી. એ તો આપણા યોજનાકારો છે જે પોતાના જ વિજ્ઞાનીઓને પશ્ચિમના વિજ્ઞાનીઓ સમક્ષ પ્રતિભા અને મેધા બંને ક્ષેત્રમાં ઊણા સમજે છે જ્યારે વાસ્તવિક્તા એનાથી જુદી છે. અગાઉ 'ટાઈમ' માસિકમાં બુદ્ધિ સંબંધી એક સર્વેક્ષણ છપાયું હતું, જેમાં ભારતીયોનો આઈ.ક્યુ. સૌથી વધુ દર્શાવવામાં આવ્યો હતો. છતાં એવું કયું કારણ છે કે, વિજ્ઞાનના ક્ષેત્રમાં આપણી પ્રગતિ અપેક્ષા મુજબ થઈ શકી નથી અને આપણે ટેકનૉલોજી જેવી મહત્ત્વપૂર્ણ બાબતોમાં આજે પણ આત્મનિર્ભર થઈ શક્યા નથી ? એનું સૌથી મુખ્ય કારણ કદાચ આપણી આત્મહીનતા જ છે. ઓછું ધન, સાધન-સગવડોનો અભાવ, પ્રોત્સાહનની કમી જેવાં બીજાં તત્ત્વો પણ ઓછાવત્તા અંશે એ માટે જવાબદાર હોઈ શકે છે, પરંતુ એકવાર જો પોતાની પ્રતિભાઓ પર વિશ્વાસ બેસી જાય તો આ બાધાઓ આપણી પ્રગતિમાં વધુ સમય સુધી બાધક બની શક્શે નહીં.

સમય સાક્ષી છે કે, જ્યારે જ્યારે આપણા માર્ગમાં અવરોધો ઊભા કરવામાં આવ્યાં ત્યારે ત્યારે આપણે તેમને સફળતાપૂર્વક પાર કરી આગળ વધતાં ગયાં. થોડાં વર્ષો પહેલાંની વાત છે. આપણને હવામાન સંબંધી જાણકારી માટે સુપર કોમ્પ્યુટરની જરૂર પડી. અમેરિકાએ તે આપવા માટે એટલી કડક શરતો રાખી કે તે મળવું મુશ્કેલ બની ગયું. અંતે સાડા ચાર વર્ષોના અથાગ પ્રયાસોથી ભારતીય વૈજ્ઞાનિકોએ તેનાથી ચઢિયાતું સુપર કોમ્પ્યુટર 'પરમ ૧૦૦૦૦' તૈયાર કરી લીધું અને કેનેડા વગેરે ઘણા દેશોને વેચાતું પણ આપ્યું.

એ જ રીતે ઉપગ્રહોના પ્રક્ષેપણ માટે ભારતને શક્તિશાળી ક્રાયોજેનિક એન્જિનની જરૂર હતી, પરંતુ વિકસિત દેશોએ તેના પર અવરોધો ઊભા કર્યા. રશિયા પાસેથી, આ સંબંધમાં સોદો થવા છતાં તેની ટેકનૉલોજી મળી ન શકી. છેવટે હારી જઈ આ યોજના પોતાના હાથોમાં લઈ ભારતીય વૈજ્ઞાનિકોએ સન ૧૯૯૮માં તેને વિકસિત કરી લીધી.

આપણો અંતરિક્ષ કાર્યક્રમ સંપૂર્ણપણે સ્વદેશી ટેકનૉલોજી પર આધારિત છે. એમાં દિવસે-દિવસે આપણે આગળ ને આગળ વધતા જઈ રહ્યાં છીએ. હવે ચંદ્રની ધરતી પર યાન મોકલવાની યોજના બની રહી છે. કદાચ એક-બે વર્ષમાં એ પૂરી પણ થઈ જાય.

સ્વબચાવના ક્ષેત્રમાં મિસાઈલોનો વિકાસ દેશ માટે ગર્વનો વિષય છે. નાગ, ત્રિશૂલ, પૃથ્વી, અગ્નિ, આકાશ જેવી મિસાઈલો અચૂક નિશાન સાથે લક્ષ્ય પર વાર કરવાની અદ્‌ભુત ક્ષમતા ધરાવે છે. આગળ 'સૂર્ય' નામક એક મહત્ત્વાકાંક્ષી પ્રક્ષેપાસ્ત્ર પર કાર્ય કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. આ આયુધ પોતાના લક્ષ્ય પર પ્રહાર કરી પાછું પોતાના સ્થાને આવવાની ક્ષમતા ધરાવતું હશે. જો એ સફળ થઈ જાય તો એકવાર ફરી મહાભારત કાળની વિદ્યા પ્રત્યક્ષ થતી જોઈ શકીશું. આ ક્રમમાં જ 'મૃત્યુકિરણ' નામક એક નવા અસ્ત્રનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. એનું પ્રાયોગિક પરીક્ષણ થઈ ગયું છે. એમ કહેવાય છે કે, આ અત્યાધુનિક ઘાતક હુમલાખોર વિમાનો માટે પણ પ્રલયકારી સાબિત થશે અને ક્ષણમાત્રમાં જ ધરાશાયી કરી ધૂળ ચાટતું કરી દેશે.

કારગિલ યુદ્ધ લોકો હજી ભૂલ્યા નહીં હોય. ફ્રાંસના મિરાજ વિમાનમાં જરૂરી કરીને જ્યારે તેને બોમ લઈ જવાય એવું બનાવવામાં આવ્યું અને હજારો ફૂટ ઉંચે હિમાચ્છાદિત શિખરો પર રહેલા દુશ્મનો પર બોમ્બમારો કરવામાં આવ્યો ત્યારે યુદ્ધના ઈતિહાસમાં આ એક કીર્તિમાન બની ગયું. આ પૂર્વે આટલી ઊંચાઈ પર સફળ હવાઈ આક્રમણ વિશ્વમાં ક્યાંય થયું નહોતું.

આ છે આપણી વૈજ્ઞાનિક કુશળતા અને ક્ષમતા. જ્યારે આપણા વૈજ્ઞાનિક આટલા નિપુણ અને બુદ્ધિશાળી છે તો પછી આપણે એ આત્મહીનતામાંથી બહાર કેમ નીકળી શકતા નથી કે આપણી ટેકનૉલોજી આંતરરાષ્ટ્રીય સ્તરની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બરાબરી કરી શકતી નથી. છેવટે આ પૂર્વગ્રહ ક્યાં સુધી કાયમ રહેશે અને આપણે ક્યાં સુધી બીજા સામે હાથ ફેલાવતા રહીશું ? આ સમીક્ષાનો સમય છે અને તપાસવાનો પણ સમય છે કે, આવી માન્યતા કેમ અને કેવી રીતે વિકસી ? એ પણ જોવું જોઈએ તથા એવી સંભાવનાની શોધ કરવી જોઈએ કે આમાં કોઈ બહારની શક્તિની કોઈ ચાલ કે અંદરની ભ્રષ્ટતા જ આપણી ક્ષમતાને કીડાની જેમ ખાઈ રહી છે ? આનો ઝડપથી નિર્ણય ન થાય તો આપણો દેશ દશાબ્દિઓ પાછળ રહી જશે. આ નહિ આપણાં માટે લાભદાયક રહે કે નહિ વિશ્વ માટે, કારણ કે ભારત એક શાંતિપ્રિય દેશ છે અને દૂબળાનો શાંતિપ્રલાપ કોઈ સાંભળતું નથી. તેથી એને દરેક રીતે સબળ અને સુરક્ષિત થવું જ પડશે. કહેવામાં પણ આવ્યું છે કે 'શસ્ત્રેણ રક્ષિતે રાષ્ટ્રે શાસ્ત્ર ચર્ચા પ્રવર્તતે' એટલે કે રાષ્ટ્ર જ્યારે શસ્ત્રોથી સુરક્ષિત બને છે ત્યારે જ ત્યાં શાસ્ત્રીય ચર્ચા અને વિકાસ શક્ય છે.

કોઈ માન્યતાની ઉપયોગિતા સમજમાં ન આવી હોય ત્યાં સુધી તો એ ક્ષમ્ય છે, પરંતુ જાણીજોઈને આવી ધારણાઓ સાથે જકડાયેલા રહેવામાં સમજદારી નથી. આપણે શક્ય એટલા વહેલા આ પૂર્વગ્રહોથી મુક્ત થઈ જવું જોઈએ.

વિભીષણે તેનું જીવન સંકટમાં પડી શકે છે એ જાણવા છતાં રાવણની અનીતિ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. ભરી સભામાં એણે કહ્યું,

તવ ઉર કુમતિ બસી વિપરીતા । હિત અનહિત માનહુ રિપુ પ્રીતા ॥ હે અગ્રજ ! આપની અંદર કુમતિનો નિવાસ થઈ જવાથી આપનું મન અવળું ચાલી રહ્યું છે, તેને લીધે આપ ભલાઈને બુરાઈ અને મિત્રને શત્રુ સમજી રહ્યા છો.

ખોટી પ્રશંસા કરનારા સભાસદો વચ્ચે પોતાના ભાઈ વિભીષણની નેક સલાહ પણ વિદ્વત્તાની મૂર્તિ એવા પંડિત રાવણને ઊંધી જ લાગી રહી હતી. ઉત્તેજિત રાવણ કહેવા લાગ્યો, "તું મારા રાજ્યમાં રહેતો હોવા છતાં શત્રુને પ્રેમ કરે છે. તો તું એમની પાસે જતો રહે અને એમને જ નીતિની શીખ આપ." આવું કહીને એણે ભાઈને લાત મારી અને સભામાંથી એને બહાર કાઢી મૂક્યો.

સમજાવવા છતાં જે ખોટો માર્ગ ન છોડે તેનો સંબંધ જ તોડી નાખવો જોઈએ, આવું વિચારીને વિભીષણ લંકા છોડીને ભગવાન રામના શરણે ગયા અને પોતાનો ઉદ્ધાર કર્યો.

## આનાકાની કરશો નહીં

જાગૃત આત્માઓને યુગ નિમંત્રણ એ જ છે કે, અત્યારે અંતરિક્ષમાં ગૂંજતાં પાંચજન્યનો પ્રતિધ્વનિ જેઓ સાંભળી શકે તેઓ સાંભળે, જેઓ તેનું અનુસરણ કરી શકે તેઓ કરે. શ્રેય-સૌભાગ્ય અને દુ:ખ પશ્ચાત્તાપમાંથી એકની પસંદગી કરવા માટે આપણામાંથી દરેક સ્વતંત્ર છે. આ સ્વતંત્રતાનો ઉપયોગ અત્યારે જ કરવો પડશે. નિર્ણય પાછો ધકેલીને સુરક્ષિત રાખવાનો અને પછી જોઈશું કહીને આનાકાની કરવાનો અવસર હવે રહ્યો નથી. આજે નહીં તો ક્યારેય નહીં, કરો યા મરોની સ્થિતિ પડકાર સ્વીકાર કરવા કે ઈન્કારનો સ્પષ્ટ ફેંસલો કરવા માટે દરવાજો રોકીને ઊભી થઈ છે એવું લાગે છે.

- વાઙ્મય - ૨૮, પૃષ્ઠ ૬.૨૩



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પુરુષાર્થી જ વિજયી થાય છે

શેઠ માણિક શાહ પાસે અપાર ધનસંપત્તિ હતી. દેશભરમાં એમની હૂંડીઓ ચાલતી હતી. એમના આ સમગ્ર ઐશ્વર્યનો વારસદાર એમનો એકનો એક પુત્ર સુભદ્ર હતો. શેઠ પુત્રને પ્રાણ કરતાં પણ વધારે વહાલ કરતા હતા. એમની ઈચ્છા હતી કે એમનો પુત્ર હરઘડી એમની આંખો સામે રહે. સુભદ્ર ગુણવાન અને ધર્મપરાયણ તો હતો જ, સાથેસાથે એ વિવેકવાન અને ખૂબ પુરુષાર્થી પણ હતો. એનામાં નિત્ય નવું અને કંઈક વિશેષ કરવાનો ઉમંગ હતો. એક દિવસ એણે તેના પિતા પાસે સમુદ્ર યાત્રા કરી વિદેશમાં વ્યાપાર કરવાની અનુમતિ માગી. શેઠ માણિકશાહ પુત્ર વિયોગની કલ્પના માત્રથી દુઃખી થઈ ગયા. તેઓ દુઃખી સ્વરે સુભદ્રને સમજાવવા લાગ્યા, બેટા ! તારે કશું કરવાની જરૂર જ ક્યાં છે ? આપણા ઘરમાં ભલા કઈ વસ્તુની ખોટ છે કે તું સમુદ્રયાત્રાનું જોખમ લેવા માગે છે ?

સુભદ્ર ઘણો ઉત્સાહી અને પરિશ્રમી હતો. એણે વિનમ્રતાથી કહ્યું, પિતાજી ! જો હું હાથપગ બાંધીને બેસી રહું અને આપ સ્નેહવશ કશું જ ન કહો તો પણ દુનિયા મને કુપુત્ર જ કહેશે. કમાણી કર્યા વિના ખાવાની આદત પડી જવાથી હું આળસું અને મંદબુદ્ધિ તો થઈશ જ, સાથોસાથે મારામાં જે કાંઈ શરીરબળ, મનોબળ કે બુદ્ધિબળ છે તેનો ઉપયોગ ન કરવાને કારણે એમને કાટ લાગી જશે. એ ત્રણે ક્ષીણ થઈ જશે અને પછી ભાવનાઓ તો શરીરથી પર છે. આપનાથી દૂર રહેવા છતાં મારું હૃદય આપના સ્નેહથી છલકાતું રહેશે. બધા દૃષ્ટિકોણથી પુરુષાર્થ જ શ્રેષ્ઠ છે. તેથી આપ કૃપા કરી મને સમુદ્ર પાર કરીને વ્યાપાર કરવાની આજ્ઞા આપો.

પોતાના પુત્રનું સાહસ અને કર્તવ્યનિષ્ઠા જોઈ માણિક શાહને પણ ખુશી થઈ. તેઓ કહેવા લાગ્યા, બેટા ! હું તારા જવાબથી સંતુષ્ટ છું. જો કે પિતાનું હૃદય પુત્રને દૂર મોકલવા ઈચ્છતું નથી, પરંતુ હું તારા વિકાસ, રુચિ અને ઉત્સાહને રોકવા માગતો નથી. પિતાની કીર્તિ અને સંપત્તિમાં વૃદ્ધિ કરવી એ શ્રેષ્ઠ પુત્રનું કર્તવ્ય છે. તું આ સદભાવના સાથે જઈ રહ્યો છે. તેથી ખુશીથી જાવ, મારા સંપૂર્ણ આશીર્વાદ તારી સાથે છે.

માણિક શાહે પોતાના પુત્ર માટે વહાણ તૈયાર કરાવ્યું. સમુદ્રી યાત્રામાં જે વસ્તુઓ અને સાધનોની જરૂર હોય છે એ બધાં જ એમણે વહાણમાં મુકાવી દીધા. એમણે સુભદ્રને એ પણ સારી રીતે સમજાવી દીધું કે સમુદ્રી યાત્રામાં આ બધાનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવે છે. એમણે પુત્રને બરાબર બતાવી દીધું કે સમુદ્રી તોફાનમાં જ્યારે વહાણ ઘેરાય ત્યારે એણે શું કરવું જોઈએ. બધી શીખો આપી એમણે પરિવાર સાથે સુભદ્રને વિદાય આપી.

જહાજ તેની યાત્રાએ નીકળી પડ્યું. જ્યારે આ વહાણ સમુદ્ર વચ્ચે પહોંચ્યું ત્યારે અચાનક ભીષણ તોફાન શરૂ થયું. નાવિકોના ઘણા પ્રયત્નો છતાં જહાજ ડૂબી જવાની સ્થિતિ ઊભી થઈ. નિરાશ નાવિકોએ જવાબ આપી દીધો કે હવે અમારા વશની વાત રહી નથી, જહાજ થોડીવારમાં જ ડૂબવાનું છે. જેને પોતાનો બચાવ કરવાનો જે રસ્તો સૂઝે તે અજમાવે.

સુભદ્ર વિવેકવાન હતો. તે આ સામે ઊભેલી પરિસ્થિતિથી પણ ગભરાયો નહીં. પહેલાં એ શૌચાદિથી નિવૃત્ત થયો, પોતાનું પેટ સાફ કર્યું. તે પછી એણે એવા પદાર્થો ખાધા જે વજનમાં હલકા પરંતુ લાંબા સમય સુધી શક્તિ આપી શકે એવા હતાં. તે પછી એણે આખા શરીરે તેલની માલિશ કરી, જેથીસમુદ્રના ખારા પાણીનો પ્રભાવ ન થાય. પછી શરીર સાથે ચોંટતું ચામડાનું કપડું પહેર્યું જેથી સમુદ્રના જીવજંતુ હાનિ પહોંચાડી ન શકે.

આટલી બધી તૈયારી કરી તે એક લાકડાનો તખતો લઈને સમુદ્રમાં કૂદી પડયો. એ તખ્તને સહારે કિનારા સુધી પહોંચી જવાના ઉદ્દેશથી એ તરવા લાગ્યો. સુભદ્રે પોતાના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિવેકની મદદથી તત્કાળ એ નિર્ણય કરી લીધો કે આ જહાજ કરતાં જીવન વધુ કીમતી છે. વિવેક જાગૃત રહે તો રક્ષાનો કોઈને કોઈ ઉપાય કરી શકાય છે. કાયરોની જેમ આ મહાવિપત્તિ સામે ઝૂકી જવા કરતાં એ સારું છે કે બહાદુરી સાથે સંઘર્ષ કરીને જીવનનો અંત થાય. જોકે આ વિશાળ સમુદ્રને ભુજાઓથી પાર કરવાનું દુષ્કર છે, પરંતુ પ્રાણ છૂટે ત્યાં સુધી હાથપગ હલાવતા રહી બહાદુરોની જેમ મરી જ શકાય છે.

શ્રેષ્ઠીપુત્ર સુભદ્ર તખ્તના સહારે હાથ પગ હલાવતો સમુદ્રમાં વહી રહ્યો હતો. તે સમયે સમુદ્રના અધિદેવતા તેનો પુરુષાર્થ જોઈ વિચારવા લાગ્યા કે આ યુવકની સામે મૃત્યુ મોઢું ફાડીને ઊભું છે. છતાં કોણ જાણે કેમ એ સમુદ્રને ભુજાઓ દ્વારા પાર કરવાની વ્યર્થ ચેષ્ટા કરી રહ્યો છે ? દેવે એને પૂછ્યું, યુવક ! વ્યર્થ પરિશ્રમ કરનાર મૂરખ કહેવાય છે. સમુદ્રને તરીને પાર કરવાનું કોઈ પણ રીતે શક્ય નથી, પછી તોફાન સમયે આ મોતની સાથે રમત કરવા જેવું છે. તેથી જ્યારે જલદી મોત આવવાનું નિશ્ચિત છે ત્યારે તમે આ વ્યર્થ શ્રમ કેમ કરી રહ્યા છો. તમારા છેલ્લા સમયે તમે ભગવાનનું નામ લો એ જ સારું છે.

પરંતુ સુભદ્ર આ નિરાશાજનક સલાહને સાંભળીને પણ હતાશ ન થયો. એણે આવી વિકટ પરિસ્થિતિમાં પણ થાકેલું સ્મિત વેરતાં કહ્યું, શું તમે નથી જાણતા, આપણા ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે, 'મામનુસ્મર યુદ્ધ ચ' એટલે કે મારું સ્મરણ કરતાં રહી યુદ્ધ કરો. તેમ છતાં આપ અમને આવી સલાહ આપનારા કોણ છો ? આ પ્રશ્નના જવાબમાં સમુદ્રના અધિદેવતા કહેવા લાગ્યા, 'હું સમુદ્રનો અધિદેવ છું.'

સુભદ્રે કહ્યું, આપ દેવતા થઈને પણ શું અમ મનુષ્યો કરતાં પછાત છો. જે પુરુષાર્થ માટે પ્રેરિત કરવાને બદલે પુરુષાર્થહીન થઈ અમને ડૂબી મરવાનો ઉપદેશ આપો છો. સારું થશે કે આપ મને પુરુષાર્થ કરવા દેશો. મનમાં ભગવાનનું સ્મરણ અને સતત શ્રમ, એ જ મારો સિદ્ધાંત છે.

સમુદ્રના અધિદેવતા સુભદ્રના આ ઉત્તરથી પ્રભાવિત થયા. તેઓ વિચારવા લાગ્યા, આવા વિકટ સમયમાં પણ એણે મારી પાસે મદદ નથી માગી. આ પોતાના પુરુષાર્થમાં વ્યસ્ત અને નિર્ભય છે. છતાં એમણે થોડી પરીક્ષા લેવાનું વિચાર્યું. આ ઉદ્દેશથી એમણે કહ્યું, યુવક ! શું તમે આટલું નથી જાણતા કે જ્યાં પરિણામની કોઈ સંભાવના ન હોય ત્યાં પ્રયાસ-પુરુષાર્થ બધા નિષ્ફળ થાય છે.

સુભદ્ર કહેવા લાગ્યો, હે દેવ ! પુરુષાર્થ ક્યારેય નિષ્ફળ જતો નથી. રહી વાત મારા પુરુષાર્થની તો એનું પહેલું ફળ તો એ જ છે કે એના દ્વારા મારી બુદ્ધિ અને શક્તિનો સદુપયોગ થશે. બીજું ફળ, આપનાં દર્શન લાભ છે. જો હું જહાજ ડૂબવાની સાથે જ ડૂબી મર્યો હોત તો ન હું પોતાની બૌદ્ધિક અને શારીરિક શક્તિનો ઉપયોગ કરી શકત કે ન આપતાં દર્શન થયાં હોત. તેથી મારો પુરુષાર્થ વ્યર્થ તો નથી જ. સુભદ્રનો જવાબ સાંભળીને પ્રસન્ન થયેલ દેવતાએ પૂછ્યું, તો પછી તમે મને રક્ષા કરવાની પ્રાર્થના કેમ ન કરી ?

સુભદ્ર બોલ્યો, કેમ કે હું જાણું છું કે દેવતા ક્યારેય પોતાની પ્રાર્થના કરાવતા નથી. તેઓ તો હંમેશા પોતાના કર્તવ્યપાલનમાં વ્યસ્ત વ્યક્તિની મદદ પોતે જ કરે છે. તેના પર પ્રસન્ન થાય છે. જો મારી પ્રાર્થનાથી આપે મને બચાવ્યા હોત તો આપનું ગૌરવ ઓછું થઈ જાત. મારી પ્રાર્થના વિના જ આપ જે ઉપકાર કરશો તેનાથી આપના ઉપકારનું મૂલ્ય વધી જશે.

સુભદ્રની વાતે સમુદ્રના અધિદેવતાને પ્રસન્ન કરી દીધા એણે પોતાની સહાયતાથી એને કિનારે પહોંચાડી દીધો. અને પછી એને વિદાય આપતાં કહ્યું, માનવી પુરુષાર્થના ચરમબિંદુ પર દેવકૃપા સ્વયં અવતરિત થવા માટે વિવશ થાય છે. નિશ્ચિતપણે તમારા જેવો ધીર, ગંભીર અને પુરુષાર્થી મનુષ્ય દેવકૃપાને આપમેળે જ પોતાની પાસે આકર્ષિત કરી સફળતા પ્રાપ્ત કરી લે છે અને એવું જ થયું. સુભદ્ર એક સફળ ધનવાનના રૂપમાં ધન પ્રાપ્ત કરીને પાછો વળ્યો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કર્મ કર્યા વગર કોઈ કેવી રીતે રહી શકે

## યુગ ગીતા-૧૬

**ત્રીજા અધ્યાયમાં કર્મયોગની યુગાનુકૂળ વિવેચનાનો ક્રમ આ સ્તંભ અંતર્ગત જુદા જુદા કેટલાય અંકોથી ચાલ્યો આવે છે. આ અતિ મહત્ત્વપૂર્ણ ત્રીજા અધ્યાયના દરેક શ્લોકમાં ઘણું જ ગૂઢ શિક્ષણ છુપાયેલું પડ્યું. છે. ઓગસ્ટ-૨૦૦૦ના અખંડ જ્યોતિમાં શ્લોક ક્રમાંક ૧૬ થી ૨૦ સુધીની વ્યાખ્યા વિસ્તારથી પ્રસ્તુત કરવામાં આવી હતી. તેમાં ભગવાન શ્રીકૃષ્ણ રાજા જનકનું ઉદાહરણ આપતાં, આસક્તિ રહિત કર્મ કઈ રીતે કરવાં જોઈએ, તે અર્જુનને સમજાવે છે. ભગવાન કહે છે કે, લોકશિક્ષણ-માર્ગદર્શન (લોકસંગ્રહ)ને જોતાં પણ (ધ્યાનમાં રાખીને પણ) તારે કર્મ કરવાં જોઈએ. જનકની સાથે ભગવાન આદિ શબ્દનો પ્રયોગ કરતા રહી પ્રહલાદ, અંબરીશ, ઈક્ષ્વાકુ, અશ્વપતિ વગેરેને પણ સાથે રાખતા રહીને તેમના દ્વારા જીવવામાં આવેલ જીવનનું અનુસરણ કરવાની વાત કરે છે. ભગવાન ઈચ્છે છે કે લોક-શિક્ષણ માટે તેણે મર્યાદિત આચરણ કરવું જોઈએ, માનવ ગરિમાને અનુરૂપ નિર્ધારિત કર્મોને સંપાદિત કરવાં જ જોઈએ. પ્રબુદ્ધ પ્રતિભાશાળી-પરાક્રમી અર્જુન પાસેથી ભગવાનને નહીં, પાંડવ સમુદાયને જ નહીં, સંપૂર્ણ સમાજને અપેક્ષા છે. સુસ્પષ્ટ વ્યક્તિત્વસંપન્ન મહામાનવ જો અસમંજસમાં પડી જશે તો કામ કઈ રીતે ચાલશે. ભગવાન વિભૂતિસંપન્ન મહામાનવોમાં તથા શિશ્નોદરપરાયણ જીવન જીવનારાઓની વચ્ચે અંતર સ્થાપિત કરી સ્પષ્ટ કહે છે કે તેની ભૂમિકા વિશિષ્ટ છે, તેના આચરણને અનુરૂપ જ તત્કાલીન સમાજનું નિર્માણ થશે, એટલા માટે તેણે પોતાનાં કર્તવ્યથી જરાક પણ પાછળ હઠવું ન જોઈએ. સદગુરુની ભૂમિકા ભગવાન શ્રીકૃષ્ણ જેવી જ હોય છે. જુદા જુદા અંકોમાં અમે પૂજ્યવરની કલમનું પ્રમાણ આપીને પ્રાણવાન પ્રજ્ઞાવાનોનાં કર્તવ્યોની ચર્ચા કરી હતી અને જણાવ્યું હતું કે જાગરૂકો આગળ આવે એ સમયની મુખ્ય આવશ્યક્તા છે. આ વ્યાખ્યા હવે આગળ વધારીએ છીએ.**

યોગીરાજ શ્રી અરવિંદ કહે છે કે ગીતાના આ તૃતીય અધ્યાયના વીસથી છવ્વીસ સુધીના આ સાત શ્લોકોથી અધિક મહત્ત્વપૂર્ણ શ્લોક ગીતામાં ઓછા જ છે. તેઓ લોકસંગ્રહ શબ્દને સમજાવતા કહે છે કે, આને સમાજસેવા-સમાજસુધાર જેવા શબ્દો સાથે જોડીને જોવો ન જોઈએ. આ ઈશ્વરના વિધાન અંતર્ગત ઈશ્વરત્વને જીતીને શિક્ષણ આપવાની પ્રક્રિયા છે. આધુનિક મનની ભૂમિકાઓથી ઘણી અધિક ઊંચાઈ ઉપર ગીતા ભાવનાઓ અને અનુભૂતિઓની ભૂમિકામાં વિચરણ કરે છે. એટલા માટે તે જે શબ્દનો પ્રયોગ કરે છે, તેનો અર્થ સામાન્ય નહીં, અસામાન્ય જ લેવો જોઈએ. લોકસંગ્રહની વાતને આગળના શ્લોકમાં ફરીથી ઘણી જ સ્પષ્ટ રીતેથી સમજાવવામાં આવી છે. એકવીસમો શ્લોક છે.

**યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ ।**
**સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥ ૩/૨૧.**

'જેવું આચરણ એક શ્રેષ્ઠ પુરુષનું હોય છે, અન્ય પુરુષ પણ એવું જ આચરણ કરે છે. તે જેવો પણ કંઈક આદર્શ ઉપસ્થિત કરે છે, લોકો એનું જ અનુસરણ કરે છે.'

અર્જુન જે આ અસંમજસમાં છે કે મારા વ્યક્તિગત કર્મોનો સમાજ સાથે શો સંબંધ. શ્રીકૃષ્ણની આ ઉક્તિ પછી તરત જ સમાધાન પામે છે કે, આ એટલા માટે જરૂરી છે કે તે વિશિષ્ટ શ્રેણીમાં આવે છે. તેનું આચરણ આખા સમાજના ઉત્થાન-પતનનું કારણ બની શકે છે. તેનું કોઈ કર્મ વ્યક્તિગત નથી, પરંતુ બધું જ લોકશિક્ષણ માટે છે. કેમ કે અધિકાંશ મનુષ્ય પોતાની જીવનચર્યા માટે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ અન્ય ઉપર દૃષ્ટિ નાંખે છે, ઘણી જ સાવધાની સાથે પ્રતિભાશાળીઓએ પોતાનું જીવન જીવવું જોઈએ. હીરો અથવા આઈકોન બનવું સહેલું છે, પરંતુ જ્યારે જીવનનાં કેટલાંક નિંદિત પક્ષ સામે આવે છે, ત્યારે આખો સમાજ જે પહેલાં માથે ચઢાવતો હતો, તે થૂ-થૂ કરતો નજરે પડે છે.

આજના યુગમાં સૌથી મોટું સંકટ જો કોઈ છે તો તે છે મનીષીઓના પ્રકાશસ્તંભોના દુકાળનું સંકટ. નેતા તો ઘણાં છે, પરંતુ સર્જક ક્યાંય દેખાતો નથી. આજનું નૈતિક પતન એટલા માટે થયું છે કે, જનતા ચારે બાજુ ભ્રષ્ટ આચરણ જ જોઈ રહી છે, તેને ક્યાંય કોઈ માર્ગદર્શક તંત્ર દેખાતું જ નથી. યુગ નિર્માણ અભિયાન, ગાયત્રી પરિવારનો બધો જ પુરુષાર્થ, વિભૂતિ મહાયજ્ઞની બધી જ પ્રક્રિયા એ માર્ગદર્શક તંત્રને જાગૃત-જીવંત કરવાના હેતુસર જ છે, જે ક્યારેક સમાજના પુરોહિત હતા, આગેવાની કરતા હતા, પોતાનાં આચરણ દ્વારા (સ્વે સ્વે આચરણ શિક્ષયેત્) શિક્ષણ આપતા હતા. શ્રીમદ્‌ભાગવતગીતાનો આ શ્લોક કેટલો યુગાનુકુળ છે. આને આજની પરિસ્થિતિઓના સંદર્ભમાં યોગ્ય રીતે સમજી શકાય છે. આ મનુષ્યજાતિ નૈતિક પતન દ્વારા નષ્ટ-ભ્રષ્ટ ન થઈ જાય, એટલા માટે શ્રીમદ્‌ભાગવતગીતા યુગો-યુગોથી આ શિક્ષણ આપતી આવી રહી છે કે, આવા મહામાનવોના ઉત્પાદનની પ્રક્રિયા બંધ થવી ન જોઈએ. રાષ્ટ્રની સંગઠનાત્મક પ્રક્રિયા નૈતિક આધાર ઉપર બળવાન હોય અને અનુશાસન ચરિત્રની મહાનતા બ્રાહ્મણોચિત જીવન જેવા સદગુણ સામાજિક સીડીમાં ઉપરથી નીચે સુધી ઊતરતા દેખાવા જોઈએ. ક્રાંતિ ત્યારે જ શકય બને છે. તે નીચેથી ઉપર તરફ શ્રેષ્ઠના અનુકરણને ચેપની જેમ ફેલાવતી આગળ વધતી રહે છે. વિકાસ ઉપરથી નીચે નિમ્નતમ વ્યક્તિ સુધી ઊતરતો જાય છે. આજના યુગના વિકાસનો આધાર પણ આ આદર્શ જ હોઈ શકે છે.

અહીં ભગવાન ઘણું જ સ્પષ્ટ રીતે કહી રહ્યાં છે કે સામાન્ય જનતા, નેતા લોકો જે કાંઈ કહે છે તેનું નહીં,પરંતુ જે કાંઈ પણ કરે છે તેનું જ અનુકરણ કરે છે. (લોક સ્તદનુવર્તતે). સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ પોતાનાં વિષયમાં પણ આ જ વાત આગળના શ્લોકમાં કહે છે. તેઓ સ્વયંને અપવાદ ન માનતા રહીને કહે છે કે સંસારમાં તેમના માટે પામવાને કશું જ નથી. તેમને કશું અપ્રાપ્ત બધું જ સુલભ છે છતાં પણ તે અથાકપણે નિરંતર કાર્ય કરતાં રહે છે. જો તે પ્રમાદ વર્તશે તો અન્ય લોકો પણ તેમનું અનુસરણ કરી પોતાનું જીવન નષ્ટ કરી નાંખશે.

**ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન ।**
**નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવં ચ કર્મણિ ॥ ૩/૨૨.**

'હે અર્જુન ! મારે આ ત્રણે લોકોમાં ન તો કશું કર્તવ્ય છે, ન કોઈ પણ પ્રાપ્ત કરવાયોગ્ય વસ્તુ અપ્રાપ્ત છે, તો પણ હું કર્મમાં જ વરતી રહ્યો છું. (નિરત રહું છું, વિશ્વાસ કરું છું.)'

**યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતન્દ્રિત : ।**
**મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યા : પાર્થ સર્વશ : ॥ ૩/૨૩.**

'કારણ કે હે પાર્થ ! જો કદાચિત સાવધાન થઈને કર્મોમાં હું ન વરતું તો ઘણું જ નુકસાન થઈ જાય, કેમ કે મનુષ્ય દરેક રીતે મારા જ માર્ગનું અનુસરણ કરે છે.'

કેટલું સ્પષ્ટ માર્ગદર્શન છે, રાજકુમાર અર્જુનને માટે. ભગવાન સ્પષ્ટ કહી રહ્યા છે કે હું અવતાર છું હું જે ઈચ્છું તે પ્રાપ્ત કરી શકું છું, છતાં પણ કર્મ કરું છું. જ્યારે ભગવાન કર્મથી વિરત રહી શકતા નથી, તો પછી મનુષ્ય કઈ રીતે કર્મથી દૂર ભાગી શકે ? તેઓ કહે છે કે જો હું સાવધાનીપૂર્વક બધી જ રીતે સમજીવિચારીને કર્મ ન કરું, તો ઘણું જ નુકસાન થઈ જશે. શું સમાજનું નૈતિક પતન થઈ જશે ? અહીં એ સમજવું પડશે કે અવતારે શરીરના સ્તરે ઊતરીને વ્યવહાર કરવો પડે છે, અવતાર બનીને નહીં. ક થી કબૂતર લખવા માટે શિક્ષકે ક લખવો પડે છે, શબ્દ લખીને બતાવવો પડે છે. એવું નહીં કે કહીં દીધું કે કબૂતર તો તમે જાણી જ છો. શિક્ષક વારંવાર લખે છે, એનો અર્થ એવો નથી કે તેને આવડતું નથી. તેણે શીખડાવવાનું છે, એટલા માટે વારંવાર શિક્ષણ આપવું પડશે. અવતાર સ્વયં મનુષ્યના સ્તરે આવીને કામ કરીને બતાવે છે કે, જુવો હું આવું કરી રહ્યો છું, તમે પણ આવું કરો. આ જ છે લોકસંગ્રહ. લોક-શિક્ષણપૂર્ણ જિંદગી જીવીને બતાવવું જીવનને કલાકારની માફક જીવવી. પરમપૂજ્ય ગુરુદેવ ઘર-ગૃહસ્થીમાં રહીને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવન જીવવાનું શીખવી ગયા. તમે વૈરાગ્ય નથી લઈ શકતા, હિમાલય નથી જઈ શકતા, સંન્યાસી નથી બની શકતા, તો કાંઈ વાંધો નથી. ગૃહસ્થીમાં રહીને લોકસેવા કઈ રીતે કરી શકાય, ગૃહસ્થીને તપોવન કઈ રીતે બનાવી શકાય, તેનું ઉદાહરણ હું સ્વયં જીવીને બતાવું છું- એ ગુરુદેવે કહ્યું અને કર્યું. ઓછા પૈસામાં જીવીને ગરીબીથી ઓઢેલું જીવન કઈ રીતે જીવી શકાય છે, એ પણ પરમપૂજ્ય ગુરુદેવે સીમિત સાધનોમાં યુગ નિર્માણ યોજના ઊભી કરીને બતાવી દીધું. કરોડો વ્યક્તિઓના માનસને બદલવું, કરોડો વ્યક્તિઓના ભાગ્યની દિશા ધારાને બદલી નાંખવી અને તેને માટે સ્વયંનું ઉદાહરણ પુરું પાડી બતાવવું, એ આપણી ગુરુસત્તાના બળનું જ કાર્ય હતું. તેઓ જાણતા હતા કે તેઓ કોણ છે, શા માટે આવ્યા છે, પરંતુ આપણાં સૌના સ્તરે ઊતરીને લોકશિક્ષણ આપી ગયા કે લોકસેવક આવું જીવન જીવે છે. આજે લાખો સદગૃહસ્થ આધ્યાત્મિક પ્રગતિની દિશામાં આગળ વધી રહ્યાં છે, પોતાનું એકલાનું નહીં, પોતાની સાથે પરિવાર, સંસ્થા, સમગ્ર સમાજનો ઉત્કર્ષ કરી રહ્યા છે, આ કેટલી મોટી વાત છે.

અવતાર, ગુરુ, મહામાનવ વાસ્તવમાં ડેમોન્સ્ટ્રેશન માટે આવે છે, જીવન જીવવાની કલાનું શિક્ષણ આપવા માટે આવે છે. આપણી રોજિંદા સામાન્ય જીવનની સમસ્યાઓનું સમાધાન કઈ રીતે શોધી શકાય તેનું શિક્ષણ પોતાના આચરણ દ્વારા આપવા આવે છે. એટલા માટે વારંવાર સ્વાધ્યાય ક્રમમાં આપણને કહેવામાં આવે છે કે આપણે તેમના જીવનક્રમને વાંચીએ, મનન કરીએ, યોગ્ય રીતે હૃદયંગમ કરીએ માનવ-માનવતા શીખી શકે, એટલા માટે અવતાર કરીને બતાવે છે. જેનો સામનો કોઈ પણ મનુષ્યે કરવાનો આવે છે. આગળના જ શ્લોકમાં ભગવાન કહે છે કે જો હું કર્મ ન કરું તો આ બધા જ મનુષ્યો નષ્ટભ્રષ્ટ થઈ જશે અને હું સંકરતાને (વ્યક્તિઓમાં ભ્રમ ઉત્પતિ) જન્મ આપનારો બની જઈશ તથા જાતિના રૂપમાં તેમના નાશનું કારણ બનીશ (૩/૨૪).

આગળના બે શ્લોક ઘણાં જ મહત્ત્વપૂર્ણ છે. શ્રી ભગવાન ૨૫મા તથા ૨૬મા શ્લોકમાં કહે છે -

**સક્તાઃ કર્મણ્યવિદ્વાંસો યથા કુર્વન્તિ ભારત ।**
**કુર્યાદ્વિદ્વાંસ્તથાસક્તશ્ચિકીર્ષુર્લોકસણગ્રહમ્ ॥ ૩/૨૫**
**ન બુદ્ધિભેદં જનયેદજ્ઞાનાં કર્મસઙ્ગિનામ્ ।**
**જોષયેત્સર્વકર્માણિ વિદ્વાન્યુક્તઃ સમાચરન્ । ૩/૨૬**

જેમ અજ્ઞાની આસક્તિપૂર્વક કર્મ કરે છે, તેવી જ રીતે જ્ઞાનીએ આસક્તિ વગરના લોકસંગ્રહની દૃષ્ટિથી કર્મ કરવા જોઈએ. જ્ઞાનીઓએ જોવું જોઈએ કે તે કર્માસક્ત જ્ઞાનીઓમાં બુદ્ધિભ્રમ પેદા ન કરે, તેમણે ઈચ્છવું જોઈએ કે સ્વયં કર્મોને યોગ્ય રીતે સંપાદિત કરતા રહી તે અન્યને પણ કર્મ કરવાની પ્રેરણા આપે.''

ભગવાન કહી રહ્યા છે કે, જેટલી જાગૃતતા અને મનોયોગની સાથે આપણે સાંસારિક લાભો માટે પ્રયત્ન કરીએ છીએ સ્વયંસેવી સ્તરના લોકસંગ્રહ (લોકશિક્ષણ)નાં કાર્યોનું સંપાદન પણ એટલી જ કુશળતા અને જાગૃત મનોયોગની સાથે કરવું જોઈએ. જેટલી લગનની સાથે એક અજ્ઞાની પોતાની વાસનાની તૃપ્તિમાં રચ્યો રહે છે, પૈસા કમાવામાં મસ્ત રહે છે, એટલી જ લગનની સાથે જ્ઞાની પાસેથી લોકશિક્ષણમાં વ્યસ્ત રહેવાની અપેક્ષા કરવામાં આવી છે. ભગવાન એ પણ કહે છે કે, જ્ઞાનીએ પણ જાણવું જોઈએ કે જે વ્યક્તિ કામનાઓના દબાણ હેઠળ અહંકારથી વશીભૂત થઈ ઘોર કર્મમાં રત હોય, એવી વ્યક્તિઓના હૃદયમાં કોઈ પણ પ્રકારની ભ્રાંતિ ઉત્પન્ન કરવી યોગ્ય નથી. જ્ઞાની સ્વંય પોતાનાં કર્મ કરે, અન્યને પણ કર્મ કરવાની પ્રેરણા આપે. શ્રીકૃષ્ણનો મત છે કે, કર્મણ્યતા એક પવિત્ર શક્તિ છે. ઈચ્છાપૂર્તિ માટે ઉત્સાહપૂર્વક અહંભાવ સાથે જો કોઈ કર્મ કરે તો તેને રોકશો નહીં. એક વાર જો તેઓ તેમના પુરુષાર્થમાં ઢીલા પડી ગયા, તો તેઓ ઘોર અંધકારથી ઘેરાઈ જશે. જ્ઞાનીજનોએ ધીરે ધીરે પોતાનાં ઉદાહરણ રજૂ કરતાં રહીને તેમની સાથે હળી મળીને પ્રયત્ન કરવા જોઈએ, તેમને નિઃસ્વાર્થ પૂર્વક સમાજ સેવામાં પ્રવૃત્ત થવા માટે પ્રેરિત કરતા રહેવું જોઈએ.

ઉપર્યુક્ત બંને શ્લોક ઘણા જ ગૂઢ અર્થ ધરાવે છે. આની અંદર એક ઘણી જ મહત્ત્વની વાત આવી છે, તે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે સાચા અર્થમાં જ્ઞાનીની પરિભાષા. જ્ઞાની કોણ છે ? પરમાત્માના સ્વરૂપમાં અટલ જે સ્થિત છે તે જ્ઞાન છે. જે ઈશ્વરને જાણે છે, જીવે છે, તે જ્ઞાની છે. જે નિરંતર લોકશિક્ષણ કરતો રહે છે તે જ્ઞાની છે. પોતાનાં આચરણ દ્વારા શિક્ષણ આપતો રહે છે. એ નથી જોતો કે બીજા લોકો શું કરી રહ્યાં છે. જે બીજાને તેમનાં કર્મોમાં અવિશ્વાસ ઉત્પન્ન નથી કરતો, પરંતુ સતત સારાં કાર્યો પરોપકાર કાર્ય કરવાની પ્રેરણા આપતો રહે છે, તે જ સાચો જ્ઞાની છે.

આપણે બધા જ એક દુર્ગુણનાં શિકાર થઈ જઈએ છીએ. તે છે અન્યને જોઈને તેમના વિષયમાં અધિક વિચારવું. આપણે શું કરી રહ્યા છીએ, એવું ન વિચારતાં એમ વિચારવુ કે તે આ શું કરી રહ્યો છે, આવું શા માટે કરી રહ્યો છે ? જો આપણે બધા આપણાં કર્મોના વિષયમાં વિચારવા લાગીએ, તો વાસ્તવમાં આપણું કલ્યાણ થઈ જશે, કેમ કે વિચારતાં વિચારતાં ક્યાંક ને ક્યાંક તો કર્મોમાં સુગઠન આવી જ જશે. શ્રી અરવિંદનો આશ્રમ પોંડિચેરીમાં છે, ત્યાં અમને એક સજ્જન મળ્યા. તેમણે અમને જણાવ્યું કે, તમને આશ્રમમાં વધુ ચિંતિત લોકો નજરે પડશે. અમે કહ્યું હા, ઘણાં લોકોના કપાળ ઉપર કરચલીઓ દેખાય છે. તેઓ બોલ્યા, એટલા માટે ચિંતિત છે કે અન્ય લોકો શું કરે છે? તેઓ એટલા માટે ચિંતિત નથી કે પોતે શું કરે છે ! તેઓ માત્ર અન્યને જોઈ જોઈને પરેશાન થતા રહે છે. લોકસંગ્રહ કરનારા, લોકશિક્ષણ આપનારા નિરંતર કાર્ય કરતાં રહે છે, અન્યને જોઈને પરેશાન નથી થતાં. બધાં જ કાર્યો શ્રેષ્ઠ છે. પ્રવચન કરવું, લખવું, કચરા-પોતાં કરવાં, વાસણ માંજવા, ડફલી વગાડી પ્રજ્ઞાગીત ગાવાં તથા ક્રાંતિકારી વિચારોને જન-જન સુધી પહોંચાડવા. રામકૃષ્ણ પરમહંસનો એક નોકર હતો રસિક ભંગી. તે સફાઈ કરતો હતો, કચરો વાળતો હતો. તેમની સામે પણ કચરો વાળતો હતો. ક્રમશઃ ઠાકુર સમાધિસ્થ થઈ ગયા. વિશ્વવિજયી યાત્રાથી આવ્યા બાદ તેમના શિષ્ય સ્વામી વિવેકાનંદ સમાધિસ્થ થઈ ગયા. હવે રામકૃષ્ણ મઠના અધ્યક્ષ હતા- બ્રહ્માનંદજી. પ્રથમ અધ્યક્ષના રૂપમાં તેઓ બેલૂર મઠમાં રહેતા હતાં. રસિક ભંગી દક્ષિણેશ્વરના મંદિરમાં નિયમિત કચરો વાળતો રહ્યો. ઘરડો થઈ ગયો. અંતિમ સમયે તેને અનુભૂતિ થઈ કે મને લેવા ઠાકુર રથ લઈને આવ્યા છે. આવું મરણાસન્ન સ્થિતિમાં બોલતો બોલતો તે ઊભો થઈને એવી રીતે ચાલ્યો, જાણે વાસ્તવમાં રથમાં બેસીને ગયો હોય. આવી જ કંઈક અનુભૂતિ તે જ સમયે ગંગા-પાર બેલૂર મઠમાં સ્વામી બ્રહ્માનંદજીને પણ થઈ. તેમણે તરત જ તેમની સામે બેઠેલા લોકોને જણાવ્યું કે, જુઓ ઠાકુર આવ્યાં છે, રસિક ભંગીને લઈને રથમાં બેસાડીને લઈ જઈ રહ્યાં છે. પરમહંસ તત્ત્વને તે કંઈ રીતે પ્રાપ્ત થઈ ગયો. આ ગૂઢ રહસ્યને સ્વામીજીએ સમજાવ્યું કે તેની સાધના ઊંડાણપૂર્વકની હતી. તેણે પૂજા સમજીને કર્મ કર્યાં જે તેને પૂર્ણતા તરફ લઈ ગયા. કચરો વાળતાં વાળતાં જો રસિક ભંગીને લક્ષપ્રાપ્તિ થઈ શકતી હોય, રૈદાસને જૂતાં સાંધતાં થતી હોય, શીખોના ગુરુ અર્જુનદેવજીને વાસણ સાફ કરતાં થઈ શકતી હોય, તો આપણને સૌને પણ થઈ શકે છે, જો આપણે તેને શ્રેષ્ઠત્તમ કર્મ માનીને ચાલીશું, ગુરુએ સોંપેલી જવાબદારી સમજીને નિભાવીશું.

શાંતિકુંજ આશ્રમમાં એક ભાઈ છે, જેમનાં પગલાંનો અવાજ અમને બે અઢી વાગે ઊઠતાં જ સંભળાય છે. નિયમિતપણે તેમનો કચરો વાળવાનો અવાજ સંભળાય છે. તેમને અમે ૧૯૭૮થી જોઈ રહ્યા છીએ. સામેનો બધો જ ભાગ (જે હવે પાછળ સમર્ષિ આશ્રમની તરફ છે) હોસ્પિટલની માફક તેઓ સાફ કરીને ત્યારે મૂકે છે, જ્યારે કોઈ ઊઠ્યું નથી હોતું. અમે તેમને પૂછ્યું કે આ તમે શા માટે કરો છો, ત્યારે તેમણે કહ્યું કે ગુરુદેવ કહી ગયા છે. સવારે ઊઠીને સૌ પ્રથમ કચરો વાળવો, ત્યારથી હું આ જ કરી રહ્યો છું. આ મનુષ્ય પરમ સત્યને પ્રાપ્ત થઈ જશે, નક્કી છે, કેમ કે તેણે ગુરુએ સોંપેલા કાર્યને પોતાનું કર્તવ્ય સમજીને સંભાળી લીધું. જે પચાસ પ્રકારની શાસ્ત્રની વાતો ઝાડે છે, દુનિયાભરનું પ્રવચન ઝીંકે છે, બની શકે તેમને હજુ કેટલાય જન્મ લેવા પડે. સત્યાવીસમા શ્લોકની આગળની વાત કે કોઈ કર્મ કઈ વિવશતાથી કરે છે, હવે પછીના અંકમાં.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# જીવંત વિભૂતિઓ પાસે ભાવભરી અપેક્ષાઓ.....

### ભાગ-૧

**પ્રસ્તુત અમૃતવાણી ૧૭ એપ્રિલ ૧૯૭૪નાં રોજ ગાયત્રી તીર્થ પરિસરમાં પરમપૂજ્ય ગુરુદેવ દ્વારા આપવામાં આવેલી પ્રવચનમાંથી લેવામાં આવી છે. જાગૃત પ્રાણવાનો, વિભૂતિઓ પ્રતિભાશાળીઓની પૂજ્યવરે ઉદાહરણ સહિત વ્યાખ્યા કરી છે તેમજ અપેક્ષા રાખી છે કે, રાષ્ટ્ર, સમાજ, સંસ્કૃતિના પુનરુદ્ધાર માટે આ સંધિવેળાએ આગળ આવશે. આ જીવંતોના આગળ આવવાથી જ નવયુગ-સતયુગનું શુભાગમન થશે. ત્રણ ખંડોમાં પ્રકાશિત આ અમૃતવાણી વિભૂતિ જ્ઞાન-યજ્ઞ (૮ ઑક્ટોબર, નવી દિલ્હી) તેમજ સર્જન સંકલ્પ વિભૂતિ પુરુષમેધ મહાયજ્ઞ (૭ થી ૧૧ નવેમ્બર, ૨૦૦૦ શાંતિકુંજ, હરિદ્વાર)ના પરિપ્રેક્ષ્યમાં નિશ્ચિતપણે પઠનીય મનનીય છે. અંદરથી બહાર સુધી ઝણઝણાવીને ઊભા કરી દેનારી ઓજસ્વી વાણીને લિપિબદ્ધ વાંચો - આ તથા આગામી બે અંકોમાં.**

**ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે બોલો,**

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્**

**દેવીઓ તથા ભાઈઓ,**

ભગવાને ગીતામાં વિભૂતિયોગના દશમા અધ્યાયમાં એ વાત જણાવી છે કે જે કાંઈ પણ અહીં શ્રેષ્ઠ જણાય છે, વધુ ચમકદાર દેખાય છે, તે મારા જ વિશેષ અંશ છે જ્યાં પણ ક્યાંક વધારે ચમક નજરે પડે છે તે મારા વિશેષ અંશ છે. તેઓએ જણાવ્યું છે કે, વૃક્ષોમાં હું પીપળો છું, છલમાં હું જુગાર છું. વેદોમાં હું સામવેદ છું, સર્પોમાં હું વાસુકિ છું અમુકમાં હું અમુક છું- વગેરે મારામાં આ બધી જ વિશેષતાઓ છે. મિત્રો ! તમને જ્યાં પણ ક્યાંક ચમક નજરે પડે છે, તે બધી જ ભગવાનની દિવ્ય વિભૂતિઓ છે અને જ્યાં પણ ક્યાંક જેટલી વધારે વિભૂતિઓનો અંશ છે, ત્યાં આપણે એમ માનીને ચાલવું પડશે કે અહીં આ જન્મમાં અથવા અગાઉના જન્મોમાં તેઓએ કોઈ રીતે આ સંપત્તિનું ઉપાર્જન કર્યું છે. જો તેમણે આ ઉપાર્જન નથી કર્યું, તો પછી સામાન્ય મનુષ્યોની તુલનામાં તેમનામાં આ વિશેષતા શા માટે નજરે પડે છે ? તેઓની કંઈક વિશેષ જવાબદારી અને વિશેષ કર્તવ્ય છે. એટલા માટે એમને ઉદ્‌બોધન કરવું જોઈએ. એ લોકોને, જેમની અંદર કંઈક વિશેષ પ્રભાવ અને વિશેષ ચમક નજરે પડે છે.

## સંપત્તિ સામે વિભૂતિ

મિત્રો ! વિશેષ પ્રભાવ અને વિશેષ ચમક શું છે ? તે એ છે જેને આપણે વિભૂતિઓ કહીએ છીએ. કેટલીક સંપદાઓ હોય છે, કેટલીક વિભૂતિઓ હોય છે. સંપદા કોને કહેવાય અને વિભૂતિઓ શું હોય છે ? સંપદા એને કહે છે કે જે બાપ-દાદાની છે. તેઓ એને મૂકીને ચાલ્યા જાય છે અને આપણે બેઠા બેઠા તે કમાણીને ખાધા કરીએ છીએ. આ સંપદા-સંપત્તિ છે. આ સ્ત્રીઓને પણ મળી જાય છે, બાળકોને પણ મળી જાય છે. આ કોઢ-વાળાઓને પણ મળે છે, આંધળાઓને મળે છે અને લૂલાને પણ મળી જાય છે. મૂંગા-બહેરાને પણ મળી જાય છે. મૂંગા-બહેરા પણ ઘણીવાર જુગાર રમતા હોય છે અને લોટરી લગાડતા હોય છે. લોટરી લગાડ્યા પછી તેમાંથી તેમને રૂપિયા પણ મળે છે. કોને ખબર બાપ-



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દાદાની કમાણીમાંથી કોને શું શું મળતું હોય છે ? બાપ-દાદાની કમાણીમાંથી મિનિસ્ટરોના છોકરા-છોકરીઓને એવાં-એવાં કામ મળી જાય છે, એવા-એવા ધંધા મળી જાય છે, જેના વડે તેમને ઘરે બેઠાં લાખો રૂપિયાની આવક થતી રહે છે. આને શું કહે છે ? આને આપણે સંપત્તિ-સંપદા કહીએ છીએ.

કોઈની પાસે જમીન છે ભગવાનની કૃપાથી તે વરસે સારો વરસાદ થઈ ગયો, તો બસ્સો ક્વિંટલ અનાજ વેચાઈ ગયું તો ઢગલો પૈસા આવ્યા અને એને બેંકમાં જમા કરાવી દીધા. મકાન થઈ ગયું. આ થઈ ગયું-પેલું થઈ ગયું પૈસાની રમત શરૂ થઈ ગઈ. આને હું શું કહું છું ? આ બધાને હું સંપત્તિ કહું છું. જમીનમાં દટાયેલી સંપત્તિ મળી શકે છે, બાપ-દાદા પાસેથી વારસામાં મળી શકે છે અને કોઈ મોટા માણસની કૃપા કે તેમના આશીર્વાદથી પણ મળી શકે છે. સંપત્તિ ગમે તે પ્રકારે મળી શકે છે, પરંતુ સંપત્તિનું કોઈ મૂલ્ય નથી. મૂલ્ય વિભૂતિઓનું છે. જ્યાં પણ ક્યાંક વિભૂતિઓ નજરે પડે, તમે જરૂર એવું માનજો કે તે ભગવાનનો વિશેષ અંશ છે. વિશેષ અંશ જે તેમની અંદર છે, તે જ્યાં પણ ક્યાંક હોય, તે અંશને જાગ્રત કરવો, તેને ઉદ્‌બોધન કરવું અને સૂતેલાને જગાડવાનું વિશેષ કાર્ય મારું-તમારું છે.

સાથીઓ ! રાવણનાં ઘરમાં ઢગલાબંધ માણસો હતા. સાંભળ્યું છે કે એક લાખ બાળકો હતાં અને સવા લાખ પૌત્રો-પૌત્રીઓ હતાં, પરંતુ જ્યારે રામચંદ્રજી સાથે લડાઈ થઈ ગઈ અને બંને બાજુ સેનાઓ સામસામે ઊભી રહી ગઈ, ત્યારે તેણે જોયું કે આપણી પાસે એક જ સહાયક, એક જ મજબૂત અને જબરદસ્ત માણસ છે. તેને જગાડવો જોઈએ અને તેને માનપાન આપવાં જોઈએ. તેને માનપાન આપવામાં આવ્યાં, તેને ઉઠાડવા લાગ્યા. એ માણસ કોણ હતો ? તેનું નામ હતું કુંભકર્ણ તે છ મહિના સૂતો રહેતો હતો અને છ મહિના જાગતો હતો. રાવણને વિચાર આવ્યો કે જો કુંભકર્ણ જાગીને ઊભો થઈ જાય તો બધા જ રીંછ-વાનરોને એક જ દિવસમાં મારીને ખાઈ જશે, એક જ દિવસમાં ખાત્મો બોલાવી દેશે. અને લડવું પણ નહીં પડે અને રામચંદ્રજીની સેના પૂર્ણ રીતે નાશ પામશે. સાંભળવામાં આવ્યું છે કે, એટલા માટે તેની ઉપર બળદ, ઘોડા અને હાથીઓને ચલાવવામાં આવ્યાં હતાં, જેથી કરી કુંભકર્ણની ઊંઘ છ મહિના પહેલાં જ ઊડી જાય અને તે ઊભો થઈ જાય. જો તે તુર્ત જ જાગીને ઊભો થઈ ગયો હોત તો રામચંદ્રજીની સેના માટે મુસીબત ઊભી કરી હોત. પરંતુ ભગવાનની કૃપા એવી થઈ, ભગવાનની કૃપા અને પ્રતાપ એવા થયા કે તે ઘણાં સમય પછી જાગ્યો. ત્યાં સુધીમાં રાવણ યુદ્ધ હારી ચૂક્યો હતો. એટલા માટે રાવણ મરાયો, મેઘનાદ મરાયો અને આખી લંકા ખેદાનમેદાન થઈ ગઈ.

## વિભૂતિવાનો જાગે

મિત્રો ! આપણે સમાજમાં સૂતેલા, ઘર કરી ગયેલા કુંભકર્ણોને જગાડવાના છે. શું કુંભકર્ણોની ઊણપ છે ? ના, એમની ઊણપ નથી, પરંતુ તેઓ સૂતેલા છે. આપણું એક કામ એ પણ હોવું જોઈએ કે જ્યાં પણ ક્યાંક તમને વિભૂતિવાન મનુષ્ય નજરે પડે, તો તમારે એમની પાસે વારંવાર જવું જોઈએ અને વારંવાર એનાં ગુણગાન ગાવાં જોઈએ.

વિભૂતિવાન લોકોમાં એક તબક્કે એવા લોકો આવે છે, જેમને આપણે વિચારવાન કહીએ છીએ, સમજદાર કહીએ છીએ. સમજદાર મનુષ્યો આ તરફ ચાલી નીકળે તો કમાલ કરી નાંખે છે અને પેલી બાજુ ચાલી નીકળે તો પણ કમાલ કરી નાંખે છે. મોહમ્મદ અલી ઝીણા ઘણા જ સમજદાર મનુષ્ય હતા તથા ઘણા જ બુદ્ધિશાળી પણ. મલબાર હિલ ઉપર મુંબઈમાં તેમનો બંગલો હતો. તેમને ત્યાં તેમના જુનિયર તરીકે ચાલીસ વકીલો કામ કરતા હતા. મોહમ્મદ અલી ઝીણા ફક્ત દલીલો કરવાને માટે હાઈકોર્ટમાં જતા હતા અને એક-એક કેસના એ સમયે હજારો રૂપિયા વસૂલ કરતા હતા. મોતીલાલ નહેરુની કક્ષાના મનુષ્ય હતા. તેમનામાં બુદ્ધિ ઘણી જ હતી, અક્કલ પણ ઘણી હતી. વધુ બુદ્ધિશાળી વધારે અક્કલવાળો મનુષ્ય આ તરફ ચાલે તો પણ તકલીફ અને પેલી બાજુ ચાલે તો પણ તકલીફ. સાચું પણ કરી શકે છે અને ખોટું પણ એવું જ થયું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક દિવસ મોહમ્મદ અલી ઝીણા ઊભા થઈ ગયા અને પાકિસ્તાનની વકીલાત કરવા લાગ્યા, પાકિસ્તાનની હિમાયત કરવા લાગ્યા, પરિણામ શું આવ્યું ? પરિણામ એ આવ્યું કે બધા જ પાક તરફીઓની અંદર તેમણે એક એવી બગાવતનાં મૂળ નાંખી દીધાં, એવી લડાઈ ઉત્પન્ન કરી, બળવો ફેલાવ્યો અને કોને ખબર બીજું શું શું કર્યું કે એક જ દેશનાં લોકો એકબીજાનાં ખૂની થઈ ગયા, દુશ્મન થઈ ગયા. ખૂની અને દુશ્મન બનીને જ્યાં ત્યાં તોફાન કરવા લાગ્યા. છેવટે ગાંધીજીને એ વાત મંજૂર કરવી પડી કે પાકિસ્તાન થઈને જ રહેશે. નિર્ણય સાચો હતો કે ખોટો, એ ચર્ચાનો વિષય નથી. વાસ્તવિક્તા એ જાણવી જોઈએ કે આ ઝેર કોણે ફેલાવ્યું ? આ ઝેર એણે ફેલાવ્યું જેને આપણે સમજદાર અને બુદ્ધિશાળી કહેતા હતા. મોહમ્મદ અલી ઝીણા કહેતા હતા. આ તો હું ઉદાહરણ આપી રહ્યો છું. મનુષ્યોનું તો ઉદાહરણ હું કઈ રીતે આપી શકું, હું તો સમજદારીનું ઉદાહરણ આપી રહ્યો છું.

## અક્કલની સાચી કિંમત

જ્યાં પણ ક્યાંક સમજદારી હશે, કોને ખબર શું નું શું કરતી રહેશે ? સમજદાર માણસ આર્થિક ક્ષેત્રમાંજશે તો મોનાર્ક બનશે અને હેન્રી ફોર્ડ બની જશે. પહેલાં આ નાના-નાના માણસો હતા. નવસારી ગુજરાતનો એક નાનો સરખો માણસ, સામાન્ય માણસ અને સમજદાર માણસ જો વેપારનાં ક્ષેત્રમાં ચાલ્યો જશે, તો તેનું નામ જમશેદજી ટાટા કહેવાશે. રાજસ્થાનનો એક સામાન્ય સરખો માણસ જુગરકિશોર બિરલા બનશે. જો મનુષ્યની અંદર ઊંડાણપૂર્વકની સમજદારી હશે તો એક નાનો સરખો મનુષ્ય, સામાન્ય મનુષ્ય, બે કોડીનો મનુષ્ય જ્યાં પણ જશે પોતાની સમજદારી વડે કોઈ પરાક્રમ કરી બતાવશે.

મિત્રો ! ઊંડી સમજદારીની કિંમત ઘણી મોટી છે. ઊંડાણપૂર્વકની સમજણવાળા સુભાષચંદ્ર બોઝ પરાક્રમ બતાવતા રહ્યાં. સરદાર પટેલ એક મામૂલી વકીલ. જોવા જાવ તો દુનિયામાં એક નહીં, કેટલાય વકીલો થયા છે, પરંતુ પટેલે પોતાની ક્ષમતા અને પ્રતિભા જો વકીલાતમાં વેડફી નાંખી હોત, તો કદાચ પોતાની બુદ્ધિ અક્કલની કિંમત મહિનાના એક હજાર રૂપિયા સુધી વસૂલ કરી હોત અને એ રૂપિયા રાખ્યા પછી માલદાર થઈ ગયા હોત અને તેમનો દીકરો કદાચ વિલાયત જઈને ભણી આવત અને એ પણ વકીલ થઈ શકયો હોત. તેમની હવેલી પણ બની હોત, અને ઘરે મોટરો પણ હોત, પરંતુ એ જ સરદાર પટેલ પોતાની સમજદારી અને બુદ્ધિના કારણે ઊભા થઈ ગયા. ક્યાં ઊભા થઈ ગયા ? વકીલાત કરવા માટે. કોની વકીલાત કરવા માટે ? કોંગ્રેસની વકીલાત કરવા માટે અને આઝાદીની વકીલાત કરવા માટે. જ્યારે તેઓ વકીલાત કરવા માટે ઊભા થઈ ગયા, તો કેવી જબરદસ્ત બેરિસ્ટરી કરી અને કેવી રીતની બેરિસ્ટરી કરી અને કેવી રીતથી તર્ક રજૂ કર્યા અને કેવી રીતે એમણે એક હવા ઉત્પન્ન કરી કે હિંદુસ્તાનની દિશા જ બદલી નાંખી અને કોને ખબર શું નું શું થઈ ગયું ?

મિત્રો ! અકકલ ઘણી જ જબરદસ્ત છે અને મનુષ્યનો પ્રભાવ, જેને હું પ્રતિભા કહું છું, વિભૂતિ કહું છું. આ વિભૂતિ ઘણી જ સમજદારીથી ભરેલી છે. જો આ વિભૂતિ મનુષ્યની અંદર હોય, જેને હું મનુષ્યનું તેજ કહું છું, ચમક કહું છું, તો મનુષ્ય જ્યાં પણ જશે, તે ટૉપ રહેશે. તે ટૉપથી નીચે ઊતરી જ નથી શકતો. સૂરદાસ જ્યારે વેશ્યાગામી હતા, બિલ્વમંગલ હતા, ત્યારે તેમણે અતિ કરી નાંખ્યું હતું અને હદ બહાર જતા રહ્યા હતાં. એટલી હદ સુધી કે તેમના પિતાનું શ્રાદ્ધ થઈ રહ્યું હતું ત્યાં સુધી પોતાની પત્નીનાં ખભા ઉપર બેસીને ગયા. ત્યાં પણ પિતાજીનું શ્રાદ્ધ ચાલી રહ્યું હતું. તે સમયે વેશ્યાગમન માટે જતા રહ્યા. શ્રાદ્ધ કરવાને માટે પણ ન આવ્યાં. અતિ થઈ ગયું.

## પ્રતિભાઓ હંમેશાં મોખરે રહે

અને તુલસીદાસ ? તુલસીદાસ પણ જીજીવિષાના મોહમાં પડયા રહ્યા હતાં. બધી જ ક્ષમતા અને બધી જ પ્રતિભા એની અંદર જ લાગેલી રહી. એકવાર તેમને તેમની પત્નીની યાદ આવી. તે પોતાના પિયર ગઈ હતી. નદી વહેતી હતી. તેઓ નદીમાં કૂદી પડયા. નદીમાં કૂધા પછી જોયું કે હવે તો હું ડૂબવા લાગ્યો. આજુબાજુમાં કોઈ હોડી પણ મળે તેવું ન હતું. ત્યારે કોઈ મડદું વહી આવતું હતું, બસ તેઓ તો મડદા ઉપર સવાર થઈ ગયા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને નદી પાર કરી લીધી. તેમની પત્ની અગાશી ઉપર સૂતી હતી. ત્યાં જવા માટે તેમને સીડી નજરે ન પડી, રસ્તો ન દેખાયો. ત્યાં પાળી ઉપર એક સાપ લટકતો હતો. તેમણે સાપને પકડ્યો અને તેનાં વડે છત ઉપર પહોંચી ગયા. કોણ પહોંચી ગયું ? તુલસીદાસ. આ જ તુલસીદાસ જ્યારે હિંમતવાળા, સાહસવાળા તુલસીદાસ બનીં ગયા, પ્રતિભાશાળી તુલસીદાસ બની ગયા, તો તેઓ સંત થઈ ગયા.

આવી જ રીતે સૂરદાર પ્રતિભાશાળી અને હિંમતવાળા સૂરદાસ જ્યારે ઊભા થઈ ગયા અને જે પણ દિશા તેમણે પકડી લીધી, તેમાં તેમણે ટૉપ કર્યું. સૂરદાસે જ્યારે પોતે પોતાને સંભાળી લીધા અને પોતાની જાતને બદલી નાંખી ત્યારે તેઓ ટૉપ બન્યા. ટૉપથી ઓછામાં તો તેઓ રહી જ ન શકે. એ જ બિલ્વમંગલ જ્યારે વેશ્યાગામી હતો ત્યારે પહેલા નંબરનો અને જ્યારે સંત બન્યો ત્યારે પણ પહેલા નંબરનો. સંત પહેલા નંબરના શા માટે ? એટલા માટે કે તેઓ ભગવાનનાં ભક્ત બની ગયા, અને એવા ભક્ત બની ગયા કે તેમણે એવાં કામ કરી બતાવ્યાં, જે જોઈને આપણને અચંબો થાય છે. હિંમતવાળા અને દિલેર મનુષ્ય જે કાર્ય કરી શકે છે, તે સામાન્ય મનુષ્ય કરી શકતો નથી. તેમણે પોતાની આંખો ગરમ સળિયા નાખીને ફોડી નાંખી. શું તમે અને હું આવું કરી શકીએ ? ન કરી શકીએ. આવું કોઈ દિલેર મનુષ્ય જ કરી શકે છે. તેમણે હિંમત અને તન્મયતાની સાથે એવી દઢ ભક્તિ કરી કે શ્રીકૃષ્ણ ભગવાનને દોડીને આવવું પડ્યું અને બાળકના રૂપમાં જેમને તેઓ પોતાનાં ઇષ્ટદેવ માનતા હતા, એ જ રૂપમાં તેમની સહાયતા કરવી પડી. આંખોથી આંધળા સૂરદાસની લાકડી પકડીને સંડાસ બાથરૂમ કરાવવા માટે, સ્નાન કરાવવા માટે ભગવાન લઈ જતા હતા અને બધી જ વ્યવસ્થા કરતા હતા. ભગવાન તેમની નોકરી કરતા હતા.

ક્યા સૂરદાસની ? તે સૂરદાસની જે પ્રતિભાવાન હતા. હું કોની પ્રશંસા કરી રહ્યો છું ? ભક્તિની ? ભક્તિની પછીથી, સૌપ્રથમ પ્રતિભાની, સમજદારીની હું પ્રતિભાની વાત કરી રહ્યો છું. પ્રતિભા પોતે એક જબરદસ્ત વસ્તુ છે. તે જ્યાં પણ ક્યાંક ચાલી નીકળશે, જે પણ કોઈ દિશામાં ચાલી નીકળશે, જ્યાં પણ ઇચ્છા થાય ત્યાં જશે ત્યાં પહેલા નંબરનું કામ કરશે. તુલસીદાસે શું કામ કર્યું ? તુલસીદાસે જ્યારે પોતાની દિશાને બદલી નાંખી, જ્યારે તેમની પત્નીએ કહ્યું, ના, આ તમારે યોગ્ય નથી. શું તમે આ પ્રકારની વાસનામાં તમારી જિંદગી પૂરી કરી નાખશો ? તમારે ભગવાનની ભક્તિમાં લાગી જવું જોઈએ અને જેટલો પ્રેમ તમે અમને કરો છો એટલો જ ભગવાનને કરો, તો મજા આવી જશે અને તમારી જિંદગી બદલાઈ જશે. આ વાતનું તેમને લાગી આવ્યું. તમને અને અમને આવી અસર થાય ખરી ? ન થાય. આપણી પત્નીઓ સો સો ગાળો આપતી રહે છે અને છતાં પણ આપણે એમને એમ હાથ-મોં ધોઈને આવી જઈએ-છીએ. તે પાછી ફરીથી અપશબ્દો કહે છે અને ગુસ્સો કરીને ચાલી જઈએ છીએ અને કહીએ કે હું ક્યારેય હવેથી તારા ઘરે નહીં આવું અને બસ જતા રહીએ છીએ અને દુકાન ઉપર બેસીને બીડી પીતા રહીએ છીએ. સાંજે હરી-ફરીને પાછા આવી જઈએ છીએ. કેમ પાછા આવી ગયા ? આવી ગયા, કેમ કે તેની અંદર એ વસ્તુ છે જ નહીં, જેને જિંદગી કહે છે.

## જિંદગીવાળા માનવો-મહામાનવ

મિત્રો ! જિંદગીની કિંમત ઘણી જ છે. જિંદગીની કિંમત લાખો રૂપિયાની છે, કરોડો રૂપિયાની છે, અબજો રૂપિયાની કિંમત છે. તુલસીદાસ પણ જિંદગીવાળા મનુષ્ય હતા. વાસનાને માટે જ્યારે વ્યાકુળ થયા તો એવું થયું કે ફક્ત હેરાન જ હેરાન, પરેશાન જ પરેશાન અને જ્યારે ભગવાનની ભક્તિમાં લાગ્યા, તો મારા તમારી જેવી ભક્તિ નહોતી. માળા આ બાજુ ફરી રહી છે મન પેલી બાજુ ફરી રહ્યું છે. મણકા અહીં ફરી રહ્યાં છે અને ત્યાં માથું ખંજવાળવામાં આવી રહ્યું હોય. અહીં ભજન કરતાં હોઈએ અને ત્યાં પીઠ ખંજવાળતા હોય. ભલા આવી તે કાંઈ ભક્તિ હોય ખરી ? તુલસીદાસજીએ ભક્તિ કરી તો કેવી મજાની ભક્તિ કરી કે બસ પીપળાનાં ઝાડ ઉપરથી, બીલીના ઝાડ ઉપરથી કોણ આવ્યું ? ભૂત આવ્યું. તેમણે કહ્યું કે અમને ભગવાનનાં દર્શન કરાવો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એ ભૂતે કહ્યું કે, ભગવાનના તો કરાવી ન શકું. હનુમાનજીનાં કરાવી શકું. સારું ! ચાલો હનુમાનજીનાં કરાવો.

હનુમાનજી ત્યાં રામાયણ સાંભળવા જતા હતા. તેમણે તેમનાં દર્શન કરાવી દીધાં. તુલસીદાસજીએ હનુમાનજીને પકડી લીધા અને કહ્યું કે અમને રામચંદ્રજીનાં દર્શન કરાવી દો. તમે વાંચ્યું છે ને તુલસીદાસજીનું જીવન ? તેમણે શું કર્યું કે રામચંદ્રજી, જેમનું તેઓ નામ લેતા રહેતા હતા, તે રામચંદ્રજીને પકડીને જ રહ્યાં. તેમણે કહ્યું કે, રામચંદ્રજીનું પણ ઠેકાણું નથી અને મારું પણ ઠેકાણું નથી. બંનેએ એક થવું પડશે કાં તો રામચંદ્રજી રહેશે કાં તો હું ! કાં તો રામચંદ્રજી રહેશે અથવા તો હનુમાનજી રહેશે ! હું તો લઈને જ જંપીશ. ભલા એવું તો કઈ રીતે બની શકે કે હું હનુમાન ચાલીસાના પાઠ કરું અને હનુમાનજી ભાગી જાય અને પકડાય જ નહીં ? પકડમાં કઈ રીતે નહીં આવે ? હનુમાનજીને જરૂર પકડમાં આવવું પડશે. હનુમાનજી ચોક્કસ પકડમાં આવી ગયા. ફક્ત હનુમાનજી પકડમાં ન આવ્યા, હનુમાનજીના બાપા રામચંદ્રજી પણ પકડમાં આવી ગયા. તેમણે બંનેને પકડી લીધા. કોણે પકડી લીધા ? તુલસીદાસે હું અને તમે પકડી શકીએ ખરા ? હું અને તમે ન પકડી શકીએ. ભૂત તો પકડી શકીએ ને ? ન પકડી શકીએ. હનુમાનજીને પકડી શકીશું ? ના હનુમાનજી પણ પકડમાં નહીં આવે અને રામચંદ્રજી તો ભલા પકડમાં કઈ રીતે આવી શકે ? તેઓ પણ નહીં આવે.

## દિશા જો બદલી, તો ગજબ થઈ જશે

મિત્રો ! શું કારણ છે આનું ? આપણામાં અને તુલસીદાસજીની વચ્ચે શો તફાવત છે ? એક તફાવત છે. નાક, કાન, આંખ, દાંત અને હાથ-પગ બધું જ બરોબર છે, પરંતુ એક વસ્તુ જે એમની અંદર હતી તે આપણી અંદર નથી. તે વસ્તુ છે, જેને હું જિંદગી કહું છું. જેને હું પ્રતિભા કહું છું, જેને હું, વિભૂતિ કહું છું. જેને હું લગન કહું છું, તન્મયતા કહું છું, ચીવટ કહું છું. એ ચીવટ મિત્રો ! જ્યાં પણ હશે, તે ઘણું જ શાનદાર કાર્ય કરી રહી જશે અને ખોટી દિશા પકડી હશે તો પણ કામ કરી રહી હશે.

અંગુલિમાલ એક નંબરનો ડાકુ હતો. તેણે એવી કસમ ખાધી હતી કે ફોગટમાં કોઈનો પૈસો લઈશ નહીં. આંગળીઓ કાપી કાપીને તેની માળા બનાવીને તે દરરોજ દેવીમાને ચઢાવતા હતો. જો કોઈ કહેતું કે અરે ભાઈ ! પૈસા લઈ લે. પરંતુ અમારી આંગળી શું કામ કાપે છે ? તે કહેતો, વાહ ! ફોગટમાં, દાનમાં નથી લેતો. પહેલા તારી આંગળી કાપીશ તો મારી મહેનત થઈ જશે. પછી એ મહેનતના પૈસા લઈ લઈશ. આમ જ મફતમાં કોઈના પૈસા કેવી રીતે લઈ શકું ? આવી રીતે તે દરરોજ એક સાથે આંગળીઓ કાપીને તેની માળા દેવીને પહેરાવતો હતો. કોણ ? ખૂંખાર અંગુલિમાલ ડાકુ, પરંતુ જ્યારે તે બદલાયો, તો કેવો જબરદસ્ત બદલાયો, તમને ખબર છે ને ? સંત બની ગયો તો તેણે હિન્દુસ્તાનમાંથી બહાર નીકળીને સમગ્ર વિશ્વમાં, મિડલ ઈસ્ટમાં એવાં કાર્યો કર્યાં કે બસ, સૌને આશ્ચર્યચકિત કરી નાંખ્યા, તે જ્યાં પણ ગયા ત્યાં પોતાના પ્રભાવ વડે દુનિયા બદલતા ગયા.

મિત્રો ! જેમની અંદર ક્ષમતાઓ છે, જેમની અંદર પ્રતિભાઓ છે, તે ક્યાંથી ક્યાં પહોંચી શકે છે. આમ્રપાલી જ્યાં સુધી વેશ્યા હતી તો પહેલા નંબરની હતી. રાજકુમાર, રાજાઓથી માંડીને શેઠ શાહુકાર સુધ્ધાં તેની એક નજર પામવા માટે બેસુમાર રૂપિયા ખરચી નાંખતા હતા અને તેના ગુલામ થઈ જતાં હતાં, પરંતુ જ્યારે આમ્રપાલી પોતાની કરોડોની સંપત્તિને લઈને ભગવાન બુદ્ધની પાસે જતી રહી, તો કોને ખબર શું બની ગઈ અને અશોક સમ્રાટ જે હતો. એવો ખૂની હતો તેણે કુટુંબનાં કુટુંબ સમાપ્ત કરી નાંખ્યાં હતાં. બધાં જ શાહી કુટુંબોને તેણે એક પ્રકારે મરાવી નાંખ્યાં હતાં. મુસલમાનોએ તો એકાદને માર્યા હતા, આણે તો કોઈને પણ જીવતા નહતા છોડ્યા. આવો ખૂની હતો અશોક. તેણે ચંગેઝખાન, નાદિરશાહ અને ઔરંગઝેબ બધાને એક બાજુએ રાખી દીધા હતાં. જ્યાં ક્યાંય હુમલો કર્યો, ત્યાં લોહીની નદીઓ વહેવડાવતો ગયો.

પરંતુ મિત્રો ! જ્યારે તેનામાં સુધાર આવ્યો, તે બદલાયો, જ્યારે પોતે પોતાનામાં પરિવર્તન પામ્યો ત્યારે તે શું બની ગયો ? સમ્રાટ અશોક બન્યો, જેણે બૌદ્ધ ધર્મ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને બૌદ્ધ સંઘનું સંપૂર્ણ સંચાલન કર્યું. આજે જે આપણાં ધ્વજ ઉપર અને આપણાં સિક્કા-નોટો ઉપર ત્રણ સિંહની જે મુદ્રાનું નિશાન છે, તે સમ્રાટ અશોકનું નિશાન છે અને આપણાં રાષ્ટ્રધ્વજ ઉપર ચોવીસ ધરી અને ચોવીસ પાંખડીવાળું ચક્કર છે તે શું છે ? આ સમ્રાટ અશોક દ્વારા પ્રવર્તાવેલ અને પ્રતિપાદિત કરેલ ધર્મચક્ર પ્રવર્તન છે, જેને આપણે રાષ્ટ્રીય ધ્વજ ઉપર સ્થાન આપ્યું છે.

## જીવંત છતાં મડદા

મિત્રો ! ભગવાન જ્યાં પણ ક્યાંક પોતાનો અંશ મૂકે છે, વિભૂતિ મૂકે છે, તેની અંદર ચમક હોય છે, લગન હોય છે, તેની અંદર તડપ હોય છે અને મડદાં ? મડદાં મારી અને તમારી જેવાં હોય છે. શ્વાસ લીધા કરે છે. જ્યારે ભગવાવનની પૂજા કરે છે, ત્યારે પણ માથું આમ આમ હલાવ્યા કરે છે અને શ્વાસ લેતા રહે છે. સેવા કરવા જાય છે, તો ત્યાં પણ આળસુની જેમ પડ્યા રહે છે. સત્સંગ કરવા, શિબિર કરવા આવે છે, તો અહીં પણ માસીજી-માસાજીની યાદ હેરાન કરે છે.

મિત્રો ! આ શું હોય છે ? આ હું કોની વાર્તાઓ સંભળાવી રહ્યો છું ? મડદાંની જીવતા મનુષ્યોની પણ કહી રહ્યો છું. તમને જવાબદારીનું એક કામ સોંપી રહ્યો છું કે જ્યાં પણ તમને જીવંત મનુષ્ય નજરે પડે, જિંદાદિલ મનુષ્ય દેખાય, તમે એની પાસે જજો. તમે તેને મારો સંદેશ આપજો અને માનપાન આપજો અને એવું કહેજો કે ભગવાને તમને જે વિશેષતાઓ આપી છે, તમારી અંદર જે પ્રતિભા છે, જે ક્ષમતા છે અને તમારી અંદર જે વિશેષતા છે, તેના માટે ભગવાને નિમંત્રણ આપ્યું છે, સમયે નિમંત્રણ આપ્યું છે. યુગે નિમંત્રણ આપ્યું છે, પીડિત માનવતાએ નિમંત્રણ આપ્યું છે. અને નિમંત્રણ આપ્યું છે મનુષ્ય જાતિના અદશ્ય થઈ રહેલા ભવિષ્યએ અને એવું કહ્યું છે કે જીવતા રહેવા માટે ફક્ત પેટ ભરવું પૂરતું નથી. પેટ તો માખી-મચ્છર પણ ભરી લે છે. કોઈએ જલેબી ખાધી તો શું અને કોઈએ મકાઈનો રોટલો ખાધો તો શું ? ખાવા માટે મનુષ્યને જન્મ આપવામાં આવ્યો નથી. બાળકો પેદા કરવા માટે મનુષ્યને પેદા નથી કર્યો. ખાવા માટે અને ઓલાદ પેદા કરવા માટે સુવરને પેદા કરવામાં આવ્યું છે, જે એક-એક વર્ષમાં બાર-બાર બચ્ચાં પેદા કરી નાંખે છે. ગંદી, સડેલી વસ્તુઓ ખાઈને પણ હટ્ટું-કટ્ટું થઈને ફરતું રહે છે. પેટ ભરાઈ ગયું તો નસકોરાં બોલાવતું પડ્યું રહે છે. પેટ ભરવા માટે મનુષ્યને પેદા કરવામાં આવ્યો નથી.

## અમારા સંદેશવાહક બનો

મિત્રો ! ઈન્સાનનો જન્મ મોટાં કામોને માટે થયો છે. મનુષ્યનો જન્મ કેટલાય લાખ યોનિઓમાંથી પસાર થયા પછી આવે છે. એકાએક આવીને ક્યાં મળે છે ? એટલા માટે મિત્રો ! ત્યાં અમારો સંદેશો લઈને જજો, યુગનો સંદેશો લઈને જજો. સમયની માંગ લઈને જજો અને એ કહેજો કે તમને સમયે બૂમ પાડી છે, યુગ બોલાવી રહ્યો છે, રાષ્ટ્ર બોલાવી રહ્યું છે, ગુરુજીએ બોલાવ્યા છે. જો તમારે કાન છે, જો તમારી અંદર દિલ છે, તો તમે તેમનો અવાજ સાંભળી શકો છો. જો તમારી પાસે કાન નથી, દિલ નથી, તો અમે શું કહી શકીએ છીએ ? પછી કોણ માણસ સાંભળશે ? રામાયણની કથા આપણે સાંભળીએ છીએ અને જેવા આવ્યા એવા કપડાં ખંખેરીને ઘેર પાછા ફરીએ છીએ ભાગવતની કથા અમે સાંભળીએ છીએ, વ્યાખ્યાન અમે સાંભળીને આવીએ છીએ અને જેવાં આવીએ છીએ તેવા કપડાં ખંખેરીને પાછા ફરીએ છીએ. ચીકણા ઘડાની જેમ અમારી-તમારી ઉપર કોઈ પ્રભાવ પડતો નથી.

મિત્રો ! આપ ત્યાં જજો અને લોકોને એ કહેજો કે જો તમારી અંદર ક્યાંક જિંદાદીલી હોય, તો તમારે સમયની માંગને સાંભળવી જોઈએ. સમયની માંગને પૂરી કરવી જોઈએ અને યુગની માંગને પૂરી કરવી જોઈએ, અને મહાકાલે, ભગવાને તમને જ્યાં બોલાવ્યા છે, ત્યાં તમારે જવું જોઈએ. હનુમાનજી ભગવાનનો પોકાર સાંભળીને નીકળી પડ્યા હતાં, રીંછ અને વાંદરા નીકળ્યા હતા, ખિસકોલીઓ નીકળી હતી. તમારે માટે શું આ સંભવ નથી ? શું આપ આ લોભ અને મોહ વડે બંધાયેલા તમારા વાસના અને તૃષ્ણાનાં બંધનોને કાપીને અંગદની જેમ ચાલવા માટે તૈયાર છો ?


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મિત્રો ! હું તમને અંગદની જેમ જ સંદેશવાહક બનાવીને મોકલવા ઈચ્છું છું. મારા ગુરુએ મને સંદેશવાહક બનાવીને મોકલ્યો. હિંદુસ્તાનની બહાર ઘણીવાર અંગદની જેમ જ હું ફક્ત સંદેશવાહકના રૂપમાં જ ગયો છું. મેં કોઈ વ્યાખ્યાન નથી આપ્યાં કે નથી કોઈ સંગઠન કર્યું. સમગ્ર વિશ્વમાં, વિદેશોમાં કોને ખબર ક્યાંનો ક્યાં ગયો, પરંતુ મારા ગુરુનો સંદેશો લઈને ગયો. મેં લોકોને કહ્યું, જુઓ પોતાને બદલી નાંખો, સમય બદલાઈ રહ્યો છે. પરિસ્થિતિઓ બદલાઈ રહી છે. કોઈની પણ પાસે ધન રહેવાનું નથી. આગામી દિવસોમાં થોડા દિવસોમાં તમે જોશો કે ધન કઈ રીતે ગૂમ થઈ જવાનું છે. રાજાઓનાં રાજ્ય કેવી રીતે જતાં રહ્યાં, તે તમે અને અમે જોઈ લીધું. તમે જોયું કે થોડા દિવસો પહેલાં જે લોકો રાજા કહેવાતા હતા, સોના-ચાંદીની તલવારો લઈને હાથી ઉપર સવારી કરતા હતા, આજે કઈ રીતે તેઓ પોતાના માટે બે ટંકના ખાવાનો પ્રબંધ કરી રહ્યા છે.

સાથીઓ ! જ્યાં ક્યાંય પણ જાવ, ત્યાં તમે લોકોને કહેજો કે સમય ઘણો જ જબરદસ્ત છે, સમય સૌથી મોટો છે. ધન મોટું નથી. જેવી રીતે અમારા ગુરુજીએ પોતાનો સંદેશો લઈને સમગ્ર દુનિયાના જબરદસ્ત મનુષ્યોની પાસે અને ભાવનાશીલ મનુષ્યોની પાસે અમને મોકલ્યા, તેવી રીતે જ્યાં ક્યાંક પણ તમને વિભૂતિઓ નજરે પડે, ત્યાં અમારા સંદેશવાહકના રૂપમાં જજો.

*(ક્રમશ : આગળના અંકમાં ચાલુ)*

**મનુષ્યનો દૃઢ નિશ્ચય તેની સાથે જોડાયેલો રહેવો જોઈએ. તેનો વિવેક હોકાયંત્રની સોયની જેમ બરાબર જીવન લક્ષ્ય તરફ જ રહેવો જોઈએ, જેથી તે પોતાની જીવનયાત્રામાં ભટકે નહિ.**

**વિચાર મનુષ્યની મૌલિક વિશેષતા છે. તેના આધારે જ તે વનમુષ્યમાંથી નર-નારાયણ સ્તર સુધી સૃષ્ટિનો મૂર્ધન્ય અધિકારી બન્યો છે.**

**કોઈક નિષ્ફળતા માટે બીજાને દોષ દેવા કરતાં જેના કારણે આપણે સફળતામાંથી વંચિત રહેવું પડ્યું એવી આપણી ત્રુટિઓને શોધીએ તે વધુ લાભપ્રદ છે.**

**કોણ કેટલું આગળ વધ્યું એનું નહિ પણ કેવી રીતે આગળ વધ્યું એનું મહત્ત્વ છે. જો હાથે બીજાનો કોળિયો છિનવ્યા વિના અને પગે બીજાનું માથું કચર્યા વિના પ્રગતિ કરી હોય તો જ તે પ્રગતિની સાર્થકતા છે.**

**જે સ્વાર્થી છે તેનું પતન એક દિવસ અવશ્ય થશે. સેવા પરાયણને પતન માટે અવસર અને અવકાશ ક્યાંથી મળશે ? પતિત વ્યક્તિ પહેલાં સત્યવિમુખ થાય છે, પછી અંધકારમાં પ્રવેશ કરે છે. કારણ કે પાપ અંધકારમાં જ થઈ શકે છે. અસત્ય અને અંધકાર આ બે જ પતનનું અવલંબન છે.**

**- ગાંધીજી**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્વાસ્થ્યની દૃષ્ટિએ ગાયનું મહત્ત્વ (કાઉ થેરાપી)

વર્તમાન સમયમાં કરોડો રૂપિયા દવાઓ, ડૉક્ટરો અને હૉસ્પિટલો પાછળ ખર્ચાઈ રહ્યા છે, તેમ છતાં રોગ અને રોગીઓની સંખ્યા સતત વધી રહી છે. માનવસમાજ શારીરિક વ્યાધિઓથી ઘેરાઈ ગયો છે. ઘણા પરિવારો દવા અને ડૉક્ટરો પાછળ પોતાનું ધન ખોઈ ચૂક્યા છે, પરંતુ શરીરથી રોગ ગયા નથી. ગામડાની ગરીબ પ્રજા ધનહીનતાને કારણે ઉપચાર કરાવવામાં અસમર્થ છે.

આપણું આર્ષ સાહિત્ય ગો-મહિમાથી ભરપૂર છે. હવે વિજ્ઞાન પણ છાણ અને ગોમૂત્રના ગુણોને સમજવા લાગ્યું છે. આપણા દેશવાસીઓ હજારો વર્ષોથી એનો ઉપયોગ કરતા રહ્યા છે, પરંતુ દુર્ભાગ્યે આધુનિક્તાની આંધળી દોટમાં ગાય તથા ગાયના અમૃતતુલ્ય દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણના ગુણો કે જેમના આધાર પર શાસ્ત્રોમાં ગાયને ''કામધેનુ'' ''સર્વસુખપ્રદા'' વગેરે કહેવામાં આવી છે, તે સામાન્ય જનતામાંથી લુપ્ત થઈ ગયા છે, જેથી આપણી સમૃદ્ધિ અને સ્વાસ્થ્ય બંનેનો નાશ થઈ રહ્યો છે, આપણા સ્વાસ્થ્ય સાથે ગો-માતાનો હંમેશથી ઘનિષ્ટ સંબંધ રહ્યો છે અને રહેશે. સામાન્યજનોને એની જાણકારી પ્રાપ્ત થાય તે આજની સર્વોપરિ આવશ્યક્તા છે, જેથી આપણી સામાન્ય સમૃદ્ધિ અને સ્વાસ્થ્યના આધારને સ્થાપિત કરવા માટે જનચેતના જાગૃત કરી શકાય. જો ગાયના ગુણોની મહાનતા અને ઉપયોગિતા જનતાના મગજમાં વસી જાય તો ગાય અને ગાયની સેવા પણ ફરીથી પાછી આવશે અને એની સાથે જ ગામ તથા રાષ્ટ્રની સમૃદ્ધિ અને સ્વાસ્થ્યનો આધાર પણ પાછો આવશે. આવો, જોઈએ કે કઈ રીતે ગાયનો આપણા સ્વાસ્થ્ય સાથે ઘનિષ્ઠ સંબંધ છે.

આયુર્વેદશાસ્ત્રમાં ગાયનાં દૂધ, દહીં, ઘી, છાણ અને મૂત્રનો સ્વાસ્થ્યની રક્ષા તથા વધારો કરવાના સંબંધમાં અસીમ મહિમા વર્ણવવામાં આવ્યો છે.

**પંચગવ્ય** : ગાયના દૂધ, દહીં, ઘી, છાણ અને મૂત્રના એક ચોક્કસ પ્રમાણમાં મિશ્રણને પંચગવ્ય કહેવાય છે.

**ગોષડગ** : ઉપરના પાંચ પદાર્થો તથા ગાયથી પ્રાપ્ત થતી ગોરોચના આ છ પદાર્થ ગોષડગ કહેવાય છે. ગોરોચના ગાય તથા બળદના પિત્તાશયના પિત્ત નામના દ્રવ્ય પદાર્થનું સૂકવેલું દ્રવ્ય છે. આ બાળકોમાં શ્વાસ, વરાધ નામના રોગની પરમ ઔષધિ છે.

પ્રજ્વલિત અગ્નિથી ઈંધન ભસ્મ થઈ જાય છે. તેમ પંચગવ્યનું સેવન કરવાથી મનુષ્યનાં સઘળાં પાપોનો ક્ષય થઈ જાય છે.

**યત્ ત્વગસ્થિતગતં પાપં તિષ્ઠતિ માત્તેકં ।**
**પ્રાશેનત્ પંચગવ્યસ્ય દહવિગ્નિરિવેન્ધનમ્ ॥**

ઘણા રોગોમાં આને પ્રયોજવામાં આવે છે. માનવ-શરીરમાં એવો કોઈ વ્યાધિ નથી કે જેનો પંચગવ્યથી નાશ થતો નથી. એમ કહેવું ઉચિત ગણાશે ભાવપ્રકાશ, આરોગ્યપ્રકાશ, ચરકસંહિતા વગેરે આયુર્વેદના ગ્રંથોમાં એના કરોડો ઉપયોગો તથા સંપૂર્ણ ઉપચાર વિધિ આપવામાં આવ્યાં છે. તેથી, અહીં પંચગવ્યોથી સંબંધિત રોગોના નિવારણનું વર્ણન ન આપતાં ફક્ત સામાન્ય (ગાયો પાળનારા અને ગામડાની ગરીબ જનતા) લોકોને ધ્યાનમાં રાખી કેવળ દૂધ, ગોમૂત્ર, ગોમય (છાણ)ના સીધા પ્રયોગ દ્વારા થતા ઉપચારોનું વર્ણન આપવામાં આવી રહ્યું છે. જેનો સરળતાથી પ્રયોગ કરી આપણી પ્રાચીન ઉપચાર વિધિનો લાભ સ્વાસ્થ્ય સંરક્ષણ માટે ઉઠાવી શકાય છે, જે કોઈપણ જાતના ખર્ચ વિનાનો અને પ્રાકૃતિ પણ છે. ગતાંકમાં ગોમૂત્રનો ઉપચાર આપ્યો હતો, હવે દૂધ અને છાણ વડે ઉપચારનું વર્ણન આપવામાં આવી રહ્યું છે.

### ગાયનું દૂધ પોષક અને રોગનિવારક

વિશ્વમાં ગાયના દૂધ સમાન કોઈ પૌષ્ટિક આહાર નથી. વિશેષતઃ ગર્ભવતી સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધો માટે આને અમૃત કહેવામાં આવ્યું છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ ગોદુગ્ધને પૂર્ણ આહાર માનવામાં આવ્યો છે. શરીરના વિકાસ માટેનું દરેક તત્ત્વ એમાં વિદ્યમાન છે. મનુષ્યની શારીરિક, માનસિક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને આધ્યાત્મિક શક્તિ વધારનાર ગાયનું દૂધ જ છે. ગાયના ગુણ અને સ્વભાવને અનુરૂપ એનું દૂધ પણ શરીરને સ્ફૂર્તિ, તેજ તથા સાત્વિક બળથી પરિપૂર્ણ કરાવનાર બુદ્ધિને તીક્ષ્ણ અને સાત્વિક બનાવનારું છે તથા આપણા જનજીવનના આરોગ્યનો આધાર છે. ગાયનું દૂધ, દહીં, માખણ અને ઘી આપણા જનજીવનના આરોગ્યના આધાર છે. ગાયના દૂધ, દહીં, માખણ, ઘી તથા છાશ આ બધાં જ મન અને બુદ્ધિને સાત્વિક બનાવનારાં છે. ગાયના દૂધનો કોઈ વિકલ્પ નથી. આ એક દિવ્ય પદાર્થ છે. ગાયના દૂધમાં જે પોષક તત્વો જોવા મળે છે તે કોઈ અન્ય (ભેંસ કે બકરી)ના દૂધમાં મળતા નથી. માતાના દૂધ પછી ગાયના દૂધનું જ સ્થાન છે. આયુર્વેદમાં ગાયના દૂધ, દહીં અને માખણને બાળક, યુવાન, વૃદ્ધ, રોગી દરેકને માટે કલ્યાણકારી અને અમૃત સમાન ઉપયોગી ક્હેવામાં આવ્યું છે.

**જરા સમસ્ત રોગાણાં શાંતિકૃત સેવિનાં સદા ।**
**તદ્ધિતં બાલકે વૃદ્ધે વિશેષાદમૃતં શિશો : ॥**

ગોદૂધ પૌષ્ટિક આહારની સાથે રોગનિવારક પણ છે. અહીં દુગ્ધ ચિકિત્સાના કેટલાક પ્રયોગો સંક્ષિપ્તમાં આપવામાં આવી રહ્યા છે.

**૧. યકૃતમાં વિકાર :** પાચન અંગોના બધા દોષો ગાયના દૂધથી દૂર કરી શકાય છે. રશિયામાં દુગ્ધ-ચિકિત્સા કરીને સંપૂર્ણ યુરોપમાં એનો પ્રચાર કર્યો છે. ''કશું ખાશો નહીં અને ફક્ત દૂધ પીતા રહો. મધનો છૂટથી ઉપયોગ કરો. યકૃત, પ્લીહા, મૂત્રાશય વગેરે સારી રીતે કામ કરવા લાગશે.''

**૨. ડિપ્થેરીયા :** બાળકો માટે આ રોગ જીવલેણ હોય છે, કેમ કે એનાથી બાળકનો શ્વાસ ઘુંટાતો રહે છે અને આંખો બહાર નીકળી આવે છે. બે ચમચી હૂંફાળા દૂધમાં ચમચી ઘી અને ચમચી મધ મિક્સ કરીને બાળકને ચટાડવાનું શરૂ કરી દેવું. ગળું અને છાતીની સફાઈ થતાં જ બાળક સુખનો શ્વાસ લેવા લાગશે. મધ-ઘી કરતાં બમણું લેવું. ગાયનું હૂંફાળું ઘી બાળકની છાતી અને ગળા પર પણ લગાડવું. એનાથી કફ પીગળીને દૂર થશે અને શ્વાસનળી ખલ્લી થઈ જશે.

**૩. ક્ષય :** ગ્રીસ, ફ્રાંસ, રશિયા, અમેરિકા, બ્રિટન, અરબસ્તાન સ્વિટ્ઝરલૅન્ડના વિખ્યાત ડૉક્ટરોએ પ્રયોગો બાદ એ સાબિત કરી દીધુ છે કે, ગાયના દૂધથી ક્ષય (ટી.બી.)નો પણ યોગ્ય ઈલાજ કરી શકાય છે. ૫૦ ગ્રામ સાકર અને ૧૦૦ ગ્રામ પીપરીમૂળ ચાળીને ૨૫૦ ગ્રામ દૂધમાં એટલું જ પાણી ઉમેરીને કાઢો તૈયાર કરી લેવો. દૂધ બાકી રહે ત્યારે ઉતારી લેવું અને ૧૦-૧૫ ગ્રામ ગાયના ઘીમાં ૨૦-૨૫ ગ્રામ મધ મિક્સ કરવું એને એટલું ફીણવું કે દૂધમાં ફીણ થઈ જાય. આને ચૂસતા રહેવું અને મનમાં વિશ્વાસ ઊભો કરવો (ભાવના કરવી) કે હવે આપ તંદુરસ્ત થવાના માર્ગે ચાલી રહ્યાં છો. ફેફસાંમાં છિદ્ર હશે તો પણ ધીમે ધીમે ભરાવા લાગશે.

**૪. ધતૂરાનું વિષ :** ગાયના દૂધમાં ગાયનું જ ઘી મેળવીને પીવડાવતા રહેવું. ગાયના ઘી જેવું બીજું વિષનાશક અમૃત ભાગ્યે જ હશે.

**૫. નસકોરી ફૂટવી :** એક કપ ઉકાળેલા દૂધમાં જૂનામાં જૂનું ઘી નાંખવું અને થોડો વખત છીંકણીની જેમ સૂંઘવું જ્યારે દૂધ હુંફાળુ રહે ત્યારે સાકર મિક્સ કરીને પી જવું. એનાથી લોહીની ગતિ શાંત રહેશે અને નાકમાંથી લોહી વહેશે નહીં. જો મૂળા ખાલી પેટે ખાતા રહો અને દૂધ ગાજરનો રસ પીતા રહો તો આવી નોબત જ નહીં આવે.

**૬. પેટમાં કૃમિ થવા :** કડવી દવાઓ લેવા કરતાં ગાયના દૂધમાં મધ મેળવીને પીવાનું શરૂ કરી દેવું એમાંથી ધીમે ધીમે જૂના કીડા મરી જશે, નવા પેદા નહીં થાય.

**૭. છાલાં પડવાં :** છાલાં ગરમીને કારણે પડ્યાં હોય કે આગથી બળવાને કારણે હોય, બંને સ્થિતિમાં ગાયના દૂધની મલાઈ કે ઘીનો લેપ કરવો, બળતરા પણ શાંત થઈ જશે, છાલાં બેસી ગયા બાદ ઘા પણ રૂઝાઈ જશે.

એક કપ પાણીમાં ૨ ચમચી દૂધ નાંખી રોજ ચહેરા પર માલિશ કરવું, ચહેરા પરના ડાઘા દૂર થઈ જશે અને ચહેરો સાફ થઈ જશે.

**૮. નાસૂર :** આ હાડકાં સુધી પહોંચી જતો ફોલ્લો છે, જેના પરુની દુર્ગંધથી ડૉક્ટર અને સગાસંબંધી પણ રોગીથી દૂર રહેવા ઈચ્છે છે. જૂના ગાયના ઘીથી નાસૂર જલદી સુકાઈ જશે. પહેલાં લીમડાના પાંદડાંના કાઢાથી ફોલ્લો સાફ કરવો. તે પછી કપડાંની દિવેટ બનાવી ગાયના ઘીમાં બોળીને નાસૂરમાં નાખી દેવી. દિવસમાં બે-ત્રણ વાર આ દિવેટ બદલવી. દોઢ-બે મહિનામાં ફોલ્લાનાં મૂળ સુકાઈ જશે અને ઘા રૂઝાવા લાગશે. દૂધમાં ઘી નાખીને પીવડાવતા પણ રહેવું, જેથી શરીર નિર્વિષ રહે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**ઉપચારમાં છાણનો પ્રયોગ**

છાણ પોષક, શોધક, દુર્ગંધનાશક, શોષક, કીટાણુનાશક, બળવર્ધક તથા કાંતિદાયક છે. અમેરિકાના ડૉ. મેકફર્સનના મતાનુસાર છાણ જેવું સુલભ કીટનાશક દ્રવ્ય બીજું કોઈ નથી. રશિયન વૈજ્ઞાનિકો અનુસાર અણુવિકિરણનો પ્રતિકાર કરવામાં છાણથી લીપેલી દીવાલો પૂર્ણ સક્ષમ છે. ભોજનનું આવશ્યક તત્ત્વ વિટામિન બી-૧૨ શાકાહારી ભોજનમાં નહિવત્ હોય છે. ગાયના મોટા આંતરડામાં એની પ્રચુર માત્રામાં ઉત્પત્તિ થાય છે, પરંતુ ત્યાં તેનું શોષણ થતું નથી, તેથી આ વિટામિન છાણ સાથે બહાર નીકળી જાય છે. પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ છાણના સેવનથી પર્યાપ્ત માત્રામાં વિટામિન બી-૧૨ પ્રાપ્ત કરી સ્વાસ્થ્યલાભ મેળવતા હતા. છાણના સેવન તથા લેપનથી અનેક વ્યાધિઓ નષ્ટ કરી શકાય છે.

**કેટલાકની માહિતી નીચે આપવામાં આવી રહી છે :**

૧. **કૉલેરા** : વિશિષ્ટ જંતુઓ દ્વારા આ રોગ મહામારીના રૂપમાં ફેલાય છે. શુદ્ધ પાણીમાં ગાયનું છાણ નાખી મિક્સ કરી ગાળીને પીવાથી આ રોગથી બચાવ થાય છે. મદ્રાસના ડૉ. કિંગે છાણની કૉલેરાના જંતુઓ મારવાની શક્તિ જોઈને દૂષિત જળમાં છાણ મિક્સ કરી શુદ્ધ બનાવવાની સલાહ આપી છે.

૨. **મલેરિયા** : ગાયના છાણનો રસ લેવાથી શરીરમાં પ્રવિષ્ટ થયેલાં મલેરિયાનાં જંતુઓનો નાશ થઈ જાય છે. ઈટાલીના વૈજ્ઞાનિક જી.ઈ. બિગેંડએ સિદ્ધ કર્યું છે કે, છાણથી મલેરિયાનાં જંતુ મરે છે.

૩. **ખંજવાળ** : ખસ, ખરજવું અને દાદર દૂર કરવા માટે આદિકાળથી ભારતમાં છાણનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. જળમાં મિક્સ કરી તથા ગાળીને છાણ પીવાથી તથા છાણને પ્રભાવિત સ્થાન પર ઘસી ગરમ પાણી વડે સ્નાન કરવાથી ચામડીના ઘણા રોગોનો નાશ થઈ જાય છે.

૪. **અગ્નિથી દાઝવું** : અગ્નિથી દાઝી જવાય ત્યારે છાણનો લેપ રામબાણ દવા છે. તાજા છાણનો વારંવાર લેપ કરતા રહી તેને ઠંડા પાણીથી ધોતા રહેવું જોઈએ. આ વ્રણરોપણ કરનાર તથા કીટનાશક છે.

૫. **સાપનું કરડવું (સર્પદંશ)** : વિષધર સાપ, વીંછી કે અન્ય જીવ કરડે ત્યારે રોગીને છાણ પીવડાવવાથી તથા શરીર પર લેપ કરવાથી વિષનો નાશ થઈ જાય છે. અતિ વિષાક્તતાની અવસ્થામાં છાણનું સેવન મગજ તથા હૃદયને સુરક્ષિત રાખે છે. રોગીને છાણના મિશ્રણવાળી નાંદમાં રાખવામાં આવે છે.

૬. **દંત રોગ** : ગાયના છાણનાં છાણાં બાળીને પાણી નાખી ઠંડા કરવાં. ત્યારબાદ તેને સૂકવીને ઝીણું પીસીને શીશીમાં ભરી લેવું. આ છાણની રાખથી મંજન કરવાથી પાયોરિયા, પેઢામાંથી લોહી પડવું, દંતકૃમિ તથા દાંતના અન્ય રોગો પણ દૂર થાય છે.

**એક સાધુ એમના શિષ્યો સાથે મેળામાં ભ્રમણ કરી રહ્યા હતા. એક સ્થળે એક બાબા માળા ઘુમાવી રહ્યા હતા, પરંતુ વારંવાર આંખો ખોલીને જોઈ લેતા કે લોકોએ દાનમાં કેટલા પૈસા આપ્યા છે. સાધુ હસ્યા અને આગળ વધ્યા. આગળ એક પંડિતજી ભાગવત કહી રહ્યા હતા. પરંતુ એમનો ચહેરો યંત્રવત્ હતો - શબ્દોનો પણ ભાવ સાથે કોઈ મેળ બેસતો નહોતો, ચેલાઓની જમાત બેઠી હતી. એમને જોઈને પણ સાધુ ખડખડાટ હસી પડ્યા. એનાથી આગળ વધ્યા ત્યારે એક ચિકિત્સક રોગીનો ઉપચાર કરતો જોવા મળ્યો. એ જખમો ધોઈને મલમપટ્ટો કરતો હતો અને પોતાની મધુર વાણીથી તેને સતત સાંત્વન આપી રહ્યો હતો. આ જોઈને સાધુની આંખોમાં આંસુ આવી ગયાં.**

**આશ્રમ પાછા વળતાં જ શિષ્યોએ પહેલાં બે સ્થળોએ હસવાનું અને પછી રડવાનું કારણ પૂછ્યું ત્યારે તેઓ બોલ્યા - બેટા ! પહેલાં બે સ્થળો પર તો માત્ર દેખાવ હતો, પરંતુ ભગવાનના નામ માટે વ્યાકુળ એક જ વ્યક્તિ જોવા મળી અને એ વ્યક્તિ હતી ચિકિત્સક. એની સેવાભાવના જોઈને અંદરથી હૃદય દ્રવિત થઈ ઊઠ્યું. કોણ જાણે ક્યારે લોકો ધર્મના સાચા સ્વરૂપને સમજશે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જાગો નવયુગની વિભૂતિઓ

માનવજીવન ઈશ્વરે આપેલો એક અનુપમ ઉપહાર છે. આ એક એવી અમૂલ્ય વિભૂતિ છે કે જેની સમક્ષ ત્રણે લોકોની સંપદા પણ તુચ્છ છે. બધા વેદ, સાસ્ત્ર, ઉપનિષદ વગેરે સદ્‌ગ્રંથોમાં એ જ કહેવામાં આવ્યું છે કે, મનુષ્યયોનિ ઘણા પુણ્યથી મળે છે. "બડે ભાગ માનુષ, તન પાવા । સુર દુર્લભ સુર દુર્લભ સદ્‌ગ્રંથહિ ગાવા"॥ પરંતુ મનમાં એક સવાલ ઊભો થાય છે કે, શું માનવશરીર પ્રાપ્ત કરીને જ મનુષ્યને ભાગ્યવાન કહી શકાય છે ? સૃષ્ટિનો મુકુટમણિ, બ્રહ્માજીની સર્વશ્રેષ્ઠ કૃતિ મનુષ્ય શું મનુષ્યશરીર ધારણ કરીને જ પરમપિતાનો વારસદાસ બની જાય છે ? આ સવાલ પર ભારતીય મનીષીઓએ ગહન ચિંતન કર્યું છે અને તેઓ એ નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે -

**યેષાં ન વિદ્યા, ન તપો, ન દાનં ।**
**જ્ઞાનં, ન શીલં, ન ગુણો, ન ધર્મ ।**
**તે મૃત્યુલોકે ભુવિ ભાર ભૂતા ।,**
**મનુષ્ય રુપેણ મૃગાશ્ચરન્તિ ॥**

જેની પાસે વિદ્યા, તપ, દાન, શીલ, ગુણ અને ધર્મ નથી, તે આ મૃત્યુલોકમાં મનુષ્યના રૂપમાં પશુવત્ જીવન વીતાવે છે, કેમ કે આહાર, નિદ્રા, ભય અને પરિવારવૃદ્ધિ તથા ભરણપોષણમાં મનુષ્ય અને પશુ એકસરખાં હોય છે. માત્ર જ્ઞાન અને ધર્મ દ્વારા જ એમનામાં ફરક જોવા મળે છે. તેથી માનવશરીર પ્રાપ્ત કરીને મનુષ્ય કેવી રીતે મહાપુરુષ, વિભૂતિવાન બની શકે છે એ મહત્ત્વની સમસ્યાનું સમાધાન કરવા માટે આ યુગના વ્યાસ આચાર્ય શ્રીરામ શર્માજીએ પ્રજ્ઞાપુરાણના દ્વિતીય ખંડનું નામ જ મહામાનવ ખંડ રાખી દીધું છે.

જ્ઞાન, કર્મ અને ભાવનાના આધારે ઋષિશ્રેષ્ઠે મનુષ્યને ત્રણ શ્રેણીઓમાં વિભક્ત કર્યો છે :

**૧. નરપશુ** : લોકપરલોકમાં ફક્ત પોતાની જ સગવડો શોધતા રહી પશુ જેવું જીવન જીવે છે, એમને નરપશુ કહી શકાય છે. આવા લોકો એકલવાયું નીરસ જીવન જીવતા રહી જિંદગીના દિવસો પૂરા કરે છે. પૂજ્ય ગુરુદેવે **સ્વાર્થી ઈક્કડની દુર્દશા, દુખી આંબો, ગંદું તળાવ** વગેરે અનેક દૃષ્ટાંતો આપીને આવા લોકોની દુર્દશાનું વર્ણન કર્યું છે.

**૨. નરપિશાચ** : આવા લોકોનું જીવન પશુઓ કરતાં પણ બદતર હોય છે. જેમના જીવનની મહત્ત્વાકાંક્ષાઓ ઘણી વધારે હોય છે, જેઓ કારણ વિના બીજાઓને કષ્ટ આપે છે, જેઓ પોતાની લિપ્સા પૂરી કરવા માટે કુકર્મ અને ગુનાહિત આસુરી વૃત્તિ અપનાવે છે એમને નરપિશાચ, દૈત્ય કે રાક્ષસ જ કહી શકાય છે. રાવણ, કંસ, હિરણ્યાક્ષ, ભસ્માસુર વગેરે આ શ્રેણીમાં આવે છે. **કંસનો અંત, ચક્રવર્તી જરાસંધ, નાદિરશાહની ક્રૂરતા, સિકંદરનો પશ્ચાત્તાપ** વગેરે પ્રેરક કથાઓ દ્વારા ગુરુદેવે સંદેશો આપ્યો છે કે આવી દુષ્ટ વ્યક્તિઓના મૃત્યુથી પણ બધા પ્રસન્ન જ થાય છે. આવી વ્યક્તિ હીરા જેવું અણમોલ મનુષ્યજીવન પ્રાપ્ત કરી તેને કોલસો બનાવી દે છે. એને ભટકી ગયેલા દેવતા કહેવામાં આવે છે.

**૩. દેવમાનવ** : આ લોકો લૌકિક મહત્ત્વાકાંક્ષાઓનો ત્યાગ કરી સરેરાશ નાગરિકનું જીવન ગુજારે છે. પરિવારને સ્વાવલંબી તથા સુસંસ્કારી બનાવે છે. સંગ્રહની ઈચ્છા રાખતાં નથી તથા સ્વેચ્છાએ બ્રાહ્મણવૃત્તિ અપનાવે છે અને નરમાંથી નારાયણ બની જાય છે. આ મહામાનવોને જ વિશ્વની વિભૂતિ કહેવામાં આવે છે તથા એમનું નામ ઈતિહાસનાં પૃષ્ઠો પર સુવર્ણાક્ષરે લખવામાં આવે છે. તેઓ પારસમણિની જેમ નરપશુ તથા નરપિશાચોના હૃદય પરિવર્તન કરવામાં પણ સમર્થ હોય છે. દેવર્ષિ નારદે રત્નાકરને મહર્ષિ વાલ્મીકિ બનાવી દીધા. ગૌતમ બુદ્ધે આમ્રપાલી જેવી નગરવધૂને સાધ્વી તથા અંગુલિમાલ ડાકુને સંન્યાસી બનાવી દીધો. આજના યુગમાં પણ શ્રી જયપ્રકાશ નારાયણ સમક્ષ ડાકુઓએ આત્મસમર્પણ કર્યું હતું. પૂજ્ય ગુરુદેવે પોતે પણ કોણ જાણે કેટલાય પતિત દુરાચારી તથા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અનૈતિક કાર્ય કરનારાઓને જીવનની નવી દિશા આપીને એમના જીવનને ધન્ય બનાવી દીધાં છે. પૂજ્ય ગુરુદેવે પ્રજ્ઞાપુરાણમાં **મહામાનવોની બ્રાહ્મણવૃત્તિ, સાદાઈનું સુખ, મહાત્મા ગાંધી અને એમની સાદાઈ, સંતનું ગૌરવ** વગેરે અનેક વિભૂતિઓના પ્રેરક પ્રસંગો પ્રસ્તુત કરી એવી મહાન વિભૂતિઓનું ગુણગાન કર્યું છે, જેઓ પોતાના પવિત્ર આચરણ તથા મહાન આદર્શો રજૂ કરીને નરપશુ તથા નરપિશાચોને નવી દિશા આપીને મહામાનવ બનાવી શક્યા.

આજે વરિષ્ઠ પ્રતિભાશાળી આત્માઓને જગાડવા માટે શું કરવામાં આવે ? એમને શું શીખવાડવામાં આવે કે જેથી આ યુગસંધિની વેળામાં પોતાની ભૂમિકા નિભાવીને તેઓ પોતાને ધન્ય બનાવી શકે ? દેવર્ષિ નારદ દ્વારા કરવામાં આવેલ આ સવાલનો જવાબ ભગવાન વિષ્ણુના માધ્યમથી આપતાં ગુરુદેવ કહે છે - જાગૃત આત્માઓ ક્યારેય ચૂપ બેસી શકતા નથી. જરૂર એ વાતની છે કે એમના હૃદયમાં ભાવસંવેદનાઓની ગંગોત્રી પ્રવાહિત કરવામાં આવે. એ સત્પાત્રોને ગાયત્રી મહાવિદ્યાનું અમૃત પીવડાવવામાં આવે, જેથી દુષ્પ્રવૃત્તિઓનું વિષ સમાપ્ત થઈ શકે તથા યજ્ઞીય ભાવનાનો સંચાર કરવામાં આવે કે જેથી એમનામાં સત્કર્મ કરવાની પ્રેરણા ઉત્પન્ન થઈ શકે. જેઓ માર્ગ ભૂલી ગયા છે એમને સદ્જ્ઞાનનો આલોક બતાવવામાં આવે, કેમ કે **માનવી પુરુષાર્થ જ્યારે સાચી દિશામાં થાય છે ત્યારે પરિસ્થિતિઓ જાતે બદલાઈ જાય છે, જેમને યુગ પરિવર્તનના નામે ઓળખવામાં આવે છે.**

આજે પ્રતિભાઓની કમી નથી. આ યુગ બુદ્ધિ, તર્ક તથા પ્રત્યક્ષવાદનો યુગ છે. આ ભૌતિકવાદી યુગમાં ભૌતિક સાધનોની જે પ્રગતિ થઈ છે તે આશ્ચર્યજનક છે. પરંતુ એ દુર્ભાગ્યની વાત છે કે, આ સમયે બુદ્ધિ, બળ તથા ધનનો દુરુપયોગ થઈ રહ્યો છે. પ્રતિભાઓ ઊંધી દિશામાં વહી રહી છે. "વિદ્યા વિવાદાય, ધન મદાય, શક્તિઃ પરેષાં પરપીડનાય"ની કહેવત ચરિતાર્થ થઈ રહી છે એટલે કે વિદ્યા વિવાદ માટે, ધન અહંકાર પ્રદર્શન માટે તથા શક્તિ બીજાઓને કષ્ટ આપવા માટે પ્રયોજાઈ રહી છે. આ વિષયમાં ગુરુદેવ લખે છે : ધ્વંસ સરળ છે, સર્જન કઠિન. એક નાનકડી સડી ગયેલી ખીલી પણ ધ્વંસ કરી શકે છે. જરૂર સર્જનાત્મક કાર્યો કરવાની છે. આ શક્તિ પ્રાપ્ત કરવા માટે યજ્ઞથી પ્રેરણા લેવામાં આવે, કેમ કે યજ્ઞ માત્ર અગ્નિહોત્ર નથી. યજ્ઞનો અગ્નિ શિક્ષણ આપે છે કે, જેમ અગ્નિમાં જે કંઈ નાખવામાં આવે છે તે બધું જ વાયુભૂત કરી અગ્નિદેવતા સૌને વહેંચી દે છે, તેવી જ રીતે મનુષ્યને જે કાંઈ સમાજ પાસેથી મળ્યું છે એમાંથી પોતાની જરૂરિયાત પૂરતું રાખી બાકી બધું જ સમાજના હિતમાં લગાવી દેવું જોઈએ. ઈદં ન મમનો અર્થ જ આ છે. જે વ્યક્તિ જેટલો ત્યાગ કરે છે તે એટલો જ મહાન યજ્ઞ કરે છે. વિનોબા ભાવેનો ભૂદાન યજ્ઞ, નેત્રદાન યજ્ઞ આ શ્રેણીમાં જ આવે છે. **પ્રાણ આપીને બીજ બચાવ્યાં, બલિદાની માટીનું મહત્ત્વ, સાચો યજ્ઞ** વગેરે દૃષ્ટાંતો આપી ગુરુદેવે એ જ બતાવ્યું છે કે, યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ કરતાં એ બ્રાહ્મણનો યજ્ઞ મહાન છે, જેણે પોતે ભૂખ્યા રહી પોતાની બધી રોટલીઓ ચાંડાળને આપી દીધી. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, ડૉ. રાજેન્દ્ર પ્રસાદે આવો જ યજ્ઞ કર્યો હતો. આજે પ્રતિભાઓમાં ત્યાગની આ ભાવનાને જાગૃત કરવાની જરૂર છે.

આ સમયમાં દરેક ક્ષેત્રે વિચારક્રાંતિની આવશ્યકતા છે. બધી વરિષ્ઠ પ્રતિભાઓ આ મહાયજ્ઞમાં પોતાની યોગ્યતા અને ક્ષમતા અનુસાર આહુતિઓ આપે. ધર્માચાર્યો ધર્મના વાસ્તવિક સ્વરૂપને સમજાવી સંપ્રદાયોમાં સદ્ભાવના જગાડે, બુદ્ધિજીવી વર્ગ વ્યક્તિના વિચારો બદલવા માટે આગળ આવે અને વૈજ્ઞાનિક વર્ગ વિશ્વનો નાશ કરતા બૉમ્બ વગેરેનું નિર્માણ ન કરી કેટલી એવી શોધો કરે કે જેથી બિનઉપજાઉ જમીન ઉપજાઉ બની જાય, દુકાળગ્રસ્ત દેશમાં વાદળાં વરસીને તેને લીલોછમ બનાવી દે. પૂરગ્રસ્ત દેશોમાં પૂરનાં પાણી નિયંત્રિત થઈ જાય. ભૂકંપ અને વાવાઝોડાથી જે નુકશાન થાય છે તેને રોકવાનો પ્રયાસ કરે. કોઈ વૈજ્ઞાનિક કે ડૉક્ટર એવી દવા કે ગોળીનું નિર્માણ કરી દે કે જેથી દુર્બુદ્ધિ સદ્બુદ્ધિમાં ફેરવાઈ જાય. મનનું ખરાબ ચિંતન બંધ થઈ જાય. જો આવું બની શકે તો વિશ્વનો કેટલો ઉપકાર થશે ?

આજે જે ઊંઘની ગોળીઓ તથા ડ્રગ બનાવવામાં આવી રહ્યાં છે તે સ્વાસ્થ્યનો નાશ તો કરે જ છે, સાથોસાથ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મનુષ્યની નૈતિક્તાનું પતન પણ કરી રહ્યાં છે. આજે ડૉક્ટરોનાં દવાખાનાંઓ રોગીઓથી ઊભરાતાં રહે છે. જો કોઈ ડૉક્ટર ધન્વંતરિની જેમ હિતભૂક્ મિતભૂક્ તથા ઋતભૂક્નો સિદ્ધાંત અપનાવવાનું શિક્ષણ આપત (ભોજન હિતકારી, ઓછું અને ઋતુ અનુસાર કરો) તો કેટલું સારું થાત. વીજળીની શોધથી અંધકાર સમાપ્ત થઈ જાય છે. કોઈ એવી શોધ થઈ હોત કે બટન દબાવવાથી મનનો અંધકાર દૂર થઈ જાય અને જ્ઞાનની જ્યોત પ્રગટ થઈ જાય. ડૉક્ટર, એન્જિનિયર, વૈજ્ઞાનિક વગેરે બધાં જ જો પોતાની પ્રતિભાનો સદુપયોગ કરે તો ખૂબ જ ઓછા સમયમાં ધરતી પર સ્વર્ગનું નિર્માણ થઈ શકે છે.

આજે ભૈતિકતાની આંધળી દોડમાં આખું વિશ્વ ભાગી રહ્યું છે. બધાના મનમાં સોનાનો મૃગ ઉછાળા મારી રહ્યો છે. બ્રાહ્મણ પોતાનું કર્તવ્ય ભૂલી ગયો છે, ધરતી પરથી અધર્મ અને અન્યાયને મિટાવી દેનાર ક્ષત્રિયો અર્જુનની જેમ મોહગ્રસ્ત બની ગયા છે, વ્યાપારીઓ ભેળસેળ કરી તિજોરીઓ ભરવાનો પ્રયાસ કરી રહ્યા છે, લોકો સદ્ભાવનાઓ ભૂલી રહ્યા છે. આ વિષયમાં ગુરુદેવ તેમની પીડા વ્યક્ત કરતાં લખે છે કે, આ સમયમાં બ્રાહ્મણો અને શિક્ષકોએ વશિષ્ઠ, ચાણક્ય તથા પરમહંસની બ્રાહ્મણવૃત્તિ અપનાવવી પડશે, જેથી રામ, ચંદ્રગુપ્ત તથા વિવેકાનંદ જેવી પ્રતિભાઓને જગાડી શકાય. ક્ષત્રિયોએ પરશુરામ, રામ અને કૃષ્ણ બનીને પૃથ્વી પરથી અધર્મ, અન્યાયનો નાશ કરવો પડશે. વૈશ્યો ભામાશાહ બનીને આગળ આવે તથા ભક્તગણ હનુમાન જેવી સમર્પણભાવનાને જાગૃત કરી સંસ્કૃતિની સીતાને શોધી લાવે.

**બ્રાહ્મણો, જાગો જગતને દિવ્ય નૂતન જ્ઞાન દો ।**
**ક્ષત્રિયો, નિજ બાહુબલથી ન્યાયને સ્થાન દો ॥**
**વૈશ્યો, ભામાશાહ બનીને સર્વસ્વ આપનું દાન કરી દો ॥**
**શુદ્ર, સેવાભાવનાથી વિશ્વનું કલ્યાણ કરી દો ॥**

આજે દરેક વર્ગની વ્યક્તિની સૂતેલી પ્રતિભા અને પાત્રતાને જગાડવાની જરૂર છે. બુદ્ધિજીવી વર્ગ ડૉક્ટર, એન્જિનિયર, વૈજ્ઞાનિક, શિક્ષક વગેરેના જાગરણની સાથો-સાથ કલાકારોએ પોતાની જવાબદારી સભાનતાથી સંભાળવાની જરૂર છે. કલા ફક્ત કલા માટે નહીં, જીવનના માર્ગદર્શન માટે હોવી જોઈએ. સંગીતમાં મનની ભાવનાઓને જગાડવાની અદભુત ક્ષમતા છે. બીનનો અવાજ સાંભળી સાપ નાચવા લાગે છે. મૃગ તેની સૂધબૂધ ખોઈને શિકારીની જાળમાં ફસાઈ જાય છે તો પછી મનુષ્યની વાત જ શી ? પરંતુ આજે સંગીત ફક્ત ઊછળકૂદ તથા મનની ભાવનાઓને ઉત્તેજિત કરવાનું માધ્યમ બની ગયું છે. ટી.વી., રેડિઓ અને કૅસેટના માધ્યમથી મનની સૂઈ ગયેલી સંવેદનાઓને જગાડવી જોઈએ, જેથી ઈશ્વરભક્તિ અને દેશભક્તિનો પાઠ ભાણી મનુષ્યજીવન ધન્ય બની શકે.

એ જ રીતે સાહિત્યકાર દેશનો સજગ પહેરેદાર હોય છે. પોતાની કલમના જોરે એ મડદામાં પણ પ્રાણ પૂરી શકે છે. ભારતીય મનીષીઓએ પ્રારંભિક કાળથી અત્યાર સુધી વેદ, શાસ્ત્ર અને પુરાણોથી કથાઓ માધ્યમથી ભારતીય સંસ્કૃતિને સુરક્ષિત રાખી છે. આજે પણ પૂજ્ય ગુરુદેવે હજારો પુસ્તકો લખી યુગ નિર્માણનો સંકલ્પ લીધો છે. જો આ સમયમાં એન્જિનિયર, ડૉક્ટર વૈજ્ઞાનિક, વકીલ, ધર્મના સંરક્ષક સંત, રાજનેતા, શિક્ષક, કલાકાર, સાહિત્યકાર, ધનિક વર્ગ બધા મળીને એ ક્રાંતિકારી સાહિત્ય, પોતે વાંચે, બીજાઓને વંચાવે અને સૂતેલી પ્રતિભાને જગાડી યુગ નિર્માણનો સંકલ્પ લઈ શંખનાદ કરી દેતો વિશ્વાસ રાખજો કે આ બધી વિભૂતિઓનું બૅંક બેલેન્સ ભલે દેશવિદેશની બૅંકોમાં નહિ હોય, છતાં સંસારની દરેક વ્યક્તિના હૃદય પર એમનું સામ્રાજ્ય હશે. માટે આવો, આપણે બધા મળીને પૂજ્ય ગુરુદેવ તથા વંદનીય માતાજીના સૂક્ષ્મ સંરક્ષણમાં આયોજિત આ મહાયજ્ઞમાં તન-મન-ધનની આહુતિ આપવાનો સંકલ્પ લઈએ, જેથી આ યજ્ઞ વિશ્વકલ્યાણકારી બની શકે.

**ઐસા હોવે યજ્ઞ કિ જો હર માનવ કા કલ્યાણ કરે ।**
**દુશ્ચિંતન મિટ જાયે ઔર સદ્ચિંતન કા નિર્માણ કરે ॥**
**જીવન ધન્ય બનાને આઓ, આઓ યજન કરેં ।**
**જગો નવયુગ કી વિભૂતિઓ, આઓ યજન કરેં ॥**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વૈદિક સાહિત્યમાં માનવધર્મનું દર્શન

ષડયંત્રો અને કુચક્રોથી ભરેલા વિષયુક્ત વાતાવરણમાં વૈદિક સાહિત્યમાં વર્ણવેલ અખંડતા તથા એકતાનું સૂત્ર જ બધા ભારતીયો માટે અનુકરણીય અને પ્રાસંગિક છે. સંગઠિત થઈને રહેવાથી જ દેશનું કલ્યાણ શક્ય છે. ઋગ્વેદની ઋચાઓનું આહ્‌વાન છે કે, બધાનાં હૃદયો તથા સંકલ્પોમાં સમાનતા રહે. પ્રેમભર્યાં હૃદયો જ ઐશ્ચર્યના વિકાસને જુએ છે -

**સમાની વઃ આકૂતિઃ સમાના હૃદયાનિ વ : ।**
**સમાન મસ્તુ વો મનો યથા વઃ સુસહાસતિ ॥**
**(ઋગ્વેદ ૮-૪૯-૪)**

વૈદિક ઋચાઓના ઉદ્‌બોધનનો અંગીકાર કરી આપણે સંગઠિત રહેવાનું છે. આપણે ક્યારેય વિચ્છેદ થવા ન દઈએ. આપણું લક્ષ્ય છે - અખંડિત રાષ્ટ્ર તથા માનવતાનો પ્રસાર.

વૈદિક સાહિત્યની કલ્યાણમયી વાણી માનવમાત્ર માટે છે, જેનું અંતઃપ્રમાણ સ્વયં વેદ છે -

**યથે માં વાચં કલ્યાણી મવદાની જનેભ્ય : ।**
**(યજુ. ૨૬/૨)**

વેદ સ્વયં કહે છે કે, મારી કલ્યાણ કરનાર વાણી પુરુષ તથા સ્ત્રી માટે છે જેમાં બ્રાહ્મણથી માંડીને શૂદ્ર અને અતિશૂદ્ર સુધીના બધા માટે આદેશ છે. આ ઋચાઓની વ્યાખ્યા તથા તેને જીવનમાં આત્મસાત્ કરવાની જરૂર છે.

સાંપ્રદાયિકતાને ધર્મ સમજવો તે બુદ્ધિહીનતાનું સૂચક છે કેમ કે એ હૃદયોને જુદાં કરી માનવીને માનવીથી દૂર કરે છે.

પાછલાં બે હજાર વર્ષોથી અલગતાવાદી દુષ્પ્રવૃત્તિઓ વિકસી અને એણે વેરવિખેરનાં, અલગતાનાં અનેક ષડયંત્રો ઊભાં કરી દીધાં. એક ઈશ્વરને સ્થાને અનેક ઈશ્વર, અનેક દેવતા તથા એક ઉપાસનાના સ્થાને અસંખ્ય પ્રકારની ઉપાસનાઓ પેદા કરી દીધી. એક સમાજમાં અનેક જાતિઓ, ઉપજાતિઓ, એમાંય પરસ્પર ઊંચ-નીચ અને જુદાપણાંના પ્રતિબંધો. વેદના એક ધર્મના નિર્દેશના સ્થાને અગણિત પ્રથા-પરંપરાઓ. સ્થાપિત સ્વાર્થોએ પોતપોતાનું નેતૃત્વ કાયમ કરવા અને વર્ગ બનાવવા માટે ભારતીય સંસ્કૃતિ તથા સમાજના ટુકડે-ટુકડા કરી નાખ્યા. પરિણામે વિખરાયેલી સાવરણીની સળીઓની જેમ આપણો દેશ અત્યંત દીન-દુર્બળ બની ગયો અને તેને મુઠ્ઠીભર વિદેશીઓની ગુલામીમાં હજાર વર્ષ સુધી પદદલિત રહેવું પડ્યું.

વિશ્વમંગળની કામના કરનારો એકમાત્ર સનાતન વૈદિક ધર્મ છે તથા સંસારના સમસ્ત ધર્મો આ જ વેદરૂપી શિખરમાંથી નીકળ્યા છે :

**"વેદાત્ ધર્મઃ પ્રવહતિ શૈલાદભિ નદી યથા ।"**

મનુસ્મૃતિ અનુસાર, પર્વતમાંથી જેમ નદીઓ નીકળે છે, તેમ બધા ધર્મો, વેદમાંથી નીકળ્યા છે. આપણે ધર્મના મૂળ ઉદ્‌ગમ સુધી જઈને તેનો સાર ગ્રહણ કરવાનો છે, ત્યારે જ આપણે ઘર-પરિવાર, સમાજ-દેશ તથા વિશ્વનું કલ્યાણ કરી શકીશું.

રાષ્ટ્રીય ચરિત્રને અક્ષુણ્ણ રાખવા માટે સમર્થ સમાજની સંગઠિત શક્તિને જગાડવી એ આપણું પાવન કર્તવ્ય છે, જે સંકલ્પ અને વિશ્વાસથી શક્ય છે. **વૈદિક સાહિત્યનું પૂજન કરવાના સ્થાને તેની પ્રેરણાઓને સાકાર રૂપ પ્રદાન કરવું એ આપણું કર્તવ્ય છે.** વૈદિક સાહિત્યનો સ્વાધ્યાય આપણા મનને જાગૃત કરી તેને જ્યોતિર્મય બનાવી શકે છે. સ્તરહીન પુસ્તકો વાંચવાને બદલે દૈનિક જીવનમાં જો આપણે એક ઋચાના અર્થને સમજીએ, તેનું ચિંતન કરીએ તો ચોક્કસપણે આપણને પ્રકાશયુક્ત દિશા મળશે. વેદોને મૂળરૂપમાં વાંચવાનું અને સમજવાનું આજે સામાન્ય જનતા માટે શક્ય નથી, તેથી **"વેદોનો દિવ્ય સંદેશ"**નું અધ્યયન અને મનન કરવું. આ ગ્રંથમાં વર્તમાન પરિસ્થિતિઓમાં જીવનોપયોગી ઋચાઓની વ્યાખ્યા સરળ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને સુબોધ ભાષામાં કરવામાં આવી છે. આપણે વિવેકી બનીને જ સંગઠનનાં સોપાનો પર ચઢી શકીએ છીએ. ''કૃણ્વન્તોવિશ્વ માર્યમ્''નો અર્થ પણ એ જ છે કે, આપણે સંગઠિત થઈ સંસારને શ્રેષ્ઠ બનાવીએ ત્યારે જ શાંતિ શક્ય બનશે.

**સંગચ્છધ્વં સં વદધ્વં સં વો મનાંસિ જાનતામ્ ।**
**(ઋગ્વેદ ૧૦-૧૯-૨)**

આ ઋચામાં ઐશ્ચર્યની પ્રાર્થના કરવામાં આવી છે. ઈશ્વરીય આદેશ છે. સંગચ્છધ્વં-તમે બધા એક સાથે ચાલો. કોઈ કાર્યની સિદ્ધિ માટે જો બધાની ચાલ જુદી જુદી હશે તો કાર્યસિદ્ધિમાં બાધા ઊભી થશે. તેથી બધાનો આચાર એકબીજાને અનુકુળ હોવો જોઈએ.

સં વદધ્વં.- તમે બધા એકસરખું બોલો. ચાલની સમતાની સાથેસાથે વાણીની સમાનતા પણ અપેક્ષિત છે. એક્તા સ્થાપવા માટે એક વાણી, એક ભાષા હોવી જરૂરી છે.

સં વો મનાંસિ જાનતામ્ - તમે જ્ઞાનીઓના મન જેવા થાવ. એકસરખા બોલ ત્યારે જ શક્ય છે જ્યારે બધાના મનના ભાવ એકસરખા હોય. ઉચ્ચાર તથા આચારનું મૂળ વિચાર છે. જે મનમાં હોય છે તે જ વાણીમાં આવે છે અને જે વાણી દ્વારા બોલવામાં આવે છે તે જ કર્મમાં પરિણમે છે.

મનીષી અને સહૃદયી સદૈવ એકસરખો વ્યવહાર રાખે છે. અથર્વવેદમાં પણ આ પ્રકારનો મંત્ર છે.

**સં જાનીધ્વં સં પ્રચ્યધ્વં (૬-૬૪૧)**

એટલે કે તમે બધા સંગઠિત થઈને ચાલો. તમારા બધાનાં મન એકસમાન થાવ.

જ્ઞાનીઓના વિચારોમાં સમતા હોય છે, પરંતુ અજ્ઞાનીજનોમાં પરસ્પર વિષમતા હોય છે.વાતવાતમાં ઝઘડા કરવા, એકબીજાની વાત કાપવી, એકબીજાને નીચો બતાવવા માટેનો એમનો સ્વભાવ હોય છે, તેથી જ લોકનાયક તુલસીદાસે રામચરિતમાનસમાં લખ્યું છે -

**જે પરદોષ લખહિં સહસાખી ।**
**પરહિત ઘૃત જિનકે મન માખી ॥**

એકબીજાનો દોષ કાઢવાની પ્રવૃત્તિથી બચીને સદૈવ સદ્ગુણોનો સંચય કરનારાઓ જ સમુન્નત થઈને બધાનું કલ્યાણ કરી શકે છે. વૈદિક ઋચાઓની પ્રેરણા છે કે દેશને સંગઠિત કરવા માટે સંગઠનની શરૂઆત ઘરથી થવી જોઈએ. ઘરમાં કલેશ, કલહનું વાતાવરણ ઉત્પન્ન કરનારાઓ બહાર શાંતિની વાતો કેવી રીતે કરશે ? ઘર અને બહાર બંને સ્થળોએ અજવાળું કરનારાઓ જ બુદ્ધિમાન અને વિવેકી છે. બહાર અજવાળું કરવાનો ઢોંગ કરનારાઓ ઘરનો અંધકાર દૂર કરી શકતા નથી. વૈદિક ઋચાઓનું આહ્વાન છે કે, આપણે એક્તા અને સંગઠનરૂપી આલોકથી સૌપ્રથમ પોતાના ઘરને ઉજાળી દઈએ, પછી સમાજ અને દેશને આ આલોક આપીને સમગ્ર માનવતા માટે મંગલમય બનીએ. **ઋચાઓની પ્રેરણાઓ રટણ કરવા માટે નહીં પરંતુ જીવનમાં ઉતારવા માટે છે. વૈદિક સાહિત્ય પૂજવા, આરતી ઉતારવા વગેરે માટે નથી, તેથી શીખને સ્વભાવનું અંગ બનાવવી જોઈએ.**

અખંડતા અને એક્તાની પ્રેરણાઓ કોઈ એક દેશ અને જાતિ માટે નહીં પરંતુ સંપૂર્ણ માનવજાત માટે છે, તેથી વેદવાક્યોમાં કહેવામાં આવ્યું છે. - ''માતા ભૂમિ પુત્રોહમ્ પૃથિવ્યા''. એટલે કે પૃથ્વી આપણી માતા તથા આપણે એના પુત્ર છીએ. આવી શુભ વિચારધારા માનવી-માનવીને ભાઈ માની વિશ્વમંગલની કામના કરે છે. મત અને મજહબની આંધીઓ માનવીને માનવીથી દૂર કરે છે. તેથી શાકિર શ્યોરપુરી કહે છે.

**શેખ જિસ રાહ સે હોકર કે ગુજર હે અપની,**
**ઉસમેં કાબા હે, ન કાશી હે, ન ગિરજા હે ॥**

''માનવધર્મ'' જ સાચો ધર્મ છે, જે સદ્ગુણો ધારણ કરવાથી બળ આપે છે અને એ સદ્ગુણો છે - ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઈન્દ્રિયનિગ્રહ, ધૈર્ય, વિદ્યા, સત્ય અને અક્રોધ. એમને ધારણ કરવા એ જ ધર્મ છે. વૈદિક સાહિત્યમાં સંગઠનનું સ્વરૂપ સંપૂર્ણ વિશ્વના કલ્યાણ માટે છે. તેથી, અપેક્ષા છે કે આ વિશ્વ-મંગલકારી વૈદિક ધર્મનો પ્રસાર કરવામાં આવે, જેથી માનવી માનવતાને ધારણ કરી એક્તા અને અખંડતાનો પ્રસાર કરે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વસતિ વધારાને રોકવો અતિ જરૂરી

સંપૂર્ણ વિશ્વમાં સૌથી વધુ ઉત્પાદન જો કોઈ વસ્તુનું વધી રહ્યું હોય તો એ છે મનુષ્યનું ઉત્પાદન. ઘડિયાળમાં લાગેલો સેકંડનો કાંટો આ બાજુ ટિક કરે છે તો બીજી તરફ સંસારમાં ક્યાંક ને ક્યાંક ત્રણ બાળકો જન્મ લે છે. **એક અઠવાડિયું પસાર થાય છે ત્યારે વસતિના જૂના આંકડામાં ૨૦ લાખ શિશુઓની વૃદ્ધિ થઈ જાય છે.**

સૃષ્ટિના આદિકાળથી માંડીને સન્ ૧૯૩૦ સુધી ધરતીની વસતિ એક અબજ થઈ ગઈ, પરંતુ એ પછી વિજ્ઞાનની પ્રગતિ સાથે હરીફાઈ કરતી વસતિ પણ એટલી ઝડપથી વધી કે આગલી એક શતાબ્દીમાં જ એ બમણી એટલે કે બે અબજ થઈ ગઈ. તે પછી તો વૃદ્ધિ વધુ તીવ્ર બની- ૧૯૩૦ પછી કુલ ત્રીસ વર્ષમાં જ વસતિ ત્રણ અબજ થઈ ગઈ. જો આ ક્રમને રોકવામાં ન આવ્યો તો સંપૂર્ણ સંસાર એકવાર વિસ્ફોટ માટે તૈયાર થઈ જશે.

આ બેફામ વૃદ્ધિ જોતાં જ માલ્થસને ચિંતા થઈ હતી અને એમણે જનસંખ્યા પર એક સુવિખ્યાત શોધકાર્ય કર્યું, જે આજે આખા વિશ્વમાં 'માલ્થસનો જનસંખ્યા સિદ્ધાંત' (માલ્થસ થિયરીના નામે પ્રસિદ્ધ છે. માલ્થસે વસતિવધારાની ગંભીરતાનું દિગ્દર્શન કરતાં લખ્યું છે- ''જનસંખ્યા ગુણોત્તર ક્રમ (જ્યોમેટ્રીકલ પ્રોગ્રેશન)ના દર મુજબ એટલે કે ૧ થી ૨, ૨થી ૪, ૪થી ૮, ૮થી ૧૬, ૧૬થી ૩૨, ૩૨થી ૬૪, ૬૪થી ૧૨૮ના દરે વધે છે , જ્યારે ઉત્પાદન સમાંતર ક્રમ (એરિથમેટિક પ્રોગ્રેશન) એટલે કે ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ના દરે વધે છે. આ હિસાબે પહેલા વર્ષે ૧ વ્યક્તિ માટે એક યુનિટ અનાજની જરૂર હતી, જે તેનું પેટ ભરવા માટે પૂરતું હતું. ત્રીજા વર્ષે વ્યક્તિ ૮ થઈ પરંતુ અન્ન ઉત્પાદન ત્રણ યુનિટ જ રહ્યું. પાંચ વ્યક્તિઓ માટે અનાજનું જે દબાણ પડશે તે માટે શિક્ષણ, સ્વાસ્થ્ય, વસ્ત્ર, મકાન અને મનોરંજન વગેરેની સગવડોમાં કાપ મૂકીને ભરણપોષણની સમસ્યા પૂરી કરવી પડશે. દર બીજા વર્ષે આ જટિલતા વધતી જ જશે. સાત વર્ષ પછી જ્યાં ખાવા માટે જનસંખ્યા ૧૨૮ હશે ત્યાં ઉત્પાદન કુલ ૭ યુનિટ જ હશે. તાત્પર્ય એ કે ૧૨૧ વ્યક્તિ બેરોજગારી, ભૂખમરો, બીમારી અને નિરક્ષરતાની સમસ્યાથી જન્મજાત પીડાતી રહેશે અને તેઓ બધા મળીને એમને અસુરક્ષાની સમસ્યાથી દુઃખી કરી રહ્યાં હશે. ઉત્પાદનનું આ પ્રમાણ અનાજના ક્ષેત્રમાં જ નહીં વસ્ત્ર, આત્મસુરક્ષા અને આત્મ-વિકાસના ક્ષેત્રમાં પણ હશે. આ રીતે દરેક ક્ષેત્રમાં સંકટ વધશે. બેરોજગારી, ભૂખમરો, નિરક્ષરતા અને અનુશાસનહીનતાનું આ સ્વરૂપ આજે સ્પષ્ટ જોઈ શકાય છે.

આ આંકડાઓના આધારે જ ડૉ. વી. આર. સેને કહ્યું હતું- ''એમ માનવામાં આવ્યું છે કે સંસારમાં જ્યાં સુધી ભૂખમરાના અભાવને દૂર કરવામાં ન આવે ત્યાં સુધી સ્થાયી શાંતિ અને સુરક્ષા કાયમ રહી શકતાં નથી. વાસ્તવમાં લોકોનું સ્વાસ્થ્ય અને સુખ જ નહીં, પરંતુ સ્વતંત્ર અને લોકતંત્રી સમાજનું અસ્તિત્વ પણ જોખમમાં છે. આપણે ઉત્પાદકતા વધારવા અને વસતિ ન વધવા દેવા માટેના શક્ય તેટલા પ્રયાસો કરવા પડશે, નહિ તો આપણે અભૂતપૂર્વ વિશાળ વિપત્તિનો સામનો કરવો પડશે.''

આ કથન શેખચિલ્લીના લગ્નની કલ્પના નથી પણ એક સત્ય છે જે આપણને આગામી દિવસોમાં કોઈ ભયંકર વિસ્ફોટ માટે તૈયાર રહેવા માટે સાવધ કરે છે. પ્રકૃતિના કોષમાં મર્યાદિત સામગ્રી છે જે અમર્યાદિત લોકોના પેટ ભરી શકતી નથી. તેથી એણે એક સિદ્ધાંત બનાવી લીધો છે કે, જે કોઈ જાતિઓ દિવાળીમાં આતશબાજીના સાપની જેમ વધે છે તેનો નાશ થતો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહે. માખી અને માછલીઓ સંસારમાં સૌથી વધુ બચ્ચાંઓ પેદા કરે છે. જો પ્રકૃતિએ એમનો ઝડપથી સંહાર ન કર્યો હોત તો આજે માખીઓ અને માછલીઓના રહેવા માટે આપણી પૃથ્વી જેવી ૧૦ કરોડ ધરતીઓની જરૂર પડી હોત.

એક હાથી મરતાં પહેલાં છ હાથી પેદા કરી જાય છે. જો પ્રકૃતિએ એમનું નિયંત્રણ ન કર્યું હોત તો સંસારમાં હાથી જ હાથી હોત. ઓસ્ટ્રેલિયામાં સસલાંઓ ખૂબ જોવા મળે છે. ત્યાં નાના-નાના ખાડાઓમાં પાણી માટે જ એમનું ભયંકર યુદ્ધ થાય છે અને યાદવોની સેનાની જેમ પરસ્પર રક્તપાતમાં જ એમનો વિનાશ થતો રહે છે.

મનુષ્ય પણ આવા જ વિનાશના આરે આવી પહોંચ્યો છે. સંસારમાં જે પણ જાતિઓ વધુ પ્રજનન ધરાવતી રહી છે તે અવિકસિત અને પદદલિત જ નહીં પણ તેનું નામોનિશાન પણ મટી ગયું. યુરોપમાં જોવા મળતી 'ડાયનોસરસ' અને 'બ્રાન્ટોસરાન' જાતિઓ કે પહેલાં જેમનાં રાજ્યોનાં રાજ્યો વસેલાં હતાં, હવે એમનો એક પણ માણસ સંસારમાં જોવા નથી મળતો. એમની સ્ત્રીઓ બીજી સમર્થ જાતિઓએ કબજે કરી લીધી અને તેઓ આપસમાં જ ખાવા-પહેરવાના નામે લડી-ઝઘડીને નષ્ટ થઈ ગઈ. 'વસતિ નહીં. સમર્થતા જીવિત રહે છે'ના સિદ્ધાંતનો આ ઉદાહરણો દ્વારા અનુભવ કરી શકાય છે. વરસો પહેલાં યુદ્ધ થયું અને ઈઝરાયેલ કે જેની વસતિ અમુક લાખની જ હતી, એણે કેટલાય કરોડ અરબવાસીઓને ૭ દિવસમાં જ હરાવી દીધા.

ડુક્કર સૌથી વધુ બચ્ચાં આપતું પ્રાણી છે. એને પોતાનું પેટ ગંદા પદાર્થોથી જ ભરવું પડે છે. બીજી તરફ 'સિંહ' ખૂબ જ ઓછાં બચ્ચાં પેદા કરે છે, તેની શારીરિક ક્ષમતા એટલી પ્રચંડ હોય છે કે તે જ્યારે ગર્જના કરે છે તો આગલા પંજાઓથી પૃથ્વીને જકડી લે છે ત્યારે ગર્જના કરે છે. લોકમાન્યતા એવી છે કે સિંહને એવું લાગે છે કે તેની ગર્જનાથી પૃથ્વી ફાટી જશે. આ વિશેષ ગર્જનાને 'નાકી' કહેવાય છે. તે જ્યારે ગર્જના કરે છે ત્યારે એ ક્ષેત્રનાં બધાં વૃક્ષો અને પૃથ્વાં સુધ્ધાં કંપી જાય છે. તે સમયે ભારતીયોની સંખ્યા ઓછી જ હતી, પરંતુ આપણે સંયમિત અને બ્રહ્મચર્યપૂર્ણ જીવનને કારણે એ શક્તિ પ્રાપ્ત કરી હતી કે જ્યારે હિમાલય પર ઊભા થઈને ગર્જના કરતા હતાં સંપૂર્ણ એશિયા કંપી જતો હતો. આપણી ટીમો અમેરિકા સુધી જતી હતી અને વિજય મેળવીને પાછી આવતી હતી. જે જાતિઓ વધુ સંતાનવાળી હોય છે તે (૧) જલદી સમાપ્ત થઈ જાય છે (૨) કમજોર થાય છે અને (૩) અવ્યવસ્થિત થાય છે, તેથી તેઓ સંઘર્ષ અને હરીફાઈમાં સૌથી પાછળ રહે છે.

વિકાસવાદના જનક ડાર્વિનના સિદ્ધાંત 'સ્ટ્રગલ ફોર એકિઝસ્ટન્સ' અનુસાર પ્રાણીઓને પોતાના અસ્તિત્વની રક્ષા માટે સંઘર્ષ કરવો પડે છે. આ સંઘર્ષમાં જે વિજયી થાય છે તેઓ જ જીવિત રહે છે. ઘણા સમય પૂર્વે ડાર્વિને એક વાત કહી હતી, જેને મનુષ્યેતર જીવોમાં પ્રત્યક્ષરૂપે સાચું થતું જોવાયું છે. ''જેની લાઠી તેની ભેંસ''ની રીતિનીતિ આદિ યુગના મનુષ્યની હતી, પરંતુ જે ગતિએ વિશ્વની વસતિ વધી રહી છે તે જોતાં એમ કહી શકાય છે કે આગામી દિવસોમાં મનુષ્ય-મનુષ્ય વચ્ચે જીવનરક્ષા માટે સંઘર્ષનું પ્રત્યક્ષ દૃશ્ય જોવા મળી શકશે તથા આદિમાનવ ફરી તેની હિંસક પ્રવૃત્તિઓ સાથે પ્રગટ થઈ શકે છે.

સભ્યતાની ગતિ સુવિકસિત અવસ્થાથી આદિકાળ તરફ કેમ પાછી વળશે ? કારણ સ્પષ્ટ છે. પ્રકૃતિનાં સંસાધનો મર્યાદિત છે, પરંતુ ઉપભોક્તાઓની સંખ્યામાં અસામાન્ય વધારો થઈ રહ્યો છે. સાધનો સીમિત અને પ્રયોગકર્તાઓ અસીમ. આવી સ્થિતિમાં જરૂરી સાધનોની પ્રાપ્તિ માટે સંઘર્ષ પેદા થશે. પરિણામે મનુષ્યનું આદિમ સ્વરૂપ ફરી પ્રગટ થશે. વિશ્વનાં બુદ્ધિશાળી વિચારકોએ એ સંભાવના વ્યક્ત કરી છે કે, વસતિ વધારાનો ક્રમ નિર્બાધ ગતિએ આ જ રીતે ચાલતો રહ્યો તો ચોકસપણે ઉપરની પરિસ્થિતિઓનો સામનો કરવાની સ્થિતિ ઊભી થઈ શકે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમાણુ સંકટની જેમ જનસંખ્યા વૃદ્ધિની વિસ્ફોટક સ્થિતિની જાણકારી આંકડાઓ પરથી મળી શકે છે. એક મિનિટ વીતે કે એકસો પચાસ શિશુઓનું અવતરણ થઈ જાય છે. **એક કલાકમાં નવ હજાર તથા ચોવીસ કલાકમાં બે લાખ સોળ હજારની સંખ્યા વિશ્વની વસતિમાં જોડાઈ જાય છે.** એક વર્ષમાં સાત કરોડ છોત્તેર હજાર એટલે લગભગ ત્રણ ચતુર્થાંશ બાંગ્લાદેશ અથવા ઈંડોનેશિયાની આબાદી જેટલો એક નવો દેશ પેદા થઈ જાય છે.

દેશની વર્તમાન સ્થિતિ એ છે કે, પચાસ ટકાથી વધુ વ્યક્તિઓને જીવનનિર્વાહનાં અનિવાર્ય સાધનો જેવાં કે અન્ન, વસ્ત્ર અને રહેઠાણની સુવિધાઓ ઉપલબ્ધ નથી. અત્યારે પણ ૭૫ ટકા જનતા નિરક્ષરતાના અભિશાપથી ગ્રસ્ત છે. ચિકિત્સા તથા શિક્ષણની પૂરતી વ્યવસ્થા ન હોવાથી બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ રુંધાઈ જાય છે. એવી પરિસ્થિતિઓમાં દેશની આબાદીમાં પ્રતિવર્ષ એક મોટી સંખ્યા વધારાની જોડાતી જાય તો નિઃસંદેહ એ ચિંતાની બાબત હશે. સમયસર વસતિ વધારાનાં કારણોની શોધ કરવી તથા તેને રોકવા માટેના શક્ય તે ઉપાયો શોધી કાઢવા જોઈએ. બીજા દેશોએ પોતપોતાની રીતે વસતિ વધારો રોકવા માટેના પ્રયાસો કર્યા છે અને એમાં એમને સફળતા પણ મળી છે. ઉપસ્થિત સંકટ વધુ ભયાનક બની જાય તે પહેલાં જ સચોટ પ્રયત્નો કરવા જરૂરી છે.

પ્રસ્તુત સમસ્યાના સમાધાન માટે એક સૂચન એ પણ છે કે, છોકરા-છોકરીઓનાં લગ્નની વયમર્યાદા વધારી દેવામાં આવે. ચિકિત્સકોનો મત છે કે છોકરીઓની પ્રજનન ક્ષમતા ૧૫ થી ૨૫ વર્ષ સુધી સૌથી વધુ હોય છે. મોટા ભાગની સ્ત્રીઓ આ અવધિમાં ત્રણ-ચાર બાળકોની માતા બની જાય છે. પચીસ વર્ષ બાદ પ્રજનનક્ષમતા ઘટી જાય છે. આપણા દેશમાં લગભગ ૫૦ ટકાથી પણ વધુ છોકરા-છોકરીઓનાં લગ્ન બાવીસ વર્ષની વયે પહોંચતા સુધી થઈ જાય છે. ગ્રામીણ ક્ષેત્રોમાં આ પ્રમાણ સૌથી વધારે છે. બાળલગ્નોની કુપ્રથા આજે પણ દેશના વિભિન્ન ભાગોમાં વિદ્યમાન છે. રાજસ્થાનના આજે પણ અડધાથી વધુ છોકરા-છોકરીઓનાં લગ્ન ૧૫ વર્ષની વય પૂર્વે જ કરી દેવામાં આવે છે. અપરિપક્વ વયના કિશોરોમાં જોશનો આવેગ તો રહે છે પણ હોશ રહેતો નથી. અપપિકવ મગજ એ હાનિઓ પર વિચાર કરી શકવામાં અસમર્થ હોય છે, જે અલ્પાયુમાં લગ્ન થઈ જવાથી અપાર ક્ષતિ પહોંચાડે છે. આવાં દંપતીઓ પોતાનું સારુંનરસું વિચારવાયોગ્ય બને છે ત્યાં સુધી કેટલાંય બાળકોના અણધાર્યા બોજા હેઠળ તેઓ દબાઈ ગયાં હોય છે. આર્થિક અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ એમની સાથે જીવનભર કેટલીય સમસ્યાઓ જોડાઈ જાય છે.

**નૈતિક દૃષ્ટિએ નિર્ધારિત લગ્નની ઉંમર છોકરા માટે ૨૫ વર્ષ તથા છોકરીઓ માટે ૨૦ વર્ષ માનવી જોઈએ,** પરંતુ બહુ ઓછા વાલીઓ જ આ મર્યાદાઓનું પાલન કરે છે. દહેજની કુપ્રથાને કારણે છોકરીઓની કિશોરાવસ્થામાં જ એમના વાલીઓના મનમાં એ ચિંતા સવાર થઈ જાય છે કે વહેલામાં વહેલી તકે કોઈ યોગ્ય છોકરા સાથે પોતાની યોગ્ય દીકરીનો સંબંધ કરી નાખવામાં આવે. બીજી બાજુ છોકરાના વાલીઓને મોટી રકમ લેવાનું ભૂત સવાર થયેલું હોય છે. તેઓ છોકરાના ભવિષ્યની ચિંતા કરતા નથી. એકની વિવશતા અને બીજાની લોભી પ્રકૃતિ, બંને છોકરા-છોકરીઓનાં લગ્નને બહાલી આપે છે. કાયદા અને નીતિના નિર્ધારીત નિયમો એક બાજુ રહી જાય છે અને સમાજની મનમરજી ચાલતી રહે છે.

બીજી એક માન્યતા સમાજમાં ફેલાયેલી છે કે, દીકરો થવો સૌભાગ્યનું ચિહ્ન તથા દીકરી પેદા થવી દુર્ભાગ્યની નિશાની છે. આના આધારે છોકરા-છોકરી વચ્ચે ભેદભાવ કરવા તથાં એકને કનિષ્ઠ અને બીજાને શ્રેષ્ઠ માનવાની પરંપરાનો આધાર છે. કેટલાય લોકો એવા પણ હોય છે કે જેઓ છોકરીઓ હોવા છતાં એમને છોકરા ન હોવાથી વસતિ વધારતા રહે છે. સફળતા ન મળે ત્યારે તેઓ બીજાં લગ્ન કરે છે અને એ મુરખાઓ જ્યાં સુધી છોકરાનું મોઢું ન જુએ ત્યાં સુધી ચેન લેતા નથી. આ ભ્રાંતિને કારણે પણ દેશની વસતિમાં એક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મોટી સંખ્યા દર વર્ષે ઉમેરાતી રહે છે. વૈચારિક આંદોલન દ્વારા આ મૂઢ માન્યતાઓને સમાજમાંથી ઉખેડી ફેંકવા માટે પણ પ્રયત્નો થવા જોઈએ.

જનસંખ્યા-નિયંત્રણ માટેના યોગ્ય સ્તરના શિક્ષણનો અભાવ પણ પ્રસ્તુત સમસ્યાનું એક કારણ છે. દેશની સિત્તેર ટકા જનતા અભણ છે તથા ગામડાંઓમાં નિવાસ કરે છે. શિક્ષણના અભાવે મનુષ્ય ચિંતનની દૃષ્ટિએ પરાવલંબી હોય છે. તેને પોતાનું દૂરગામી લાભ-નુકસાન પણ દેખાતું નથી. આંકડાઓ બતાવે છે કે, શિક્ષિતોની તુલનામાં અશિક્ષિતોમાં વસતિ વધારાનો દર ખૂબ વધારે છે. ગ્રામીણ ક્ષેત્રોમાં વસતિ વધારાનો દર શહેરો કરતાં વધુ હોવાનું એક કારણ એ છે કે, નગરોમાં મનોરંજનનાં ઘણાં સાધનો છે, જ્યારે ગામડાંઓની સ્થિતિ આજે પણ ખૂબ જ બદતર છે. જોવા જઈએ તો સુદૂર ક્ષેત્રોમાં પણ સિનેમા, સાહિત્ય સંગીત વગેરે લોકરંજનનાં શ્રેષ્ઠ માધ્યમો હોઈ શકે છે, પરંતુ ગામડાંઓમાં આ સુવિધાઓ વિકૃત રૂપમાં ઉપલબ્ધ છે. ફળસ્વરૂપે પતિપત્નીની ચેષ્ટાઓ શારીરિક પાયા પર કામતૃપ્તિ દ્વારા મનોરંજનની જરૂરિયાત પૂરી કરી છે. આ ક્ષણિક આવેશ અંતે પ્રજનનની દુઃખદ પ્રતિક્રિયા, અનેક બાળકોનો ભાર તથા સંપૂર્ણ પરિવારના લથડતા સ્વાસ્થ્યના રૂપમાં પ્રસ્તુત થાય છે.

સમજવું અને બતાવવું જ પર્યાપ્ત હોતું નથી. ક્યારેક સમસ્યાઓના સમાધાન માટે કડકાઈથી કામ લેવાનું પણ જરૂરી બની જાય છે. પ્રત્યેક વ્યક્તિ સ્વેચ્છાએ જનસંખ્યાની વિનાશિકાની ગંભીરતાને સમજે એ માટે કેટલાય દેશોએ સચોટ પગલાં ભર્યાં છે. ચીને કાયદો ઘડીને વસતિ રોકવામાં અસામાન્ય સફળતા મળવી છે. જેઓ વધુ બાળકો પેદા કરે છે એમને નિર્ધારિત નિયમો અનુસાર સરકારને ભારે ટેક્સ ચૂકવવા પડે છે. એવા કર્મચારીઓનું પ્રમોશન, પગારવધારો વગેરે રોકી દેવામાં આવે છે. બીજા બાળક પછી જન્મ લેનાર દરેક બાળકની બધી જ સુવિધાઓ છીનવી લેવામાં આવે છે.

સમાજ તથા દેશની પ્રગતિ માટે ઘણી યોજનાઓ બની રહી છે અને કાર્યક્રમો ચાલી રહ્યા છે, પરંતુ એમની સફળતા વસતિના વધારાનાં પૂરને રોકવામાં નહિ આવે ત્યાં સુધી સંદિગ્ધ બની રહેશે. દરેક સમજદાર વ્યક્તિનું એ કર્તવ્ય બને છે કે તે પ્રસ્તુત સંકટની ગંભીરતાને સમજે અને દૂર કરવા માટે વ્યક્તિગત તથા સામૂહિક બંને સ્તરે પ્રયાસ કરે.

**નરેન્દ્ર પોતાના મિત્રો સાથે વૃક્ષ પર ચઢીને રમી રહ્યા હતા. વૃક્ષનો માલિક એ બાજુથી નીકળ્યો તો એને એ વાતની ચિંતા થઈ કે આ બાળકો વારંવાર વૃક્ષ પર ચઢે-ઉતરે છે તો ક્યારેક એવું ન બને કે અસાવધાનીને કારણે કોઈ પડી જાય અને એને વાગી જાય. એ વ્યક્તિને એક યુક્તિ સૂઝી. એણે એ બાળકોના આગેવાન નરેન્દ્રને કહ્યું, ''જુઓ બેટા ! તમને કદાચ ખબર નહીં હોય કે આના પર એક ભૂત રહે છે, જે બાળકો એ ભૂતને હેરાન કરે છે તેના એ હાથપગ તોડી નાખે છે તેથી મારી એ સલાહ છે તેના એ હાથ પગ તોડી નાખે છે. તેથી મારી એ સલાહ છે કે તમે બધા નીચે જ રમો.''**

**ભૂતનું નામ સાંભળતાં જ નરેન્દ્રના બધા સાથી એક-એક કરી પલાયન થયા. નરેન્દ્ર એકલો જ એ વૃક્ષ પર ઊભો રહ્યો અને નીડરતાથી બોલ્યો, ''વહાલા મિત્રો ! આ સજ્જન ખોટું બોલે છે, જુઓ હું તમારા બધાની સામે એકલો આ વૃક્ષ પર ઊભો છું, જો ભૂત હોય તો મારી સામે આવે, હું એનો સામનો કરવા માટે તૈયાર છું.'' ભૂત ન આવ્યું, પરંતુ બાળકના એ સાહસ અને દઢતાએ એને અવશ્ય આગળ વધાર્યો એટલો આગળ વધાર્યો કે સ્વામી વિવેકાનંદના નામે એણે ફક્ત યશ કમાવ્યું એટલું જ નહીં પરંતુ ભારત માતાને પણ ધન્ય બનાવી દીધી.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મનુષ્ય પોતાના ભાગ્યનો નિર્માતા પોતે જ છે, એ વિશ્વાસના આધાર પર અમારી માન્યતા છે કે અમે ઉત્કૃષ્ટ બનીશું અને બીજાઓને શ્રેષ્ઠ બનાવીશું તો યુગ અવશ્ય બદલાશે

પરિસ્થિતિઓનો આપણા જીવનમાં ખૂબ પ્રભાવ પડે છે. આસપાસનું વાતાવરણ જેવું હોય છે, એવા બનવા અને કરવા માટે મનોભૂમિનું વલણ બને છે અને સામાન્ય સ્થિતિના લોકોએ પરિસ્થિતિઓના ઢાંચામાં ઢળી જાય છે. ઘટનાઓ આપણને પ્રભાવિત કરે છે, વ્યક્તિનો પ્રભાવ એમની ઉપર પડે છે. આટલું હોવા છતાં, એ માનવું પડશે કે પોતાના વિશ્વાસનો જ પોતાના ઉપર સૌથી વધુ પ્રભાવ પડે છે. પરિસ્થિતિઓ કોઈને ત્યારે જ પ્રભાવિત કરી શકે છે કે જ્યારે મનુષ્ય એમની સામે માથું ઝુકાવી દે છે. અગર જો એમના દબાણનો અસ્વીકાર કરવામાં આવે તો ફરી કોઈ પરિસ્થિતિ, કોઈ મનુષ્યને પોતાના દબાણમાં ઝાઝો વખત નથી રાખી શકતી. વિશ્વાસની તુલનામાં પરિસ્થિતિઓનો પ્રભાવ અવશ્ય નગણ્ય છે.

કહેવાય છે કે, ભાગ્યની રચના બ્રહ્માજી કરે છે. સાંભળવામાં આવ્યું છે કે, કર્મ રેખાઓ જન્મ પહેલાં જ માથા પર લખી નાખવામાં આવે છે. એમ પણ કહેવાય છે કે તકદીરની સામે પુરુષાર્થનું કશું ચાલતું નથી. આ દંતકથાઓ એક સીમા સુધી જ સાચી હોઈ શકે છે. જન્મથી જ આંધળા કે અપંગ જન્મેલા અથવા અશક્ત અને અવિકસિત લોકો એવી વાતો કહે, તો તેમન ઉપર ભરોસો રાખી શકાય. આપણે ઘણીવાર અણધારી દુર્ઘટનાના શિકાર થઈ જતા હોઈએ છીએ અને એવી વિપત્તિ સામે આવી જાય છે કે જેનાથી બચી શકવું અથવા એને રોકી શકવી પોતાના વશમાં નથી હોતી. અગ્નિકાંડ, ભૂકંપ, યુદ્ધ, રોગચાળો, અકાળ મૃત્યુ, દુકાળ, રેલવે, મોટર વગેરેનું પલટી ખાઈ જવું, ચોરી, ડાકુગીરી વગેરેના કેટલાય અવસરો એવા આવી જાય છે કે, મનુષ્ય એમની સંભાવનાઓન ન તો સમજી શકે છે અને ન તો એમને રોકવામાં સમર્થ થઈ શકે છે. આવી કેટલીય ઘટનાઓને ભાગ્યને આધીન વાત માનીને સંતોષ માનવામાં આવે છે. પીડિત મનુષ્યના આંતરિક વિક્ષોભને શાંત કરવા માટે ભાગ્યવાદનો સિદ્ધાંત એક એવો ઉત્તમ ઉપચાર છે કે જે રીતે ઘાયલનો તરફડાટ દૂર કરવા માટે ડોક્ટરો ઊંઘની દવા પિવડાવતા હોય છે, મોર્ફિનનું ઈન્જેકશન આપે છે અથવા કોકીન વગેરેનું પૂમડું લગાવીને પીડિત સ્થાનને બહેરું કરી નાખે છે. એ વિશેષ પરિસ્થિતિઓનો વિશેષ ઉપચાર છે. ક્યારેક જ એવું બને છે એટલે એને અપવાદ જ કહી શકાય.

પુરુષાર્થ એક નિયમ છે અને ભાગ્ય એમનો અપવાદ. અપવાદોનું પણ અસ્તિત્વ તો માનવું પડે છે, પરંતુ એમના આધાર પર કોઈ નીતિ અપનાવી ન શકાય. કોઈ કાર્યક્રમ ન બનાવી શકાય. કોઈ કોઈકવાર સ્ત્રીઓના પેટથી મનુષ્યાકૃતિથી જુદા જ પ્રકારનાં સંતાનો જન્મતાં જોવા મળે છે, કોઈ કોઈ ઝાડ કસમયે જ ફળફૂલ આપવા લાગે છે, ક્યારેક ક્યારેક ગ્રીષ્મ ઋતુમાં પણ કરા પડે છે. આ અપવાદ છે. એમને કુતૂહલની દૃષ્ટિથી જોઈ શકાય છે, પરંતુ એમને નિયમ ન માની શકાય. એજ રીતે ભાગ્યની ગણના અપવાદોમાં તો થઈ શકે છે, પરંતુ એ ન માની શકાય કે માનવ જીવનની બધી પ્રવૃત્તિઓ પૂર્વ-નિશ્ચિત ભાગ્યવિધાન અનુસાર થતી હોય છે અને જો આવું હોય તો પુરુષાર્થ અને પ્રયત્નની કોઈ આવશ્યક્તા જ ન રહી હોત. જેમના ભાગ્યમાં જેવું થાય છે એવું અફર જ હોય તો પછી પુરુષાર્થ કરવાથી વધુ શું મળે અને પુરુષાર્થ ન કરવાથી પણ ભાગ્યમાં લખેલી સફળતા અનાયાસ જ કેમ ન મળી શકે ?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દરેક વ્યક્તિ પોતપોતાના ઇચ્છિત ઉદ્દેશ્યોને માટે પુરુષાર્થ કરવામાં સંલગ્ન રહે છે. એથી સ્પષ્ટ છે કે આત્માનો સુનિશ્ચિત વિશ્વાસ, પુરુષાર્થથી ઉપર છે અને એજ એની પ્રેરણા નિરંતર રજૂ કરતો રહે છે. આપણે જાણવું જોઈએ કે બ્રહ્માજી કોઈનું ભાગ્ય નથી ઘડતાં. દરેક મનુષ્ય પોતાના ભાગ્યનો નિર્માતા પોતે જ છે. જે રીતે કાલનું મેળવેલું દૂધ આજે દહીં બને છે, એજ રીતે કાલનો પુરુષાર્થ આજે ભાગ્ય બનીને પ્રગટ થાય છે. આજનાં કર્મોનાં ફળ આજે જ નથી મળી જતાં. એમનો પરિપાક થવામાં, પરિણામ આવવામાં થોડો સમય તો લાગે છે. આ વાર લાગે છે તેને જ ભાગ્ય કહી શકાય છે. પરમાત્મા સમદર્શી અને ન્યાયકારી છે. એમને એમના બધા પુત્રો સમાન રૂપથી પ્રિય છે. પછી એ કોઈનું ભાગ્ય સારું અને કોઈનું ભાગ્ય ખરાબ લખવાનો અન્યાય અને પક્ષપાત શા માટે કરે ? એમણે પોતાના દરેક બાળકને સારાં તથા ખરાબ કર્મ કરવાની પૂર્ણ સ્વતંત્રતા આપી છે, પરંતુ સાથે જ એ પણ બતાવી દીધું છે કે સારાં અથવા નરસાં કર્મોનું પરિણામ અવશ્ય પ્રાપ્ત થશે જ. આ જ કર્મને જો ભાગ્ય કહીએ તો અતિશયોક્તિ નહીં કહેવાય.

આપણા જીવનમાં અનેક સમસ્યાઓ ગુંચવાયેલી મૂંઝવણોના રૂપમાં વિકસિત વેશ ધારણ કરીને સામે ઊભી છે. આ કડવા સત્યને માનવું જ જોઈએ. એમના ઉત્પાદક આપણે પોતે જ છીએ અને જો આ તથ્યનો સ્વીકાર કરીને આપણી આદતો, વિચારધારાઓ, માન્યતાઓ અને પ્રવૃત્તિઓને સુધારવાને માટે તૈયાર હોઈએ તો સમસ્યાઓને આપણે પોતે જ ઉકેલી શકીએ છીએ. બિચારા ગ્રહ નક્ષત્રોને દોષ દેવો બેકાર છે. લાખો કરોડો માઈલ દૂર રાતદિવસ ચક્કર મારતાં ગ્રહનક્ષત્રો ભલા આપણને શું સુખ સુવિધા આપી શકે ? એમને છોડી સાચા ગ્રહોનું પૂજન શરૂ કરીએ, જેમની થોડીક જ કૃપાથી આપણું બધું પ્રયોજન સિદ્ધ થઈ શકે છે, બધી આકાંક્ષાઓ જોતજોતામાં પૂર્ણ થઈ શકે છે.

નવ દુર્ગાઓની નવરાત્રીમાં આપણે દર વર્ષે પૂજા કરીએ છીએ કે જેઓ અનેક સિદ્ધિઓ પ્રદાન કરે છે. સુખ-સુવિધાઓ પ્રાપ્ત કરવા માટે, એમની કૃપા અને સહાયતા પામવા માટે વિવિધ સાધના તથા પૂજન કરવામાં આવે છે. જે રીતે દેવલોકવાસિની નવ દુર્ગાઓ છે એ જ રીતે ભૂલોકમાં નિવાસ કરનારી આપણી અત્યંત સમીપ શરીર અને મસ્તિષ્કમાં રહેનારી નવ પ્રત્યક્ષ દેવીઓ પણ છે અને એમની સાધનાનું પ્રત્યક્ષ પરિણામ પણ મળે છે. દેવલોકવાસિની દેવીઓની પ્રસન્નતા હોવાની અને ન હોવાની વાત તો સંદિગ્ધ હોઈ શકે છે, પરંતુ શરીરલોકમાં રહેનારી નવ દેવીઓની સાધનાનો શ્રમ ક્યારેય પણ વ્યર્થ નથી જતો. અગર થોડો પણ પ્રયત્ન એમની સાધના માટે થાય તો એનો પણ પૂરતો લાભ મળી જાય છે. આપણા મનઃક્ષેત્રમાં વિચરણ કરનારી નવ દેવીઓનાં નામ આ પ્રમાણે છેઃ

(૧) આકાંક્ષા (૨) વિચારણા (૩) ભાવના (૪) શ્રદ્ધા (૫) પ્રવૃત્તિ (૬) નિષ્ઠા (૭) ક્ષમતા (૮) ક્રિયા અને (૯) મર્યાદા. આમને સમતુલિત કરીને મનુષ્ય આઠ સિદ્ધિઓ અને નવનિધિઓનો સ્વામી બની શકે છે. સંસારનાં પ્રત્યેક પ્રગતિશીલ મનુષ્યને જાણે અજાણે એમની સાધના કરવી જ પડે છે અને એમના અનુગ્રહથી એમને ઉન્નતિના ઊંચા શિખર પર ચડવાનો અવસર પ્રાપ્ત થાય છે.

પોતાને ઉત્કૃષ્ટ બનાવવા પ્રયત્ન કરવામાં આવે તો આપણા સંપર્કમાં આવનારા બીજા લોકોપણ શ્રેષ્ઠ બની શકે છે. આદર્શ હંમેશાં થોડો ઊંચો જ રહે છે અને તેની પ્રતિક્રિયા થોડી નીચી રહી જાય છે. આદર્શની સ્થાપના કરનારાઓને સામાન્ય જનતાના સ્તરથી કાયમ ઊંચા રહેવું પડ્યું છે. સંસારને આપણે જેટલો ઊંચો બનાવવા અને શ્રેષ્ઠ જોવા ઇચ્છીએ છીએ એના કરતાં વધારે ઊંચા બનવાનો આદર્શ રજૂ કરવો પડશે. ઉત્કૃષ્ટતા જ શ્રેષ્ઠતાને ઉત્પન્ન કરે છે.પરિપક્વ શરીરવાળી માતા જ સ્વસ્થ બાળકને જન્મ આપી શકે છે. આદર્શ પિતા બનીએ તો સુસંતતિનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શકીશું. જો આદર્શ પતિ હોઈએ તો જ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પતિવ્રતા પત્નીની સેવા પ્રાપ્ત કરી શકીશું. શરીર કરતાં તેનો પડછાયો થોડો કુરૂપ હોય છે. ચહેરા કરતાં ફોટોમાં થોડીક કચાશ જ રહી જાય છે. આપણે આપણી જાતને જેટલી વિકસિત કરી શક્યા હોઈશું તેટલા આપણા નજીકમાં રહેનારા લોકો એનાથી પ્રભાવિત થઈ ઉપર ઊઠશે જ, તો પણ એમની અપેક્ષા થોડી નીચી તો રહી જ જશે. એટલા માટે આપણે બીજાઓ પાસે જેટલી સજ્જનતા અને શ્રેષ્ઠતાની આશા રાખીએ છીએ, એની તુલનામાં આપણે થોડા વધુ ઊંચા સાબિત થવું જ પડશે. આપણે દર પળે એ યાદ રાખવું પડશે કે ઉત્કૃષ્ટતા વગર શ્રેષ્ઠ ઉત્પન્ન નહીં થઈ શકે.

લેખો અને ભાષણોનો યુગ હવે વીતી ગયો. ગળું ફાડી ફાડીને મોટી મોટી બડાઈ મારીને અને મોટા મોટા લેખો લખીને સંસારનો સુધાર કરવાની આશા વ્યર્થ છે. આ સાધનોથી થોડી મદદ તો મળી શકે છે, પરંતુ ઉદ્દેશ્ય પૂરો નથી થઈ શકતો. યુગનિર્માણ જેવા મહાન કાર્યને માટે આ સાધન અપૂરતાં અને અપૂર્ણ છે. એનું મુખ્ય સાધન એ જ હોઈ શકે છે કે આપણે આપણું માનસિક સ્તર ઊંચું ઉઠાવીએ ચરિત્રની દૃષ્ટિએ અપેક્ષા પ્રમાણે શ્રેષ્ઠ બનીએ. આપણા આચરણથી જ બીજાઓને પ્રભાવશાળી શિક્ષણ આપી શકાય છે. ગણિત, ભૂગોળ, ઈતિહાસ વગેરેની કહેવા સંભાળવવાની પ્રક્રિયાથી કામ તો ચાલી શકે છે, પરંતુ વ્યક્તિ નિર્માણને માટે તો આદર્શ વ્યક્તિત્વ ધરાવતા લોકોની જ જરૂર પડશે. એ આવશ્યક્તાઓની પૂર્ણતાને માટે સૌથી પહેલાં આપણે સૌએ આગળ આવવું પડશે. આપણી શ્રેષ્ઠતાથી સંસારની શ્રેષ્ઠતા પોતાની મેળે વધશે. આપણે બદલાઈશું તો યુગ અવશ્ય બદલાશે અને આપણો યુગનિર્માણ સંકલ્પ પણ અવશ્ય પૂરો થશે.

આજે ઋષિમુનિ નથી રહ્યા, જેઓ પોતાના આદર્શ ચરિત્ર દ્વારા લોકશિક્ષણ આપીને લોકોના સ્તરને ઊંચુ ઉઠાવતા હતા. આજે એવા બ્રાહ્મણ પણ નથી રહ્યા, જેઓ પોતાના અગાધ જ્ઞાન, વંદનીય ત્યાગ અને પ્રબલ પુરુષાર્થથી જનમાનસની પતનોન્મુખ પશુપ્રવૃત્તિઓને પાછી વાળીને દેવત્વની દિશામાં બદલી નાંખવાની જવાબદારી પોતાના ખભા ઉપર લેતા હતા.

વૃક્ષોના અભાવમાં એરંડો પણ વૃક્ષ કહેવાય છે. આ વિચારધારા સાથે જોડાયેલ વિશાળ દેવપરિવારના પરિજનો પોતાના નાના નાના વ્યક્તિત્વને આદર્શવાદની દિશામાં અગ્રેસર કરે તો કોઈને કોઈ પ્રયોજન તો સિદ્ધ થશે જ. ઓછામાં ઓછો એક અવરુદ્ધ દરવાજો તો ખૂલશે જ. જો આપણે માર્ગ બનાવવા માટે પોતાના નાનકડા અસ્તિત્વને ઓગાળી દઈએ તો આવતી કાલે આવનારા યુગપ્રવર્તકોની મંજિલ સરળ થઈ જશે. યુગનિર્માણ સત્સંકલ્પનો શંખનાદ કરી રહેલા નાના નાના લોકો આગળ વધે તો અજાગ્રૃત પડી રહેલી યુગનિર્માત્રી શક્તિઓને જાગરણની આવશ્યક્તાનો અનુભવ જરૂર થશે. રાષ્ટ્રની પ્રબુદ્ધતા અને ચેતનાને જો ચારિત્રિક વિકાસ માટે આપણે જાગ્રત કરી શકીએ તો આજે નહીં તો કાલે યુગનિર્માણનો સંકલ્પ પૂર્ણ થઈને જ રહેશે.

યુગ પરિવર્તનની સુનિશ્ચિતતા ઉપર વિશ્વાસ કરવો તે હવામહેલ નથી, પરંતુ તથ્યો ઉપર આધારિત એક સત્ય છે. પરિસ્થિતિઓ ભલે ગમે તેટલી વિકટ હોય, પણ જ્યારે શુભ આશયવાળી સંકલ્પશીલ વ્યકિતઓ એક થઈને કાર્ય કરે છે ત્યારે સ્થિતિ બદલાયા વગર નથી રહેતી. અસુરતાના આતંકમાંથી મુક્તિ મેળવ્યાનાં પૌરાણિક આખ્યાન હોય કે જેમના શાસનમાં સૂર્ય નહોતો ડૂબતો એમની ચુંગાલમાંથી મુક્ત થવાનું સ્વતંત્રતા અભિયાન હોય, પરંતુ નગણ્ય શક્તિથી જ સંકલ્પવાળી વ્યક્તિઓનો સમુદાય એના માટે યુગશક્તિના અવતરણનું માધ્યમ બની જાય છે. યુગનિર્માણ અભિયાનથી પરિચિત વ્યક્તિઓ સારી રીતે સમજી શકશે કે આ ઈશ્વરપ્રેરિત પ્રક્રિયા છે. આ સંકલ્પને અપનાવનારને ઈશ્વરના સંકલ્પનો ભાગીદાર કહેવામાં આવશે. તેથી સફળતા ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખીને એને જીવનમાં ચરિતાર્થ કરવા-કરાવવા માટે પૂરેપૂરી શક્તિ વાપરવી, એ જ સૌથી મોટી જવાબદારી સિદ્ધ થશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## નારી જાગરણ

# થવાનો છે આ યુગનો એક ચમત્કાર

સમય કંઈક એવો વિશિષ્ટ છે કે, પ્રતિભાઓ આજકાલ એવી ઉત્સુક થઈ રહી છે જાણે એમને કોઈ પોતાની સાથે ભાગીદારી કરવા માટે હાથ પકડીને કાર્યક્ષેત્રમાં ઘસડી રહ્યું હોય. જરૂરી સાધનોની વ્યવસ્થા થઈ રહી છે અને અનેક શુભારંભની ઘટનાઓ અણધારી રીતે અનાયાસે જ બની અને સામે આવી રહી છે નિયંતાની ઈચ્છા અને યોજનાનો અનુરૂપ પ્રાણવાન પ્રતિભાઓને પણ એ પ્રવાહમાં ઘસડાવું પડે છે. બુદ્ધ અને ગાંધીનાં મહાન આંદોલનોમાં એટલા ઉચ્ચસ્તરના લોકો એટલી વિશાળ સંખ્યામાં જોડાઈ ગયા હતા કે જેની જરૂઆતમાં કલ્પના પણ કરવામાં આવી નહોતી. એની વ્યવસ્થા મનુષ્ય બનાવતો નથી, પરંતુ સ્રષ્ટાનું નિર્ધારણ જ બધું કરી મૂકે છે- નારી જાગરણના ક્ષેત્રે પણ આ જ થવાનું છે. એમાં વરિષ્ઠ પ્રતિભાઓ અગ્રિમ મોરચો સંભાળવાનું શ્રેય પ્રાપ્ત કરશે. વાસ્તવમાં પરિસ્થિતિઓની અનુકૂળતાની જવાબદારી એ અદૃશ્ય સત્તાએ ઉપાડી છે. જે કાદવમાંથી કમળ ઉગાડવામાં તેમજ સંધ્યાકાળે બધું જ અદ્ભુત જેવાં કૌતુક ઊભાં કરવામાં રસ લેતી હોય છે. નારીનો ઉત્કર્ષ પણ આજના સમયનો એક એવો જ ચમત્કાર છે. જેના સંબંધમાં પરિસ્થિતિઓને જોતાં કોઈ મોટી આશા અપેક્ષા રાખવાનો ન તો ઉત્સાહ ઊભરાય છે, ન સાહસ, પરંતુ ભવિષ્યમાં જે થવાનું છે તે માટે કોઈ શું કરી શકે ? એ પર્વતો પર બરફ જમાવવા, સમુદ્રમાંથી વાદળાં પેદા કરવા અને અચાનક જ તોફાન કે વમળો ઊભાં કરીને ભારે ઊથલપાથલ મચાવી દેવાના આશ્ચર્યજનક માહોલ ઊભા કરતી રહે છે. અડધી જનસંખ્યાનું પુનરુત્થાન પણ આજના સમયનો નિયતિ દ્વારા સમર્થન પ્રાપ્ત ચમત્કાર કહી શકાય છે.

પ્રતિભાવાન મહિલાઓ આ પ્રયોજન માટે મોટી સંખ્યામાં ફ્રાંસની જોન ઑફ આર્કની ભૂમિકા નિભાવતી જોવા મળશે. તેઓ હતાશ કરતી પ્રતિકૂળતાઓને પાર કરશે અને પછાતપણાને પ્રગતિશીલતામાં ફેરવવામાં સફળ થશે. તેઓ પોતાની ભૂમિકા આમ તો પુરુષોના સહયોગ વિના પણ નિભાવી શકશે, પરંતુ યોગ્ય અને ઉત્તમ એ જ છે કે, જનસમુદાય એમના સમર્થન અને સહયોગ માટે આગળ આવે અને આડે આવેલા અવરોધોને હટાવવામાં નિયતિને સાથ આપે. એમાં જ એમનું શ્રેય અને ગૌરવ છે, નહિ તો સમય પ્રવાને ઊલટાવવામાં એમને અપયશ સિવાય કશું જ હાથમાં નહિ આવે.

નારીજાગરણનું કાર્ય એ મહિલાઓને સોંપી દેવું જોઈએ જેઓ પહેલેથી નવસર્જનની જવાબદારી સંભાળતી રહી છે અને તદનુરૂપ બધું સાચવી લેવામાં સફળ થતી રહી છે. આ સંદર્ભમાં જે સંભવિત ઉજ્જ્વળ ભવિષ્યના માર્ગમાં ડગલે ને પગલે બાધાઓ ઊભી કરી રહ્યા છે, તે અવરોધ હટાવવામાં પોતાના પ્રભાવનો ઉપયોગ કરે એટલા જ એમના અનુગ્રહને અતિ મહત્ત્વપૂર્ણ સહયોગ માનવામાં આવશે.

નારીનો અભ્યુદય પ્રાતઃકાળના અરુણોદયની જેમ સુનિશ્ચિત છે. તેના પર કાદવ ઉછાળવામાં નહીં, જલાંજલી જેવો અર્ધ્ય ચઢાવવામાં જ શાણપણ છે. પુરુષવર્ગ જો નારીપ્રગતિ નિમિત્તે ચાલી રહેલા પ્રયાસોમાં પ્રત્યક્ષ નહિ તો પરોક્ષ સહયોગ આપવા માટે પણ પોતાનું યોગદાન રજૂ કરતા રહે તો એ મોરચાનો જીતવામાં એમની ભૂમિકા અકાટ્ય અસ્ત્રો જેવી રહી એમ માનવામાં આવશે. પછી ભલે એ નારી દ્વારા ચલાવ્યાં હોય અને વાર કરવામાં આવ્યાં હોય.

પુરુષસમુદાય વિચારક્રાંતિના વ્યાપક ક્ષેત્રમાં તેમનું પરાક્રમ જોવાની સાથોસાથ એક કાર્યનું ધ્યાન એ પણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાખે કે નારી પ્રત્યે લોકમાનસની માન્યતાઓમાં દુષ્ટતા અને ભ્રષ્ટતાના જે અથક પ્રયાસો ચાલી રહ્યા છે એ અશ્લીલતાનો સુરસા, તાડકા અને શૂર્પણખા સાથે કર્યો હતો એવો જ સામનો કરે. નારી સૌથી પવિત્ર અને શ્રદ્ધાનું પ્રતીક રહી છે અને આગામી દિવસોમાં પણ તેને એ જ શ્રેય ફરી ઉપલબ્ધ થવાનું છે. આ વખતે તો તેની શક્તિસ્વરૂપ પ્રચંડ મહાકાલી જેવી છબિ પણ જોવા મળશે. આવી સ્થિતિમાં નારીનું કામુક ચિત્રણ કરનારા કહવાતા કલાકારોને પણ સાવધ કરવામાં આવી રહ્યા છે. એમનાં અશોભનીય કાર્યો નારીને વધુને વધુ ઊંડી ખીણમાં ધકેલવામાં સફળ નહિ થાય, ઊલટાનું એમને મહિષાસુર, ભસ્માસુર અને મધુકૈટભ જેવી સજા સહન કરવી પડશે. આજે જે કાર્ય એમને મનોરમ, આકર્ષક અને સંપત્તિ-સંચયનું માધ્યાલ લાગે છે, કાલ એ જ કાર્ય વિપુલ નિંદાનું કારણ બનીને બદનામી કરશે. લેખક, ગાયક, ચિત્રકાર તથા મૂર્તિકારોએ પોતાના વર્તમાન પ્રયાસો પર નવેસરથી વિચાર કરવાની અને દષ્ટિકોણ બદલાવાની જે જરૂર છે તે સમયસર બદલી નાખવા એ શ્રેયસ્કર છે. નારીની શક્તિરૂપમાં જ અભ્યર્થના થવી જોઈએ, આ યુગ ધર્મની એક સમયસરની ચેતવણી છે. આ પ્રયાસોમાં પુરુષની સમજ, સૂઝબૂઝ અને યોજના જ કાર્યકત રહી છે. સારું થાય કે તેઓ માર્ગ બદલે અને તેને શક્તિસ્તરની ભાવના અને માન્યતા પ્રદાન કરવા માટે પોતાની કલાકુશળતાને નવા પરિવર્તન સાથ જોડે અન યુગધર્મના નિર્વાહનો ગૌરવભર્યો સુયશ પ્રાપ્ત કરે.

પ્રગતિશીલ નારી પોતાની સહજ પ્રતિભાથી નારી-પ્રગતિના વિરોધી સમુદાયને તેમનો દુરાગ્રહ છોડવા માટે અનુરોધ કરે તે ઉચિત છે અને આગ્રહનો ઉપયોગ કરવા માત્રથી કામ થવાની આશા રાખે, પરંતુ જ્યાં આ પ્રયત્નોથી સફળતા ન મળે ત્યાં યુગધર્મનો અનાદર કરી વ્યક્તિવિશેષનું દબાણ સ્વીકારવાનો ઈન્કાર કરવામાં પણ વાંધો નથી આદર્શવાદીઓમાં મોટા ભાગનાને કહેવાતા શુભચિંતકોની સલાહનો અનાદર જ કરવો પડ્યો છે અને પોતે જ પોતાના માર્ગ પસંદ કરી એકલા ચાલવાનું સાહસ ભેગું કરવું પડ્યું છે. નારીજાગરણ પર્વમાં પણ ઘણા ઠેકાણે આવી ખેંચતાણ થઈ શકે છે, પરંતુ એમાં કોઈને પણ ઔચિત્યનો પરાજય કરવાનું શ્રેય મળવું ન જોઈએ.

નર અને નારીનો સહયોગ મળીને એક અને એકની સમાનતા બની જવાથી અગિયારનો આંકડો બની જવાની, અગિયાર ગણી શક્તિ બની જવાની વાત ઘણીવાર ચરિતાર્થ થતી રહી છે. દેવ અને દેવીઓ, ઋષિઓ અને ઋષિકાઓનો સહયોગ ઉચ્ચસ્તરીય ક્ષેત્રોમાં પણ સફળ થતો રહ્યો છે. ભાઈ અને બહેન સંરક્ષક અને સંરક્ષિકાઓએ મળીને પણ ચમત્કાર સર્જ્યા છ, પ્રાથમિક અપેક્ષા અને પ્રયત્નો એવા જ હોવા જોઈએ

જો એકલાપણાના ભય આતકની દેમ હાવી થઈ શકે છે તા એવું પણ થઈ શકે કે બહેનો-બહેનો મળીને પાતાના સ્વતંત્ર પરિવાર વસાવી લે અને એકબીજાના રક્ષક અને સહયોગી બનીને એ ભ્રમનું નિવારણ કરે કે જનરના સહયોગ વિના નારી કશું જ કરી નહિ શકે. એનું એકાંગી વ્યક્તિત્વ પણ એટલું સમગ્ર છે કે, અનેક અવરોધા હોવા છતાં પણ એ પાણીની ધારા કાપીને ઊંધી દિશામાં ચાલતી માછલી જેવું સાહસ પ્રદર્શિત કરી શકે.

ક્યારેક પાઘડી અદલબદલ કરી સાચા મિત્ર બનવા અને જીવનભર એકબીજાના વિશ્વાસુ સહયોગી બની રહેવાનું વ્રત સમારોહપૂર્વક ધારણ કરતા હતા. દુપટ્ટો બદલીને સથીઓ પણ એવી જ નિષ્ઠાનો પરિચય આપતી હતી. એ વ્રતો નિષ્ઠાની પરિપક્વતા હોવાથી નભી પણ જતાં હતાં. આજે પણ જો સ્વાભાવિક સહયોગ ઉપલબ્ધ થઈ રહ્યો ન હોય, સાસરિયામાં સાચા મિત્રપક્ષ જેવું આશ્વાસન અને સહયોગ પતિદેવ પાસેથી ન મળી શકતાં હોય તો ત્રીજો માર્ગ એ પણ હોઈ શકે છે કે, સખીઓની નાની-મોટી ટોળીઓ બને અને તેઓ સામૂહિકતા અપનાવીને, જે એમને માત્ર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આશંકાઓ અને અવિશ્વાસોના આધારે કશું જ ન કરવા દેવા માટે માર્ગ રોકીને ઊભું છે, એ લાંછનથી બચી જાય.

નારીજાગરણ માટે આમ તો આર્થિક સુવ્યવસ્થા માંડીને શિક્ષણવ્યવસ્થા સુધીનાં અનેક કાર્યો કરવા માટે પડ્યાં છે. અધિકારોની માંગ અને પૂર્તિ પણ એમાંની જ એક છે, પરંતુ ધ્યાન આપવાયોગ્ય મુખ્ય વાત એ છે કે, નારીને સ્વયં પ્રગતિશીલતા અપનાવી પોતાને સુયોગ્ય અને સમર્થ સાબિત કરવાની છે. આવું જ વાતાવરણ બનાવવા માટે પ્રચાર-સમારંભોથી માંડી એવાં વિશિષ્ટ વિદ્યાલયોની જરૂર છે જેમાં નારી માટે યુગધર્મનું નિર્દેશન આપી નવેસરથી નવી પરિસ્થિતિને અનુરૂપ પ્રશિક્ષણની સુયોગ્ય વ્યવસ્થા હોય. આ જાગરણમાં વ્યસ્ત મહિલાઓ માટે નિર્વાહતંત્રની વ્યવસ્થા કરવી એ પણ સામયિક જરૂરિયાત છે જેને પૂરી કરવા માટે ગૃહઉદ્યોગોથી માંડીને સ્ત્રીધનમાંથી ઉપલબ્ધ થતું વ્યાજ અથવા પીપલ્સ સોસાયટી ઑફ ઈન્ડિયા જેવી લોકસેવી નિર્વાહ ફંડ જેવી વ્યવસ્થા પણ વિચારી શકાય છે. આમ થવું સુનિશ્ચિત છે, કેમ કે આ ચેતનાના પ્રવાહમાં સહજતાથી થતી ભવિતવ્યતા છે, દૈવી આકાંક્ષા છે અને મહાકાળની ઈચ્છા છે. આપણે અવરોધ બનીશું તો પરાજય મળશે, સાથ આપીશું તો શ્રેય મેળવીશું. પસંદગી આપણે જ કરવાની છે.

*એક અમીરને બે સંતાન હતાં. એક પુત્ર અને એક પુત્રી. યુવાન થતાં જ બન્ને વ્યસન અને વ્યભિચારના રસ્તે ચડી ગયાં. તેમને સુધારવાની ઈચ્છાથી પિતાએ વિચાર્યું- તેમને મહાભારતની કથા સંભળાવવી, જેમાં ધર્મ અને સદાચારનાં તમામ તત્ત્વો મોજૂદ છે.*

*કથાની વ્યવસ્થા થઈ ગઈ, બન્ને બાળકોએ તે સાંભળી પણ ખરી. થોડાક દિવસ પછી તેનું પરિણામ જોયું તો ખબર પડી. પુત્ર દોસ્તોને કહી રહ્યો હતો કે કૃષ્ણને સોળ હજાર રાણીઓ હતી તો આપણે ૧૦-૨૦ સાથે સંબંધ રાખવામાં શું વાંધો ? પુત્રી પણ સહેલીઓને કહી રહી હતી કે કુંતી કૌમાર્યવસ્થામાં પુત્રને જન્મ આપી શકે અને દ્રૌપદી પાંચ પતિ રાખી શકે તો આપણે વળી કયો અનર્થ કરી રહ્યાં છીએ ?*

*સુધાર-પ્રયત્નો પર વિચાર કરતાં નિષ્કર્ષ નીકળ્યો કે કથા શ્રવણની ધર્મ ચર્ચા અપર્યાપ્ત છે. દૃષ્ટિકોણ બદલવા માટે એવું પ્રભાવી વાતાવરણ હોવું જોઈએ, જ્યાં ચર્ચા અને ક્રિયામાં ઉત્કૃષ્ટતાનો સમુચિત સમન્વય હોય. આ જ આધારે આગળ પગલાં લીધાં અને તેઓ સફળ પણ થયા.*

*અનુકૂળ સ્થિતિનો લાભ ઉઠાવીને આપણે આપણી સુવિધા, સાધનોને વધારીએ અને પ્રતિકૂળતાના પથ્થર પર ઘસીને આપણી પ્રતિભાને સતેજ કરીએ. એ ઉચિત છે અને એ જ ઉપયુક્ત છે.*

***જેનું મન હારી જાય છે તે ઘણું બધું હોવા છતાં અંતે પરાજિત થઈ જાય છે. જે શક્તિ ન હોવા છતાંય મનથી હાર માનતો નથી તેને દુનિયાની કોઈ તાકાત પરાસ્ત કરી શકતી નથી.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંતાન કેટલાં અને શા માટે પેદા કરવા ?

એક સમય એવો હતો જ્યારે દેશની વસતી ઘણી ઓછી હતી. વિશાળ વન-ઉપવન ઘણાં જ હતાં. પશુપાલન અને ખેતીને માટે જોઈએ તેટલી જમીન પ્રાપ્ય હતી. ત્યારે અર્થવ્યવસ્થા અને સુરક્ષાને માટે પરિવારની સંખ્યા મોટી હોય તે ઉપયોગી હતું. જેમનો પરિવાર મોટો હોય તેઓ જંગલી જાનવરો અને રાક્ષસો સામે ટક્કર લેવામાં સમર્થ રહેતા હતા. તે યુગમાં પુત્રનો જન્મ, સંતાનની વૃદ્ધિ એક દૈવી કૃપા માનવામાં આવતી હતી.

આજે તો દેશની વસતી ભયજનક સપાટીથી આગળ વધી ગઈ છે. દરેક મનુષ્યના ભાગમાં એટલી ઓછી જમીન આવે છે કે, જેનાથી પર્યાપ્ત અન્ન ઉત્પાદન માટે પારાવાર પરિશ્રમ કરવા છતાં વિદેશોમાંથી ઉધાર લેવાથી દેવું થઈ ગયું છે. બદલામાં અતિ આવશ્યક વસ્તુઓ આપીને કોઈ રીતે પેટપાલન શક્ય બને છે. અનાજની મોંઘવારી અસીમ વધી ગઈ છે. દૂધ, ઘી દેવતાઓને પણ દુર્લભ થઈ ગયાં છે. ચા અને ડાલડાથી આ પદાર્થોની સ્મૃતિ જીવંત છે. જે ક્રમથી વસતિ વધી રહી છે, તેને જોતાં ભવિષ્યમાં અનાજની ઊણપ, મોંઘવારી, દૂધ-ઘીની દુર્લભતા વધશે. મનુષ્યોને માટે જ જ્યારે નિવાસ અને અનાજ મુશ્કેલ થઈ જશે, તો બિચારાં પશુઓ ક્યાં રહેશે ? કેવી રીતે રહેશે ?

પચાસ વર્ષ પહેલાં અને આજની પરિસ્થિતિમાં આ વસતી વધારાએ જમીન-આસમાન જેટલું અંતર ઉત્પન્ન કરી નાખ્યું. આ ક્રમ ચક્રવૃદ્ધિ ક્રમથી વધી રહ્યો છે, એટલું જ નહીં આ વિપત્તિ હજુ પણ વધશે. ઉદ્યોગ ધંધા, વેપાર, શિક્ષણ, વાહન વગેરે માટે સાધનો ગમે તેટલાં વધારીએ છતાં વસતી જે ગતિથી વધી રહી છે, તે જોતાં તે ઓછાં જ પડશે અને ગરીબાઈથી લઈને અવ્યવસ્થા સુધી અસંખ્ય સમસ્યાઓ વધતી અને ગૂંચવાતી રહેશે. નિવાસ, બેરોજગારી તથા ચિકિત્સાની ગૂંચવણ આજે પણ ગૂંચવાડાભર્યો સવાલ બની ગઈ છે. ભવિષ્યમાં તો તેનો ઉકેલ નહીં આવે એવી સ્થિતિ થઈ જશે.

સંતાનોની સંખ્યા વધારવી આજની પરિસ્થિતિમાં પોતાના વ્યક્તિગત અને પારિવારિક જીવનમાં વિપત્તિઓને સીધું આમંત્રણ આપવા બરાબર છે. મોંઘવારી અને અપર્યાપ્ત પોષણને કારણે બાળકોના નિવાસ, ખેલકૂદને માટે સ્થાન ઓછાં મળે છે. તેમને પૌષ્ટિક ભોજન નથી મળતું. મોંઘું શિક્ષણ અને ચિકિત્સાને કારણે સમયને અનુરૂપ તેમના શિક્ષણની વ્યવસ્થા થતી નથી. ચિકિત્સાનો યોગ્ય પ્રબંધ થઈ શકતો નથી. એવી દશામાં કેવી રીતે આશા રાખી શકાય કે આ સંખ્યાબંધ બાળકોનો સમુચિત વિકાસ અને પોષણ એક સામાન્ય વર્ગનો આદમી કરી શકે ? આંગળીને વેઢે ગણી શકાય, તેવા અમીરોની વાત જુદી છે. સર્વસાધારણ માટે તો આ ભાર જેટલો વધશે તેટલો જ અસહ્ય બનશે. સમય ઓછો અને બાળકો વધુ થવાથી, તેમના પ્રત્યે ધ્યાન પણ આપી શકાતું નથી. તેમનો સ્વભાવ, સંસ્કાર તથા સ્વાસ્થ્ય સુવિકસિત કરવાને માટે વડીલોએ પુરું ધ્યાન દેવું, સમય અને શ્રમ દાન કરવું તથા પૂરતોખર્ચ કરવો જોઈએ, પણ તે અધિક બાળકોમાં સંભવ નથી. તેથી તેઓ બિચારાં જંગલી ઘાસની જેમ વધે, પોતાના મોતે મરે કે જીવે અને સંસ્કારી કુસંસ્કારી બનતાં રહે છે. આવાં બાળકો સમગ્ર પરિવારને માટે, સમસ્ત સમાજને માટે એક માથાનો દુખાવો બની રહે છે. કુમાર્ગગામી કે અસ્વસ્થ થઈ જાય, ત્યારે તો તેને એક વિપત્તિ અને શ્રાપ જ કહેવામાં આવશે.

કામ એટલું જ હાથ ઉપર લેવું, જે સારી રીતે નિભાવી શકાય. બાળકો ઉત્પન્ન કરવાં એ માત્ર ક્રીડા-વિનોદ નથી. તેની પાછળ મોટી જવાબદારી સમાયેલી છે. જે તેને સારી રીતે ઉપાડવામાં સમર્થ હોય, તેમણે જ જવાબદારી ઉઠાવવાનું સાહસ કરવું જોઈએ. અન્યથા આગળ પાછળનો વિચાર કર્યા વિના સંતાન વધારતા જવાં તેને આપણા માટે, બાળકો માટે અને સમસ્ત સમાજને માટે સંકટ ઊભું કરવા જેવો અપરાધ માનવામાં આવશે.

સંતાનની સંખ્યા વધારવી એ પત્ની સાથેનો પ્રત્યક્ષ અત્યાચાર છે. બાળકને નવ મહિના પેટમાં રાખવું, તેનું શરીર પોતાના લોહીમાં માંસમાંથી બનાવવું પ્રસવપીડા,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દૂધ પીવરાવવું અને અધૂરી ઊંઘ લેવી તે માતાને માટે એક અસાધારણ ભાર છે. તેની પૂર્તિને માટે તેને બહુમૂલ્ય પૌષ્ટિક ભોજન, વિશ્રામ તથા કેટલીયે જાતની સુવિધા જોઈએ. તે ન મળે અને એક પછી એક બાળકો જલદી જલદી પેદા થતાં રહે, તો નિશ્ચિતરૂપથી તે માતાનું સ્વાસ્થ્ય આ કારણે જ ખરાબ છે. તેમને અનેક પ્રકારનાં આંતરિક રોગ ઘેરી લે છે. જુવાની બેચાર વર્ષની અંદર ચાલી જાય છે અને જોતજોતામાં વૃદ્ધત્વ આવી જાય છે. પ્રસવકાળમાં અગણિત સ્ત્રીઓ મરે છે. દુર્બળ શરીરો માટે આ ભાર આખરે કયું પરિણામ ઉત્પન્ન કરી શકે ? આ સ્પષ્ટ રીતે એક હત્યાકાંડોની શૃંખલા છે. જેઓ જે વજન ઉઠાવવામાં અસમર્થ છે, તેના ઉપર વધુ લાદવામાં આવે, તો આખરે બિચારાને મરવું જ પડશે. આપણે કહેવા પૂરતો આપણી પત્નીને ઉપલછલ્લો, દેખાવનો પ્રેમ કરીએ છીએ. વ્યવહાર આપણો કસાઈ જેવો હોય છે. પ્રજનનના ભારથી કણસતી, વગર મોતે મરતી, અનેક રોગોથી ઘેરાયેલી મહિલાઓના અગણિત આત્માઓ પોતાના પતિઓના જંગલી અત્યાચારોનો શિકાર બની જાય છે. કોઈ ભલે આ તથ્યની ઉપેક્ષા કરે, પણ સત્ય તો છેવટ સુધી સત્ય જ રહેશે. દુર્બળ માતાઓ માયકાંગલા, દુર્ગુણી અને રોગીષ્ટ સંતાન જ ઉત્પન્ન કરશે. તેનાથી કોઈ પરિવારને પ્રસન્નતા અનુભવવાનો નહીં, વિપત્તિનું મુખ જોવાનો અવસર આવશે. સારું તો એ છે કે, આપણે સમજપૂર્વક કામ લઈએ અને અત્યારની પરિસ્થિતિઓ જોઈને સંતાનની સંખ્યામાં વૃદ્ધિ કરીને સંકટ વહોરી લેતાં પહેલાં હજારવાર આ જવાબદારીના સંબંધમાં વિચાર કરીએ. જો પોતાની પત્નીની શારીરિક, માનસિક અને આર્થિક સ્થિતિ દરેક દૃષ્ટિએ યોગ્ય હોય, તો આગળ વધવું. અન્યથા કદમ રોકી લેવામાં જ દૂરદર્શિતા છે.

સારું તો એ છે કે, છોકરા-છોકરીનાં લગ્ન મોટી ઉંમરે કરવામાં આવે. સારું તો એ છે કે, વાનપ્રસ્થ પરંપરા ફરીથી શરૂ થાય અને ચાળીસ વર્ષથી વધુ ઉંમરના લોકો પ્રજનન ક્રિયાથી મોં ફેરવી લે. જેને બાળકો ન હોય તેની સૌએ સાથે મળીને પ્રશંસા કરવી તે વધુ સારું છે. તેના સૌભાગ્યનાં વખાણ કરવાં. સારું તો એ છે કે પ્રથમ બાળક મોડેથી ઉત્પન્ન કરવું અને બે બાળકો પછી આ પ્રક્રિયાને બંધ કરી દેવામાં આવે. ગમે તેમ કરીને આપણે વસતીનો વધારો થતો અટકાવવો જોઈએ.

આજની પરિસ્થિતિમાં બાળકોની સંખ્યા વધારવી સૌભાગ્યનું ચિહ્ન નથી. તે દુર્ભાગ્યનું પ્રતીક બની ગયું છે. પ્રાચીનકાળમાં સંતાનની કામના અને પ્રાર્થના કરવામાં આવતી, તેના જન્મનો ઉત્સવ મનાવવામાં આવતો, તે વાત તો સમજાય તેવી છે, પણ આજે ય એવી રીતે વિચારવું યોગ્ય નથી. એક રૂપિયામાં વીસ-વીસ શેર ઘઉં વેચાતા મળતા. આજે એક શેર ઘઉંનો ભાવ તે દિવસો કરતાં અનેકગણો છે. એ જમાનામાં સંતાનહીનતા અભાગિયા કહેવાતા, પણ આજે તો તેઓ જ સાચા અર્થમાં ભાગ્યવાન છે. તેમને દેશ ભક્ત અને પુણ્યાત્મા કહેવામાં આવે, કેમ કે તેમણે રાષ્ટ્રીય સંકટ વધારવાનું પાપ નથી કર્યું.

આપણો દેશ મૂઢ માન્યતાઓની જંજાળમાં જકડાયેલો છે. અહીં લોકો પાંચ હજાર વર્ષ જૂની પ્રણાલીથી જ વિચારવા ટેવાયેલા છે. લગ્ન થતાં જ સંતાનની ઉતાવળ કરે છે. જેણે બાળક પેદા કરી લીધાં, તેણે ગઢ જીતી લીધો. જેને બાળકો ન થાય, તેમને અભાગિયા અને અભાવગ્રસ્ત સમજવામાં આવે છે. અસંખ્ય નરનારી આ જ મૂઢ માન્યતામાં ફસાઈને, વિચાર ધારામાં પ્રવાહિત થઈને સંતાનના અભાવે રોતાં, કલ્પાંત કરતાં જોઈ શકીએ છીએ. સંતાન ન હોવાથી પતિ-પત્ની અધિક સ્વસ્થ રહી શકે છે. શિશુ પાલનમાંથી બચેલા સમય અને ધનને સમાજસેવા, જ્ઞાનયજ્ઞ જેવી અતિ મહત્ત્વપૂર્ણ આવશ્યક્તાઓમાં ખર્ચી શકે છે અને પોતાનો લોક-પરલોક દરેક દૃષ્ટિએ શાનદાર બનાવી શકે છે. પુત્રથી વંશ ચાલે અને પિંડદાન પ્રાપ્ત થાય એમ માનવું તે નરી મૂર્ખાઈ છે. પિંડ પોતાનાં જ સત્કર્મોનો મળે છે. પુત્રનો તેમાં કંઈ હસ્તક્ષેપ નથી. વંશ પોતાના યશનો ચાલે છે, અન્યથા ૩, ૪ પેઢી પછી પોતાના વંશજોનાં નામ પણ લોકો ભૂલી જાય છે.પછી તેને આગળ ચાલતો રાખવાની તો આશા જ ક્યાં રાખવી ?

આપણે આજની પરિસ્થિતિઓને સમજીએ અને સંતાન ઉત્પાદનની જવાબદારી ત્યારે જ વહન કરીએ કે તેની યોગ્યતા અને ક્ષમતા આપણામાં હોય. તે દશામાં પણ સંતાનોની સંખ્યા ઓછી રાખવી ઉચિત છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# લોક શિક્ષણ કા સફળ માધ્યમ

શ્રી સત્યનારાયણ વ્રત કથાનું તાત્પર્ય છે સત્યને સાક્ષાત્ ભગવાન માનીને જીવનમાં સત્યનું આચરણ કરવાનું વ્રત લેવું. માત્ર સત્ય બોલવું એટલું જ પૂરતું નથી, પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં ધર્મ, કર્તવ્ય, નીતિ, સદાચાર, મર્યાદા તથા વિવેકના આધારે વિચારી એ પ્રમાણે કરવું એ સત્યનિષ્ઠાનું સાચું સ્વરૂપ છે. સાચું બોલવું એ સત્યનિષ્ઠાનું એક નાનું સ્વરૂપ છે. એની આવશ્યક્તા તો છે જ, પરંતુ જે સત્યને નારાયણ કહેવામાં આવ્યું છે તે માત્ર સાચું બોલવા પૂરતું મર્યાદિત નથી. આપણી બધી ઈચ્છાઓ, મનોવૃત્તિઓ તથા કાર્યોને ધર્મની મર્યાદાને અનુરૂપ બનાવી લેવામાં આવે તો સમજવું જોઈએ કે સત્યરૂપી ભગવાનનું જીવનમાં અવતરણ થયું. આ અવતરણ ઈશ્વરપ્રાપ્તિ અથવા ઈશ્વરદર્શનનું જ એક રૂપ છે.

શ્રી સત્યનારાયણ વ્રતકથામાં ભિક્ષાજીવી બ્રાહ્મણ, કઠિયારો, લીલાવતી તથા કલાવતી, સાધુ વૈશ્ય, તુંગધ્વજ વગેરેનું વર્ણન છે. એમાં એક જ તથ્યનું પ્રતિપાદન છે કે સત્યનિષ્ઠા અપનાવવાથી, શ્રી સત્યનારાયણનું વ્રત લેવાથી લૌકિક અને પારલૌકિક બંને ય જીવન સુધરી જાય છે અને વ્રત છોડી દેવાથી અનેક પ્રકારનાં કષ્ટોનો સામનો કરવો પડે છે. આ કથાનકો એવા જ ઉદાહરણો રજૂ કરવામાં આવ્યાં છે અને સાંભળનારાઓને સમજાવવામાં આવ્યું છે કે એમણે ચક્રધારી કૃષ્ણ અને ધનુર્ધારી રામને જ ભગવાન માનીને સંતુષ્ટ ન થવું જોઈએ, પરંતુ એવો અનુભવ કરવો જોઈએ કે કે નારાયણનો પ્રત્યક્ષ સંપર્ક આપણે સત્યના નારાયણ દ્વારા જ કરી શકીએ છીએ. સદાચારી મનુષ્ય અનાયાસે જ ભગવાનની કૃપાનો અધિકારી બની જાય છે. એના જીવનની દરેક દિશા આનંદ મંગલથી પરિપૂર્ણ થઈ જાય છે. જેમણે નારાયણને સત્યના સ્વરૂપમાં ઓળખ્યા નથી,પરંતુ ભોગ-નૈવેદ્ય કે ભજનપૂજન દ્વારા એમને ફોસલાવવાની બાળરમત જેઓ કરતાં રહે છે એમને કોઈ જ લાભ મળતો નથી.

સદાચરણની શુભ ભાવનાઓને લોકોના માનસમાં સ્થાપિત કરવા માટે સત્યનારાયણની કથાનો વધારેમાં વધારે પ્રચાર જરૂરી છે, પરંતુ દુઃખની વાત એ છે કે એનું તાત્પર્ય કોઈ સમજતું નથી કે સમજાવવામાં આવતું નથી. કથા સાંભળવાને તથા પંચામૃત અને શીરાનો પ્રસાદ ખાવા માત્રને જ લોકો પોતાના કર્તવ્યની ઈતિશ્રી માની લે છે. કથાકારને દક્ષિણા આપી દેવાથી લોકો એમ સમજે છે કે પુણ્ય મળી ગયું અને કથાનાં પાત્રોને જે લાભ મળ્યો હતો તે અમને પણ મળી જશે. આવી ખોટી આશા નિરાશામાં ફેરવાઈ જાય છે. ઈશ્વરની કૃપા એટલી સસ્તી નથી કે જે પાંચ-પાંચ રૂપિયા ખર્ચવાથી કે બેચાર કલાક કોઈ કર્મકાંડ પાછળ કાઢવાથી મળી જાય. એ પ્રાપ્ત કરવા તો જીવનની શુદ્ધિ, નિર્માણ તથા જીવન વિકાસની પ્રક્રિયા અનિવાર્ય રૂપે પૂરી કરવી પડે છે. શ્રી સત્યનારાયણ કથાના આ તાત્પર્યને જો લોકોના મગજમાં બરાબર ઠસાવવામાં આવે તો એનાથી ખરેખર બહુ મોટું પુણ્ય પ્રાપ્ત થાય. કથાવાચકો તથા તે સાંભળનારા વિચારશીલ લોકોએ આ કથાનાં વિશાળ આયોજનો કરીને વધુમાં વધુ લોકો સુધી તેનું તાત્પર્ય પહોંચાડવું જોઈએ.

યુગનિર્માણ યોજનાની અંતર્ગત લોકોના જીવનમાં સત્યનિષ્ઠા જાગૃત કરવા તથા એને અનુરૂપ આચરણ કરવાનું સાહસ જાગૃત કરવા માટે સત્યનારાયણની કથાને એક ખૂબ ઉપયોગી માધ્યમ તરીકે અપનાવવામાં આવી છે. કથામાં માત્ર વ્રતની ફળશ્રુતિ જ નહિ, પરંતુ વ્રતનાં સૈદ્ધાંતિક તથા વ્યાવહારિક રૂપને પણ સારી રીતે સમજાવવામાં આવ્યું છે. લોકો એને સમજીને સત્યનિષ્ઠ બને સત્યમય જીવનક્રમ અપનાવીને વ્યક્તિગત તથા સામાજિક જીવન ઉન્નત તથા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સુખી બનાવે અને સત્યના આચરણ પ્રત્યે પોતાની નિષ્ઠા પ્રગટ કરે તથા બીજા લોકોને એની પ્રેરણા આપવા માટે કથાનું આયોજન કરે તે ખૂબ જરૂરી છે.

સત્યનારાયણની કથા દેશના ઘણા ભાગોમાં ખૂબ લોકપ્રિય છે. એના દ્વારા લોકોની શ્રદ્ધા તથા ભાવનાને સહજ રીતે જાગૃત કરી શકાય છે. કુશળ કથાવાચક સત્યનારાયણના તથ્યોને જુદા જુદાં ઉદાહરણોનો ઉપયોગ કરીને પ્રખર લોકશિક્ષણ આપી શકે છે. યુગનિર્માણ યોજના દ્વારા આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે એની પાછળનો ઉદ્દેશ એ છે કે કથાના માધ્યમ દ્વારા સામાન્ય લોકોને સાચા સત્યવ્રતી બનાવી શકાય.

કથાનું આયોજન જુદી જુદી રીતે અને જુદી જુદી કક્ષાએ કરી શકાય. કૌટુંબિક સ્તરે કે સાર્વજનિક સ્તરે પણ એનું આયોજન કરી શકાય છે. કથા ગમે તે કક્ષાએ યોજાય, પરંતુ તે આકર્ષક તથા સુરુચિપૂર્ણ વાતાવરણ બનાવીને કહેવી જોઈએ. પ્રચલિત પદ્ધતિ પ્રમાણે એક જ વારમાં આખી કથા કહેવામાં આવે છે, પરંતુ એની વિસ્તૃત વ્યાખ્યા કરીને સમજાવવા માટે એને પાંચ દિવસ સુધી દરરોજ એક એક અધ્યાય કહીને મોટું આયોજન કરી શકાય.

કથા માટે આકર્ષક મંડપ બનાવવામાં આવે અને એમાં સત્યરૂપી ભગવાનની પ્રતિમા અથવા તો ફોટાની સ્થાપના કરવી જોઈએ. પૂજાનાં સાધનોથી પૂજનવેદીને શણગારવી જોઈએ. કેળના થાંભલા, આંબો કે આસોપાલવના તોરણ, ફૂલો, ધજા, વગેરે દ્વારા એવી સજાવટ કરવી જોઈએ કે જેનાથી શ્રોતાઓમાં આપોઆપ આકર્ષણ અને ઉલ્લાસ પેદા થાય. કળશ, ઘીનો દીપક, અગરબત્તી વગેરે યથાસ્થાને મૂકવાં જોઈએ.

સમયની અનુકૂળતા પ્રમાણે સમજાવટ ઓછીવત્તી કરી શકાય એક દિવસના કૌટુંબિક આયોજન માટે સામાન્ય સજાવટ પણ પૂરતી છે. પાંચ દિવસના આયોજન માટે દેવપૂજન વેદી, વ્યાસપીઠ, મંડપ વગેરે વધારે આકર્ષક બનાવવાં જોઈએ.

વાતાવરણમાં ઉત્સાહ વધારવા માટે સાર્વજનિક કથા આયોજન પહેલાં યજ્ઞોની જેમ કળશયાત્રા તથા વેદી સ્થાપનાનાં પ્રકરણ પણ જોડી શકાય. આવાં આયોજનોનાં અંતે પૂર્ણાહુતિ ગાયત્રી યજ્ઞ દ્વારા કરાવવી જોઈએ. પ્રથમ દિવસે કળશયાત્રા તથા દેવપૂજન પછી કથા શરૂ કરવી જોઈએ તથા અંતે કથા પૂરી કરને ગાયત્રી યજ્ઞ કરવો જોઈએ. દરરોજ એક અધ્યાયની કથા યોગ્ય ઉદાહરણો સાથે વિસ્તારપૂર્વક કહેવાથી લોકોના મનમાં વિષય સારી રીતે ઠસાવી શકાય છે.

આવાં પાંચ દિવસીય કથા આયોજનોની શૃંખલા ગામે ગામ અને મહોલ્લે ચલાવી શકાય. કથાનો સમય એવો રાખવો જોઈએ કે જેથી વધારેમાં વધારે ભાઈ-બહેનો એનો લાભ લઈ શકે. આ આયોજનની સાથે સામુહિક સંસ્કારોનો ક્રમ પણ ચલાવી શકાય. કથા કહ્યા પછી બાકીના સમયમાં લોકસેવાની ભાવનાવાળા કથાવાચકો જનસંપર્ક કરીને રચનાત્મક કાર્યો પણ કરી શકે છે. આ રીતે સાર્થક તથા લોકોપયોગી કથા આયોજનો સંપન્ન કરાવવા માટેની તાલીમની વ્યવસ્થા પણ યુગનિર્માણ યોજના દ્વારા કરવામાં આવી છે.

સામાન્ય રૂપે કથા કહેતા પહેલાં સમયની અનુકૂળતા પ્રમાણે સ્વસ્તિવાચન વગેરે કરાવીને કથા શરૂ કરવી. શ્રોતાઓના હાથમાં અક્ષત-પુષ્પ આપીને કથા શરૂ કરવાની રીત સારી છે. અંતમાં એ જ અક્ષત-પુષ્પ પુષ્પાંજલિ મંત્રની સાથે ભગવાનને ચઢાવી દેવાં. પાંચ દિવસની કથા આયોજનમાં દરરોજ આ ક્રમ અપનાવી શકાય. જો શ્રોતાઓ વધારે હોય અને આવી વ્યવસ્થા ન થઈ શકે એમ હોય તો શ્રદ્ધાસુમન ચઢાવવાની ભાવનાત્મક વ્યાખ્યા કરી દેવી જોઈએ.

અંતમાં આરતી, શુભકામના, વિસર્જન તથા પ્રસાદ વિતરણ વગેરે સામાન્ય ક્રમ પ્રમાણે કરાવવાં જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**આત્મીય અનુરોધ**

# સમયનો પોકાર અસાંભળ્યો કરવામાં ન આવે

નવયુગની ગંગાના અવતરણની પૃષ્ઠભૂમિ બનાવવા માટે બરોબર આ સમય ભગીરથી તપ સાધનાનો છે. પરિવર્તન નજીક છે. પ્રભાતકાલીન અરૂણોદય થવામાં વાર નથી. તેની આરતી ઉતારવા માટે બ્રહ્મવાદીઓને આમંત્રણ મળ્યું છે. આપણે ઊંઘ ભરેલી આંખો ખોલી જાગરૂક યુગ પ્રહરીની માફક અગ્રિમ પંક્તિમાં રહેવું જોઈએ. યુગ ચેતનાનો શંખનાદ હવે આપણે જ કરવાનો છે, તો પછી વિલંબ શા માટે ? યુગની માંગ સ્વીકારવામાં અણસમજ શા માટે આડે આવે ?

**પોતાની ગરિમાને ઓળખો--**

યુગ નિર્માણ પરિવારના પરિજનોમાંથી પ્રત્યેક પોતાને વિશિષ્ટ સમય પર અવતરિત વિશિષ્ટ આભા માનીને ચાલે. આ દેવ પરિવારની સ્થાપના અને ઉદય નવયુગની ભૂમિકા નિભાવનાર અગ્રદૂતોના રૂપમાં થઈ છે. આપણે પોતાના સ્વરૂપ તથા અવતરણના ઉદ્દેશ્યથી પરિચિત થવું જોઈએ. તેમજ પોતાની ગતિવિધિઓના શ્રેય/સાધનોની માફક ઉચ્ચસ્તરીય બનાવવા માટે કટિબધ્ધ થવું જોઈએ. સર્વ સાધારણની તુલનામાં આપણું વ્યક્તિત્વ વધુ ઊંચું હોવું જોઈએ. આપણા દૃષ્ટિકોણમાં ઉચ્ચસ્તરીય આદર્શોનું સ્થાન રહેવું જોઈએ. આપણી ગતિવિધિઓમાં આવા પ્રેરણાપ્રદ તત્ત્વ ભરેલા રહેવા જોઈએ, જેના સહારે દરેકને અનુકરણીય પ્રકાશ મળી શકે.

**સ્વયં પોતાનું ઉદાહરણ પ્રસ્તુત કરો--**

નવયુગના દેવમાનવ કેવા હશે, એનો પૂર્વ આભાસ આપણે પોતાની પ્રતિભા ઘડીને જ સાધારણ લોકો સમક્ષ પ્રસ્તુત કરવો જોઈએ. આદર્શ કાલ્પનિક હોય છે, તે વ્યવહારમાં ઉતારી શકાતા નથી, આ ભ્રમ લોકમાન્યતાને નિરસ્ત કરવા માટે આપણે આપણું જ પ્રમાણ પ્રસ્તુત કરવાનું છે. સુધરેલ મનઃસ્થિતિની પ્રતિક્રિયા જ સુખદ પરિસ્થિતિ બનીને સામે આવે છે. આ સનાતન લક્ષ્ય પ્રત્યે આજે અવિશ્વાસ છવાયેલો છે. એનું સમાધાન એક જ ઉપાયથી થઈ શકે છે કે આપણે આગળ વધીને આત્મ નિર્માણ કરીએ અને લોકોને અનુભવ કરાવીએ કે ઉચ્ચ ચિંતન તથા આદર્શ કાર્યની દેવ પ્રક્રિયા સુખદ જ નહીં સરળ પણ છે.

આપણી પાસે શક્તિ છે, પણ તેમાં પ્રખરતાની જરૂરી માત્રા દેખાતી નથી. આ શક્તિ આપણો દેવ પરિવાર જ છે. લાખો આદર્શવાદીઓની ઘનિષ્ઠતા, સૂત્ર શૃંખલા પોતાનામાં એક એવો શક્તિ સ્ત્રોત છે, જેના પ્રકાશમાં તે બધું જ થઈ શકે છે, જે યુગની માંગ પૂરી કરવા માટે જરૂરી છે.

**એક જ રસ્તો--**

આ વિશ્વની સૌથી મોટી શક્તિ, ઉચ્ચ વ્યક્તિત્વોના રૂપમાં પ્રકટ થતી રહી છે, સાધનોના અભાવમાં કદી કોઈ મહાન પ્રયોજન રોકાયા નથી, ન તેમના બાહુબળથી કોઈ મોટા ઉદ્દેશ્યની પૂર્તિ થઈ શકી છે. મહાન લક્ષ્યોની પૂર્તિ આદર્શવાદી વ્યક્તિત્વો સિવાય બીજા કોઈ પ્રકારે થઈ નથી શકતી. જ્યાં સુધી આ અભાવ પૂરો ન થાય, ત્યાં સુધી કલ્પનાઓ કંઈ પણ કરીએ કોઈ પણ યોજનાઓ બનતી રહે, કોઈ એવા આધાર ઉભા ન થઈ શકે જેનાથી યુગાંતરીય ચેતનાના દિવ્ય દર્શન થઈ શકે. નિરાશાજનક લોકમાનસમાં આશાનો સંચાર એક જ ઉપાયથી સંભવી શકે કે યુગ સાધનાના ભાગીરથી પ્રયાસોમાં કેટલાક આત્માઓ પોતાને લગાવવા, તપાવવા માટે આગળ વધતા દૃષ્ટિગોચર થાય છે. સંસ્કારવાદી, પ્રચારાત્મક, ધૂમધામના કૌતુક કૌતૂહલ ઉભા કરે છે. તેનાથી કદાચ જ લાભ થાય છે. ફૂલઝડી આંખોને ગમે છે પરંતુ લક્ષભેદન તે દારૂગોળાથી સંભવ બને છે જે તોપની નળીમાંથી છુટે છે.

પ્રચારાત્મક આયોજનોનો સરંજામ ઉભો કરવો સાધન સંપન્ન અને પ્રતિભાશાળી લોકો માટે ડાબા હાથનો ખેલ છે. જો એટલાથી માનવ જાતિના ભાગ્ય-ભવિષ્યનું નિર્ધારણ થઈ શકયું હોત તો ચતુર અને સંપન્ન લોકો તે શ્રેય કયારનુંય હાથ કરી ચૂકયા હોત. પ્રયોજન તો દધીચિના હાડકા જ પૂરું કરે છે. પુષ્પમાળાઓની સાજ-સજ્જાથી તે મહાન કાર્ય કેવી રીતે સંભવ થાત ? અસુરતા જો સસ્તા સાધનોથી નષ્ટ થઈ શકતી હોત તો દરેક સાલ હજારો વિશાળકાય કાગળના પૂતળાના રૂપમાં સળગતા રાવણોની સાથે-સાથે અવાંછનીયતા નષ્ટ થઈ ગઈ હોત.

યુગ નિર્માણ પરિવારે જે અત્યાર સુધી જે રસ્તો પાર કર્યો છે. તેને પાછા વળીને જોવામાં સંતોષ થાય છે અને કદાચ ગર્વ પણ, પરંતુ આગળ ચાલવાનું જેટલું બાકી છે, તેને જોતા લાગે છે કે હજી પોતાના ડગલામાં વધુ ગતિ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લાવવી પડશે. ઉમંગોને સાધન, શ્રધ્ધાનો નવો રસ્તો બતાવવો પડશે. સાહસ પ્રશંસનીય છે, પણ મહાન પ્રયોજનો માટે તો દુસ્સાહસથી કામ નહીં ચાલે. અધૂરા મનથી અધૂરા બળથી કરેલ કામ કાણાં-કુબડાં અધૂરા જ રહે છે. આપણા લોકોના પ્રયાસોની ગણના જો આ સ્તરમાં ગણાતી રહી તો એને આપણા યુગની એક ભયાનક દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટના જ કહેવાશે.

ધનની કમી થઈ શકે છે. પણ શ્રમ, સમય, બુધ્ધિ, પ્રભાવ વગેરે તો ભગવાને બધાને પૂરતા પ્રમાણમાં આપ્યા છે. એનો એક અંશ પરમાર્થ પ્રયોજનોમાં લગાવવામાં હૃદયમાં વસેલી સંકોચતા તથા કૃપણતા સિવાય બીજી કોઈ મુશ્કેલી નથી. આવશ્યક કાર્યોમાં જ પોતાના વ્યક્તિત્વના ઉચ્ચ સ્તરીય નિર્માણને એક કાર્ય ગણવામાં આવે તો આદર્શવાદી ગતિવિધિઓ અપનાવવામાં બીજો કોઈ અવરોધ નહીં રહે.

જ્ઞાનયજ્ઞ આજના યુગની સર્વોત્તમ સાધના તથા તપશ્ચર્યા છે. એને યુગ સાધના કહી શકાય. ભગવાને પોતાના પરમપ્રિય ભક્તોને સમય-સમયે જપ-તપની સામાન્ય સાધનાથી ઊંચા ઉઠાવી યુગની આવશ્યકતાને પૂરી કરનારી વિશિષ્ટ સાધનાઓમાં સામેલ થવાની પ્રેરણા આપી છે. સામાન્ય સાધુ સંતોની વાત છોડીએ તો મહામનીષિઓ અને મહાન ઋષિઓની સાધના તપશ્ચર્યાઓ યુગ સાધનાના રૂપમાં ગતિશીલ રહી છે. જપ-તપમાં સીમિત રહેનાર, ધન સંગ્રહી લોકોની માફક પરલોકમાં સ્વર્ગ સુખ પામવાની લાલસા કરતા રહે છે. તે ભૂલી જાય છે ભગવાન આડંબરોના ભૂખ્યા નથી. તેમને મનુષ્યની તે મહાનતાથી પ્યાર છે જે આત્મ નિર્માણના મહાન ઉદ્દેશ્યોમાં સામેલ રહી તેમને મદદ કરતા અને મનોરથ પૂરા કરે છે.

આજના યુગની સમસ્ત સમસ્યાઓ અને મુશ્કેલીઓ વિકૃત ચિંતનની પ્રતિક્રિયાઓ છે. દુર્બુધ્ધિએ જ અગણિત સંકટ ઉભા કર્યા છે. સંપન્નતા, શિક્ષા અને વૈજ્ઞાનિક પ્રાપ્તિઓના સહારે ઉત્પન્ન સુવિધા પણ શારીરિક, માનસિક, પારિવારિક, આર્થિક, સામાજિક, ધાર્મિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય વગેરે સમસ્ત ક્ષેત્રોમાં મુશ્કેલીઓ તથા વિસંગતિ વધી રહી છે. એનું એક માત્ર કારણ માનવી ચિંતનમાં દુષ્ટતા તથા ભ્રષ્ટતા ઘુસ્યાનું છે. તેનું નિવારણ સદ્ભાવનાઓ અને સત્પ્રવૃત્તિઓના અભિવર્ધનથી જ થઈ શકે. જ્ઞાનયજ્ઞનો ઉદ્દેશ્ય એ જ છે. વિચારક્રાંતિથી એ જરૂરિયાતની પૂર્તિ થાય છે. નૈતિક, બૌધ્ધિક તથા સામાજિક સુધારની દિશામાં આગળ વધવામાં આવે તો જેટલા સાધન આજે આપણા હાથમાં છે, તેનાથી મનુષ્યમાં દેવત્વનો ઉદય કરનારી અને ધરતી પર સ્વર્ગનું અવતરણ કરી બતાવનારી સંભાવનાઓ ખૂબ સરળતાપૂર્વક સંપન્ન થઈ શકે છે.

**પરિવર્તન આવશ્યક--**

જ્ઞાનયજ્ઞ યુગની સૌથી મોટી આવશ્યકતા છે. માનવી ભવિષ્ય પૂરી રીતે તેની સફળતા અસફળતા સાથે જોડાયેલ છે. એમાં ભાગીદાર બનવાથી પોતાનું-બીજાનું કલ્યાણ એ બંને ઉદ્દેશ્ય પૂરા થાય છે. આ યુગ સાધનામાં અમે પોતાના પ્રિય પરિજનોને લગાવ્યા છે અને તેમના માટે પ્રસ્તુત થનાર અનુદાનોને પ્રેરણાપદ સ્તર સુધી ઊંચા ઉઠાવવા અનુરોધ કર્યો છે. જે પોતાનો પૂરો સમય એમાં લગાવી શકે તે નવો દૃષ્ટિકોણ અપનાવી તૈયારી કરે. આપણું એ પરિવર્તન જ લોક પરિવર્તનનો યુગ પરિવર્તનનો આધાર બની શકે છે. હમ બદલેંગે-યુગ બદલેગા, હમ સુધરેંગે-યુગ સુધરેગા નારો બીજાને સંભળાવવા માટે જ નથી. તેનો પ્રકાશ આપણા જીવન ક્રમમાં ક્રાંતિકારી પરિવર્તન ઉત્પન્ન કરી શકયા હોત, તો જ એ ઉદ્ઘોષને અમારા અંતરાત્માની ઊંડાણમાં ઉતારતા અને પોતાના પૂરી રીતના બદલાવનું અનુકરણીય આદર્શ ઉપસ્થિત કરતા. આ કાર્ય જ્ઞાનયજ્ઞ માટે અમારા વધ્યા-ચઢયા અનુદાનોના રૂપમાં જ સંપન્ન થઈ શકે છે.

**અવગણના ન કરે--**

પૂ. ગુરુદેવે ૧૯૭૭માં પરિવારના સદસ્ય બનવા માટે ૧ કલાકનો સમય અને દસ પૈસા નિત્ય જ્ઞાનઘટ માટે લગાવવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ પરિવારમાં પ્રવેશ મેળવવાની પ્રામાણિક શરત હતી. હવે વર્તમાન સમયમાં દસ પૈસાના બદલે ૧ રૂપિયો નિત્ય આપવાનો અનુરોધ છે, લોકમંગલ માટે ઓછામાં ઓછો આટલો ત્યાગ તો કરવો જોઈએ. કેટલાય પરિજન આ કર્તવ્ય પાલન કરવામાં આનાકાની તેમજ ઉપેક્ષા કરતા જોવા મળે છે. એને અનાસ્થા તથા મિશનની અવગણના કહેવું યોગ્ય નથી. રોજબરોજ નિરર્થક પૈસા ખર્ચીએ છીએ, વધુ સમય ગપબાજીમાં કે આળસ પ્રમાદમાં ગુજારીએ છીએ. એનો સદુપયોગ થવો જોઈએ.

**જ્ઞાનદાન સર્વોપરિ માનો--**

ઘરમાં જ્ઞાનયજ્ઞ નિયમિત અંશદાન તથા એક કલાક નિત્ય સંપર્ક માટે, ઝોલા પુસ્તકાલય ચલાવવામાં લગાવવો જેટલો સરળ તથા સસ્તો છે, એની તુલનામાં તેનાથી ઉત્પન્ન થનાર સત્પરિણામોની સંભાવના અસંખ્ય ગણી મૂલ્યવાન છે. આપણા મિત્રોની આનાથી મોટી સેવા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સહાયતા બીજી હોઈ જ ના શકે. તેમને ઉચ્ચ ચિંતન અપનાવવાના મહાન લાભથી લાભદાયી બનાવવામાં આવે. સુખી અને સમુન્નત બનવાનો આ સંસારમાં આ એક જ રસ્તો છે. જ્ઞાનદાનનો મહિમા સુવર્ણદાનથી પણ વધારે છે. ઝોલા પુસ્તકાલયના સહારે આ પુણ્ય પરમાર્થ પ્રતિદિન કરી શકાય છે.

આપણી જૂની પત્રિકાઓ તથા પુસ્તકો ઓછામાં ઓછી ૧૦ વ્યક્તિઓને પણ વંચાવવાનો સંકલ્પ આપણે કરતા તો આજે આપણું પ્રભાવક્ષેત્ર દસગણું હોત. વંચાવનારનું અહેસાન અનુગ્રહ જ માનવામાં આવશે. સાથે જ વિચારક્રાંતિનું ક્ષેત્ર ખાસ પ્રયત્ન વગર દસ ગણું વધી જશે. આમાં ન તો વિશેષ સમય કે પૈસા લાગે છે. માત્ર થોડું ધ્યાન રાખવાથી જ મિશનની આશાભરી સહાયતા થાય છે. અંશદાનથી સસ્તું સાહિત્ય યુગ ચેતના સાહિત્ય ખરીદતા રહેવાથી આપણા ઘરેલૂ પુસ્તકાલયની જ્ઞાન સંપદા વધતી જાય છે. એનાથી પૂરું પરિવાર તથા સંપર્ક ક્ષેત્ર લાભ ઉઠાવી શકે છે. જ્ઞાનઘટમાં જમા કરેલી *રકમ પોતાના ઘરમાં જ રહી. માત્ર સાહિત્યના રૂપમાં* બદલાઈ ગઈ છે. આનું સત્પરિણામ દાન પુણ્યના પરમાર્થથી પણ વધુ શ્રેષ્ઠ બની ગયું.

મુખ્ય વાત તો ચરિત્ર નિષ્ઠા અને સમાજ નિષ્ઠા સિધ્ધ કરનારા અનુકરણીય ક્રિયાકર્મોની છે. એનાથી ઓછામાં આત્માને સંતોષ થાય છે, પરમાત્માને નહીં. એનાથી ઓછામાં આદર્શવાદિતાની વાત બનતી નથી. આપણા પ્રેમી પરિજનોથી આનાથી ઓછામાં આપણી અપેક્ષા પૂરી થતી નથી. યુગ નિર્માણ પરિવારના સદસ્યોએ અખંડજ્યોતિ, યુગ શક્તિ ગાયત્રી, પ્રજ્ઞા અભિયાન ત્રણેય પત્રિકાઓના સદસ્ય થવું અનિવાર્ય છે. જેથી મિશનની બધી વિચારધારા, કાર્યક્રમોની જાણકારી તથા સમાચાર નિયમિત મળતા રહે. જો આર્થિક સ્થિતિ ઠીક હોય તો ત્રણ પરિવાર એક-એક પત્રિકાના સદસ્ય બની ત્રણેય મળીને વાંચે. પોતાની પત્રિકાઓ ૧૦-૧૦ નવા ભાઈ-બહેનોને વંચાવતા રહો જેથી ભવિષ્યમાં તે પણ વિચારધારા સમજી યુગ નિર્માણ પરિવારના સદસ્ય બની શકે. દરેક પરિજનને અનુરોધ છે કે તે ઓછામાં ઓછા ૧૦ સદસ્ય યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના પોતાના પરિચિત મિત્રોમાં બનાવવાનો પ્રયાસ કરે. જેથી પત્રિકાના માધ્યમથી જન-જન સુધી પૂજ્ય ગુરુદેવની વિચારધારા પહોંચી શકે. સમર્થ પરિજનોને આજીવન સદસ્ય બનાવતા રહો. જેથી દરેક વર્ષે સદસ્ય બનાવવાના સમયનો ઉપયોગ નવા સદસ્ય બનાવવામાં થઈ શકે.

સુદૃઢ સંગઠન બનાવવું આપણા બધા માટે જરૂરી થઈ ગયું છે. યુગ નિર્માણ પરિવાર, ગાયત્રી પરિવારના નામથી સંગઠન પહેલેથી જ ચાલી તો રહ્યું છે, પણ તેમાં પાત્રતાની કોઈ વિશેષ કસોટી નથી. યજ્ઞ, જપમાં જે થોડો-ઘણો રસ લે છે, તે જ પરિવારના સદસ્ય માની લેવામાં આવે છે. નિયમિત વિચાર પોષણ ન મળવાથી અને મિશનના ઉદ્દેશ્ય હૃદયમાં ન ઉતરવાથી આવા લોકો રોજબરોજ ફૂટફાટ ફેલાવતા વિઘટનકારી ગતિવિધિઓનો પરિચય કરતા દેખાય છે. આમ તો બળ સજ્જનોનું છે, પણ આટલા પવિત્ર અને આટલી મોટી જવાબદારી નિભાવનારા મિશનમાં થોડી માત્રામાં પણ અવાંછનીય તત્વોની ઘુસપેઠ ઓછી ચિંતાજનક નથી. અમારી આકાંક્ષા છે કે જેમના દૃષ્ટિકોણ સ્પષ્ટ છે, જે યુગ નિર્માણ મિશનનું સ્વરૂપ બરોબર રીતે સમજે છે અને સાચી દિશામાં કંઈક આગળ વધવા સહમત છે. તેમને સાથે લઈને ચાલવામાં આવે, ભલે તેમની સંખ્યા થોડી જ કેમ ન હોય ? સંખ્યાને મહત્વ ન આપતા આપણે સ્તરની *જ ગરિમા સ્વીકારવી પડશે. આપણા સૌનું કર્તવ્ય છે કે* આપણે બધા સંગઠન સુદૃઢ બનાવવામાં લાગી જઈએ. તો પૂજ્ય ગુરુદેવના કાર્યો કરવામાં સફળ થઈ શકીશું.

યુગ સમસ્યાઓનું ચિરસ્થાયી સમાધાન વિચારક્રાંતિ વિના બીજા કોઈ ઉપાયથી સંભવીત નથી. નૈતિક, બૌધ્ધિક તથા સામાજિક સુધાર આ આધારે સંભવી શકે છે. યુગ નિર્માણ પરિવારના પ્રત્યેક સદસ્યે એને પોતાના નૈતિક કર્તવ્ય, પુણ્ય પરમાર્થ માની ચાલવું જોઈએ. જનમાનસમાં આદર્શવાદી માન્યતાઓની પ્રતિષ્ઠાપના માટે મન લગાવી પ્રયત્ન કરવો જોઈએ. જ્ઞાનયજ્ઞ જ વિશ્વ કલ્યાણનું સર્વ શ્રેષ્ઠ ધર્માનુષ્ઠાન છે. વિચારક્રાંતિ જ પ્રસ્તુત સમસ્યાઓ ઉકેલવાનો એક માત્ર ઉપાય છે. આપણે પોતાની પૂરેપૂરી દૃષ્ટિ તથા ચેષ્ટા આ કેન્દ્ર પર નિયોજિત કરવી જોઈએ. આ ઉદ્દેશ્યની પૂર્તિ માટે યુગ ચેતના સાહિત્યના પુસ્તકો ૧૦૦ પ્રકાશિત થઈ ચૂકયા છે. બધા યુગ નિર્માણ પરિવારના પરિજન પોતાના માસિક અંશદાનથી તથા ઉદારદાની આત્માઓના સહયોગથી વધુમાં વધુ સંખ્યામાં મંગાવી જન-જન સુધી પૂજ્ય ગુરુદેવના વિચારોના રૂપમાં પહોંચાડવાનો પ્રયાસ કરે. નિયમિત રૂપથી દર મહિને સાહિત્ય મંગાવી વિતરણ કરી શકો છો. એવા પ્રાણવાન પરિજનોની આવશ્યકતા છે, જે યુગ ચેતના સાહિત્ય નિયમિત મંગાવવાનો સંકલ્પ કરે.

**–લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**વિદ્યાનગર**–ત્રિપદા ગાયત્રી જ્ઞાનમંદિરની શ્રધ્ધાવાન બહેનોએ "યુગ શક્તિ ગાયત્રી" વિભૂતિ વિશેષાંકની ૨૫૦૦૦ પ્રતિ વિતરણ કરાવવા માટે અનુદાન રકમ મોકલી પ્રશંસનીય કાર્ય કર્યું છે. તેમને પોતાના આવા સંકલ્પોમાં સફળતા મળી રહે એવી હાર્દિક શુભ કામનાઓ.

**સુરત**–ગાયત્રી શક્તિપીઠ બાલાજી શક્તિપીઠ દ્વારા નવીન પ્રકાશિત યુગ ચેતના સાહિત્યની ૧ થી ૮૦ સુધીની એક લાખ પુસ્તિકાઓ મંગાવી મહાપૂર્ણાહુતિના વિશેષ સમયે જ્ઞાનયજ્ઞ કરેલ છે. આવા શુભ પ્રયત્નો માટે અભિનંદન.

**આદિત્યાણા**–મિશનનાં સપ્તસૂત્રી કાર્યક્રમોને સફળ બનાવવા ઉપરાંત આ શાખાના કર્મઠ પરિજનો ષોડશ સંસ્કાર તેમજ સામાજીક પ્રવૃત્તિ કરી પોતાના ક્ષેત્રમાં મિશનનો વ્યાપક પ્રચાર કરી રહેલ છે. નિષ્ઠાપૂર્વકના પરિજનોના પ્રયાસથી અન્ય શાખાઓ પણ વધુ સક્રિય બનેલ છે.

**કલોલ**–પાછલા મહિનામાં સ્થાનિક શાખા તેમજ લાંધણજ ગાયત્રી પરિવારના શ્રધ્ધાપૂર્વક સહયોગથી કુદરતી ઉપચાર કેમ્પનું આયોજન સફળ થયું છે. આ કેમ્પ દ્વારા અસંખ્ય દર્દીઓને લાભ મળ્યો આ નિદાન કેમ્પને સફળ બનાવવા અનુદાન રૂપે સહાયતા શ્રી બળદેવભાઈ અને પુરુષોત્તમભાઈએ કરી.

**સુરત**–યુગ સાહિત્ય પ્રચારકેંદ્ર વરાછા રોડ દ્વારા સામૂહિક આદર્શ લગ્ન સંસ્કારનો તૃતીય કાર્યક્રમ ડીસેમ્બરમાં થઈ રહેલ છે. સાહિત્યના વ્યાપક પ્રચાર-પ્રસાર સાથે સામાજીક પ્રવૃત્તિના આવા પ્રયત્નથી ક્ષેત્રનાં લોકો આનંદ વિભોર બની રહેલ છે.

**ખેડબ્રહ્મા**–ગાયત્રી મહિલા પરિવાર શાખા ખેડબ્રહ્મા દ્વારા પાંચ ટુકડીઓ અનેક સ્થાનોએ યજ્ઞ, સંસ્કાર તેમજ સામાજિક સેવા કરી રહેલ છે. બહેનો દ્વારા યોજનાપૂર્વકના પ્રયત્નોથી શક્તિપીઠ જીવંત દેવમંદિર બની રહેલ છે. શાખાની નિષ્ઠાવાન બહેનોનાં પ્રયત્નને અભિનંદન.

**અમદાવાદ**–ગાયત્રી પરિવાર અમદાવાદ અંતર્ગત એક ઐતિહાસિક અભૂતપૂર્વ મેડિકલ કેમ્પ ગાયત્રી પરિવાર, જાયન્ટ ગ્રુપ ઓફ અમદાવાદ તથા હૈગડે જન્મ શતાબ્દી આમ ત્રણ સંસ્થાઓ દ્વારા હિપેટાઈસીસ બી (ઝેરી કમળો) રસીકરણ શીબીરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ રસીકરણના ત્રણ ડોઝ લેવાના હોય છે. જે પૈકી પ્રથમ ડોઝ તા.૬-૮-૨૦૦૦ અને બીજો ડોઝ તા.૧૦-૯-૨૦૦૦ ના દિવસે આપવામાં આવેલ છે. ૧ થી ૧૮ વર્ષ સુધીની રસીની કિંમત ૩૦૦ રૂપિયા છે. તેની સામે ફક્ત ટોકન ચાર્જ તરીકે માત્ર ૪૦ રૂપિયા અને ૧૯ વર્ષથી ઉપરના માટે નો ચાર્જ બજારમાં ૫૦૦ રૂપિયા છે તેની સામે ફક્ત ૮૦ રૂપિયા રાખેલ હતો. આ પ્રોગ્રામ માં ગવર્નમેન્ટ તથા અમદાવાદ મ્યુ. કોર્પોરેશન તરફથી ૬૦૦ માણસનાં મેડીકલ અને પૈરા મેડીકલ સ્ટાફની સેવા મળેલ છે. આ પ્રોગ્રામની સફળતાના સોપાન તરીકે ૧,૧૩,૦૦૦ ડોઝ આપવામાં આવેલ છે. જે વલ્ડ રેકોર્ડ તરીકે બહાર આવેલ છે. અને ગાયત્રી પરિવાર ગ્રીનીશ બુકમાં નામ નોંધાવનાર છે. આ પોગ્રામના ચેરમેન શ્રી ડો. ભીખુભાઈ પટેલ જાયન્ટ ગ્રુપ પ્રમુખ શ્રી બળદેવભાઈ પટેલ. હેગડે સમીતી તરફથી ડો. બળદેવભાઈ પટેલ અને કનવીનર પ્રોજેક્ટ સેક્રેટરી પ્રવિણભાઈ નાયક સતત ચોવીસ કલાક ખડે પગે હાજર રહી પૂરા ખંત થી સેવા બજાવી.

**પાવી જેતપુર**–તા. ૩-૯-૨૦૦૦ ના રોજ પાવી જેતપુર સરકારી દવાખાનામાં નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ નિદાન કેમ્પ-ડાયાબીટીશ ચિકિત્સા કેમ્પ અને રાષ્ટ્રીય કાર્યક્રમ રૂપે રક્તદાન શિબિરનું આ આઠમાં કેમ્પનું ભવ્ય આયોજન કર્યું. આ કેમ્પમાં ૬૦૦ ઉપરાંત ૩૦ ગામોના દર્દીઓએ ભાગ લીધો હતો. રક્તદાન કેમ્પમાં ૭૪ વ્યક્તિઓએ રક્તદાન કર્યું હતું.

**ડીસા**–આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર તાજેતરમાં યુવા ક્રાંતી દળના યુવાનો તથા ગાયત્રી પરિવારના કાર્યકરો દ્વારા અકસ્માત નિવારણ ઝૂંબેશના ભાગરૂપે વાહનોની હેડલાઈટ પર પીળા પટ્ટા લગાવવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં લગભગ પાંચસોથી સાતસો જેટલી ગાડીઓની હેડલાઈટ પર પીળા રંગના પટ્ટા લગાવ્યા હતા. આ કાર્યક્રમમાં આર.ટી.ઓ. શ્રી ઝવેરી તથા શ્રી તીલાવત તેમજ રખેવાળના મેનેજીંગ તંત્રી શ્રી વિક્રમભાઈ શેઠ ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા યુવા ક્રાંતી દળના સભ્યો સર્વશ્રી વિજય સોની, પ્રતિક અગ્રવાલ, ક્રાંતિ માળી, ચીરાગ શાહ, હિતેશ પુરોહિત, નવીન ખત્રી, મેહુલ નાયક, ભાવેશ નાયક, સચીન ગંગવાલ, રાહુલ ચોકસી, કેયુર ભટ્ટ. તેમજ ગાયત્રી વ્યાયામ શાળાના પ્રવિણ પરમાર, કલ્પેશ પટેલ, હિતેશ જાદવ, વસંત પરમાર, ગોપાલ જોષીએ જહેમત ઉઠાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે યુવા ક્રાંતીદળ દ્વારા અવાર નવાર આવા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. ગાયત્રી શક્તિપીઠ, ડીસા ખાતે દર રવિવારે સાંજે ૮/૩૦ કલાકે ક્રાંતી દળની મીટિંગ થાય છે. તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યસનમુક્તિ કાર્યક્રમ, સમાજ સુધારણામાં યુવાનોની ભૂમિકા વિગેરે બાબતો અંગે વિચાર-વિમર્શ કરવામાં આવે છે.

**વલસાડ**–વલસાડ પારડી જન જાગૃતિ અભિયાન ઉપક્રમે ગાયત્રી પરિવાર વલસાડ અને વલસાડ નગર પાલિકાના સંયુક્ત સહયોગથી વલસાડ પારડી અને હનુમાન ભાગડા ગામને સ્વચ્છતા માટે દત્તક લઈ સ્વચ્છતા માટેનું અભિયાન શરૂ કરવામા આવ્યું છે જેને સારી એવી સફળતા મળી છે.

વલસાડ નગરપાલિકાએ પણ સહકાર આપી સ્પેશીયલ કચરાપેટી મુકી એક સાયકલવાળા સફાઈ કામદારન ઘરે ઘરે કચરો લેવા મોકલવાનું આયોજન કર્યું છે.

વલસાડ નગર પાલિકાના ચીફ ઓફિસર પ્રવીણભાઈ દેસાઈ રૂબરૂ ગામની મુલાકાત લઈ ધ્યાન આપી રહ્યા છે. અને જે જોઈએ તે સહકાર આપે. દરેક જગ્યાએ આ રીતનુ આયોજન થાય તે માટે ભાર મૂકયો હતો. નગર પાલિકા પોતની રીતે તમામ પ્રયત્નો કરે છે તેમાં લોકો તરફથી આવો સહકાર મળે તો જરૂર સ્વચ્છ અને સુંદર વતાવરણ બને.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.